
# કચ્છ ગુર્જરી

રૂા. ૧૦, અંક :૭૫૫, વર્ષ :૩૯

ફેબ્રુઆરી ૨૦૨૩




અંક સૌજન્યદાતાઃ માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા(માંડવી)

*With Best Compliments From*

# RAVILAL. N. DOSHI & FAMILY



ASHOK®
DELUXE





## Everything in Conduit Pipe, Pipe Fitting & Electrical Accessories

## Always insist on "ASHOK DELUXE"

**MAMTA PLASTIC WORKS**

313, Shri Hanuman Industrial Estate, G.D. Ambekar Road, Wadala (W), Mumbai - 400 031
Tel.: 24147347 / 2415 0952 • E-mail: sales@mamtaplastic.com • Web: www.mamtaplastic.com

**AMARDEEP AGENCY**

261, 263, Kavasji Hormashjee Street,
Dhobi Taloa, Mumbai - 400 002
Tel.: 2208 3331 • E-mail : doshiamar@yahoo.com



યા કુન્દેન્દુતુષાર હાર ધવલા યા શુભ્ર વસ્ત્રાવૃતા,
યા વીણા વર દંડ મંડિત કરા યા શ્વેત પદ્માસના ।
યા બ્રહ્માચ્યુત શંકર પ્રભૃતિભિર્દિવૈઃ સદા વન્દિતા,
સા માં પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષ જાડ્યાપહા ।।

# વસંત પંચમી

અંતમાં આરંભ અને આરંભમાં અંત
પાનખરના હૈયામાં ટહુકે વસંત.
સોળ વરસની વય, ક્યાંક કોયલનો લય,
કેસૂડાનો કોના પર ઊછળે પ્રણય?
ભલે લાગે છે રંક પર ભીતર શ્રીમંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.
આજે તો વનમાં કોના વિવાહ,
એક એક વૃક્ષમાં પ્રગટે દીવા.
આશીર્વાદ આપવા આવે છે સંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.

(ઈન્ટરનેટ પરથી)


## : ટ્રસ્ટી મંડળ :

ડૉ. મહેન્દ્ર બુદ્ધિચંદ શાહ– ૮૭૭૯૬ ૦૨૩૩૫
નરેન્દ્ર પ્રીતમલાલ શાહ – ૯૮૨૦૩ ૧૪૪૪૭
વિનોદચંદ્ર ભણસારી – ૯૮૨૦૦ ૧૨૯૩૯
મધુકર અમૃતલાલ શાહ – ૯૮૨૧૨ ૦૪૯૩૩
મહેન્દ્ર કાંતિલાલ શાહ – ૯૮૨૦૩ ૮૯૮૧૫
નરેન્દ્ર અનુપચંદ મહેતા – ૯૩૨૩૫ ૨૪૨૧૫
મહેન્દ્ર મણિલાલ મહેતા – ૯૩૨૨૫ ૧૨૬૯૦
નીતિન પ્રભુલાલ શાહ – ૯૯૨૦૪ ૩૦૩૮૩
પ્રફુલ કાંતિલાલ વોરા – ૯૮૨૧૭ ૬૩૩૩૮
અનિલ લાલચંદ શાહ – ૯૮૨૧૦ ૫૫૨૨૪


**કચ્છ ગુર્જરી – કચ્છી ગુર્જર જૈન સાંસ્કૃતિક સંગમ (ટ્રસ્ટ)નું પ્રેરક પ્રકાશન**


**વર્ષ : ૩૯ ❀ અંક : ૪૫૫ ❀ ફેબ્રુઆરી – ૨૦૨૩**

છુટક કિંમત : રૂા. ૧૦/–

**: સંપાદક બોર્ડ :**
ડૉ. મહેન્દ્ર બુદ્ધિચંદ શાહ * મધુકર શાહ
રાજેન્દ્ર શાહ * નિરંજના શાહ * આશા શાહ

**: વ્યવસ્થાપક બોર્ડ :**
નરેન્દ્ર પી. શાહ *મહેન્દ્ર કે. શાહ * નરેન્દ્ર અ. મહેતા
**મુખપૃષ્ઠ સજાવટ :** સતીષ શનિશ્ચરા, માંડવી


**'કચ્છ ગુર્જરી'માં પ્રસિદ્ધ થતાં લેખો તેમજ વાચકોના પ્રતિભાવ વગેરે જે તે લેખકના અંગત વિચારો છે. 'કચ્છ ગુર્જરી'ના કાર્યકરો તેની સાથે સહમત છે એમ માનવું નહિ. – સંપાદકો.**


**માલિકો :** કચ્છી ગુર્જર જૈન સાંસ્કૃતિક સંગમ (ટ્રસ્ટ) વતી, મુદ્રક અને પ્રકાશક ડૉ. મહેન્દ્ર બુદ્ધિચંદ શાહે આર્ટ હોમ, ૧૨ ઉમેશ શાંતારામ સાલુંકે માર્ગ, ગોડપદેવ, મુંબઈ–૩૩માં છાપી, બી–૬૧, શ્રેણિક નગર, અમૃતનગર, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૬થી પ્રસિદ્ધ કર્યું.



**'કચ્છ ગુર્જરી' કાર્યાલય :** ૪૩, જોશી વાડી, ભવાની શંકર રોડ અને ચિતલે પથ કોર્નર, દાદર (વે), મુંબઈ–૨૮. * **ઈમેઈલ :** kutchgurjari@gmail.com * મો. ૯૩૨૨૮૮૦૫૫૫

**કાર્યાલય રાબેતા મુજબ ચાલુ થઈ ગયું છે. * www.kutchgurjari.org**


**આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)**

## સંપાદકની કલમે...

શિયાળાની આલ્હાદક મોસમ વિદાય લઈ રહી છે અને વસંત ઋતુના આગમનની તૈયારી છે. વસંત ઋતુ એટલે રંગોનો તહેવાર. વૃક્ષ વનરાજી રંગબેરંગી ફૂલોથી છવાઈ જશે. કુદરતની આ ભેટનો આપણે શહેરી જીવનમાંથી થોડો અવકાશ લઈ આનંદ લેવાનો પ્રયત્ન જરૂર કરવો જોઈએ.

કચ્છ ગુર્જરીના આ અંકના સમાચાર વિભાગમાં ૧૦ કરતાં પણ વધારે પાનાઓમાં આપ ભારતના વિવિધ શહેરોની આપણી જ્ઞાતિ સંસ્થાઓની પ્રવૃત્તિના અહેવાલ વાંચી શકશો. જે દર્શાવે છે કે વધુ ને વધુ સંસ્થાઓ સક્રિય રીતે તેમની સંસ્થાઓના અહેવાલ અમને મોકલાવે છે, અને તેથી દેશ વિદેશના જ્ઞાતિ બંધુઓને એકબીજાથી નજીક લાવવાના અમારા પ્રયાસોને સફળતા મળી રહી છે.

ભારત તેમજ વિદેશની સર્વ કચ્છી ગુર્જર જૈન સંસ્થાઓને ફરી એક વાર વિનંતી, કે તેમની નાની કે મોટી, દરેક પ્રવૃત્તિઓનો અહેવાલ અમને નિયમિત રીતે મોકલાવે, જેથી બીજા શહેરોમાં વસતા આપણા જ્ઞાતિજનોને તેની જાણકારી મળતી રહે. સંસ્થાકીય અહેવાલો ઉપરાંત, આપના શહેરમાં થતાં જન્મ, વેવિશાળ, લગ્ન, દેહવિલય વગેરેની માહિતી પણ જરૂર મોકલાવો, જેનો સમાવેશ 'સંસાર ચક્ર' વિભાગમાં કરવામાં આવે છે.

આપ સૌના અવિરત મળતા સહકાર બદલ અમે ખુબ ખુબ આભારી છીએ.

**– મધુકર શાહ,**
**કચ્છ ગુર્જરી ટ્રસ્ટી મંડળ વતી.**

## સૌજન્ય દાતા યોજના

'કચ્છ ગુર્જરી'ના એક અંકના સૌજન્ય દાતા બની આપ અમને પ્રોત્સાહન આપી શકશો. આ યોજનામાં સૌજન્ય દાતાને એક રંગીન પાનું ફાળવવામાં આવે છે. તે ઉપરાંત અંકના મુખપૃષ્ઠ અને દરેક પાના પર તેમનું નામ લખવામાં આવે છે. આ યોજનાનો નકરો ફક્ત રૂ. ૧૫,૦૦૦/- રાખવામાં આવેલ છે. વધુ જાણકારી માટે ૯૮૨૧૨ ૦૪૯૩૩ પર સંપર્ક કરવો.

**આ અંકના સૌજન્ય દાતા માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)ના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

## જત લખવાનું કે... હાર્દિક આમંત્રણ

વાચકોના વિચારથી વાકેફ રહેવું એ દરેક પ્રગતિશીલ પત્રની ફરજ છે અને પત્રની ખામી-ખૂબીઓને નિર્ભય રીતે જણાવતા રહેવું એ વિકાસ-વાન્છુ દરેક વાચકનું લક્ષણ છે. પત્ર અને વાચકો આ અંગે એકબીજાના પૂરક બની રહે એ માટે 'જત લખવાનું કે...' વિભાગ સહુ કોઈ વાચકોને પોતાના મુક્ત વિચારો રજૂ કરવાનું હાર્દિક આમંત્રણ પાઠવે છે.

આપ આપના વિચારો ઈ-મેઈલ kutchgurjari@gmail.com દ્વારા પણ મોકલી શકો છો.

## ગ્રાહક મિત્રોને નમ્ર નિવેદન...

'કચ્છ ગુર્જરી' દર મહિનાની ૧૦મી તારીખે મુંબઈ જી.પી.ઓની સોર્ટિંગ ઓફીસેથી રવાના થાય છે. આ તારીખે સમગ્ર મુંબઈ અને ભારતમાં અંકો એકીસાથે રવાના થાય છે. પોસ્ટ ખાતાના લાયસન્સના નિયમ મુજબ એક દિવસ પણ આગળ પાછળ ચાલે નહીં. સોર્ટિંગ ઓફીસેથી પરાઓમાં અને બહારગામ રવાના થયા બાદ લોકલ પોસ્ટ ઓફીસમાં અંકો આવે છે અને ત્યાર પછી પોસ્ટમેનો પોતાની અનુકૂળતા તથા સમય મળે તેમ ડિલિવરી કરે છે. આ સંપૂર્ણ પ્રક્રિયામાં વહેલું-મોડું થતું હોય છે. પોસ્ટ ખાતા પાસે પૂરતો સ્ટાફ પણ નથી હોતો. આ બધા કારણોસર અંકો નિયમિત ન મળતા હોય તેવું બને છે, પણ થોડી ધીરજ અને સંયમ રાખવા અપીલ છે. આજના મોંઘવારીના સમયમાં ફક્ત પોસ્ટખાતું જ ૧ રૂપિયામાં અંક આખા દેશમાં પહોંચાડે છે. જ્યારે કુરિયર ૨૫થી ૩૦ રૂપિયા અંક દીઠ ચાર્જ કરે છે જે કોઈપણ હિસાબે શક્ય નથી. માટે સુજ્ઞ વાચકોને વિનંતી કે અંક વહેલો-મોડો મળે તો દરગુજર કરશો.

# સાચો માનવધર્મ

✍ મહેન્દ્ર પુનાતર

**કોઈપણ જાતના સ્વાર્થ વગર, દેખીતા લાભ વગર પરમાર્થના કાર્ય કરીએ તો તેનો આનંદ અનોખો છે.**

**પ્રે**મ, દયા અને કરુણા પર દુનિયાના તમામ ધર્મોએ ભાર મૂક્યો છે. જૈન ધર્મે તો આ સિદ્ધાંતોને અહિંસા સાથે લઈને તેને આગવી વિશિષ્ટતા બક્ષી અને તેને ધર્મનો આધાર બનાવ્યો છે. કોઈ પણ માણસમાં પ્રેમ, દયા અને કરુણાની ભાવના હોય તે હિંસક બની શકે નહીં.

માણસ કોઈ પણ જાતના સ્વાર્થ વગર, કોઈ પણ જાતના દેખીતા લાભ વગર જ્યારે પરમાર્થનું કામ કરે છે ત્યારે તેનો આનંદ અનોખો હોય છે. દાન અને સહાય એવી હોવી જોઈએ સામા માણસે હાથ લંબાવવો ન પડે. જેની પાસે પૈસા છે એ જ દાન કરી શકે એવું નથી. આપણી પાસે જે કાંઈ હોય એમાંથી થોડું જરૂરિયાતવાળા દુઃખી માણસને આપી શકીએ, ગરીબોના આંસુ લૂંછી શકીએ, અપંગ અસહાયને હાથ લાંબો કરી ટેકો આપી શકીએ.

અંધ માણસને હાથ પકડીને રસ્તો ઓળંગવા કે ટ્રેન કે બસમાં ચડવા મદદ કરી શકીએ. સ્મિત વેરીને સામા માણસને જીતી શકીએ, કોઈને હૂંફાળું આશ્વાસન આપી શકીએ. આ બધા નાના નાના દયા અને કરુણાનાં કાર્યો છે. તુલસીદાસજીએ જેમ કહ્યું છે તેમ.

*તુલસી જગમે આય કે, કર લીજે દો કામ,*
*દેને કો ટુકડા ભલા, લેને કો હર નામ.*

મનુષ્યદેહ મળ્યો છે તો કાંઈક એવું કરીએ જેનાથી બીજાના દિલને શાતા મળે. થોડું હોય તો થોડું પણ આપવાનો ભાવ રાખવો જોઈએ, બીજાનું ઝૂંટવી લેવાનો, પડાવી લેવાનો નહીં. કાંઈ લેવાનું મન થાય તો પ્રભુ પરમાત્માનું નામ લેવું. દયા, કરુણા અને માનવતા મોટો ધર્મ છે, દયા, કરુણા, પ્રેમ, સ્નેહ અને સંવેદના જીવનના સ્રોતો છે.

ગમે તેવો ખરાબ માણસ હોય પણ કાંઈકને કાંઈક તો સારું કામ કરતો હોય છે અને સારો માણસ પણ ક્યાંક તો ખરાબ અને ખોટું કરતો હોય છે, પરંતુ તેના સારાં કાર્યોમાં આ ક્ષતિ ઢંકાઈ જાય છે. કોઈ પણ માણસ સંપૂર્ણ નથી. સારા-નરસાનું મિશ્રણ છે. ખરાબ કે ખોટું કામ થાય ત્યારે દિલ ડંખે છે અને અફસોસ પણ થતો હોય છે અને સારું કામ થાય ત્યારે મનમાં આનંદ પણ થાય છે. પ્રેમ, દયા અને કરુણા હશે તો કોઈને દુઃખ આપી શકશો નહીં, પણ તેને સહાય કરવાનું મન થશે. કરુણા એટલે કોઈનું દુઃખ જોઈને દિલ દ્રવી ઊઠે. કરુણાનો ભાવ હોય તો તમે તેને મદદ કર્યા વગર રહી શકો નહીં. જ્યાં સુધી સામા માણસને શાતા વળે નહીં ત્યાં સુધી તમારા દિલને જંપ મળે નહીં. કરુણા એટલે બીજાનું દુઃખ અને દર્દ જોઈને ઓગળી જવું.

ધર્મ કહે છે રોગી, દુઃખી, દર્દી, પીડિત, ગરીબ તેમ જ ધનહાનિ અને માનહાનિનો ભોગ બનેલા અને ધર્મથી વિમુખ થયેલા તેમ જ આડે પાટે ચડી ગયેલા લોકો પ્રત્યે પણ દયા અને કરુણાનો ભાવ રાખવો અને તેમના દુઃખ અને પીડાને દૂર કરવાનો પ્રયાસ કરવો એનું નામ પણ કરુણા અને અનુકંપા છે.

આપણને એમ થાય કે આ માણસ તેનાં કર્મોના કારણે દુઃખ અને પીડા અનુભવી રહ્યો છે. તેણે સારું કર્યું નથી. તેથી તેણે ભોગવવાનું છે એમાં આપણે શું કરી શકીએ? આવો વિચાર કરીને હાથ ઊંચો કરીને ઊભા રહી જઈએ એ મહાવીરનો ધર્મ નથી. તે માણસ કેવો છે તે આપણે જોવાનું નથી, પણ આપણું કર્તવ્ય શું છે તેનો ખ્યાલ કરવાનો છે. આપણે તેના દુઃખને દૂર કરીને સાચા માર્ગે દોરવી શકીએ તો તેમ કરવું જોઈએ. આ પણ દયા અને કરુણા છે.

જેમના દિલમાં સાચો કરુણાનો ભાવ હશે તેઓ તર્ક લડાવશે નહીં કે કોઈ બહાના શોધશે નહીં. આપણે જે કાંઈ સારું કરીએ તે કોઈને બતાવવાનું નથી, કે આ અંગે બડાઈ મારવાની નથી. આપણું મન શું કહે છે તેનો ખ્યાલ કરવાનો છે. મોટે ભાગે કાંઈ થઈ શકતું નથી ત્યારે આવા બહાના મળી જાય છે.

મહાવીર કહે છે આપણા જેવો જ બીજાનો આત્મા છે. આપણને જે ગમે છે તે બીજાને પણ ગમે છે. દરેકને જીવ વહાલો છે. દરેક સુખ ઈચ્છે છે. દુઃખ કોઈને ગમતું નથી. એટલે બીજા પ્રત્યે પ્રેમ, દયા અને કરુણાનો ભાવ રાખવાનો છે. ભગવાન મહાવીરે પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ, દયા અને કરુણાનો ભાવ રાખવાનો બોધ આપ્યો છે.

શ્રી ચિત્રભાનુજીએ પોતાની પ્રખ્યાત રચના 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું'માં એક કડી કરુણા અંગે પણ કહી છે. દીન-ક્રૂર, ધર્મ વિહોણા દેખી દિલમાં દર્દ રહે : કરુણાભીની આંખોમાંથી અશ્રુનો સ્રોત વહે.' ગમે તેવો ક્રૂર માણસ હોય, ધર્મને અનુસરતો ન હોય, ખોટા કામ કરતો હોય તેવા માણસ માટે પણ કરુણાનો ભાવ રાખીને સન્માર્ગે વાળવો જોઈએ. આ કરુણાનો ભાવ તેને વાલિયામાંથી વાલ્મીકિ બનાવી શકે છે. પ્રેમ અને કરુણાના અનેક પ્રસંગો પ્રભુ મહાવીરના જીવનમાં બન્યા હતા. અબુધ ગોવાળિયાએ તેમના કાનમાં ખીલા ઠોક્યા ત્યારે પણ તેમણે તેના પ્રત્યે કરુણા દર્શાવી હતી અને ક્ષમા આપી હતી.

આપણે જરાક અમસ્તી કોઈની ઠોકર વાગી ગઈ હોય તો રજનું ગજ કરીએ છીએ. કોઈએ આપણને સહેજ ટપલી મારી હોય કે અપમાન કર્યું હોય તો વર્ષોનાં વર્ષો સુધી ભૂલતા નથી. ભગવાને આટલું દર્દ અને વેદના છતાં તેના પ્રત્યે અસીમ કરુણા દર્શાવી હતી. સ્વાર્થ, લોભ અને લાલચના કારણે માણસમાં પ્રેમ, દયા અને કરુણાનાં ઝરણાઓ સૂકાઈ ગયાં છે. દેખાવ વધુ છે. આચરણ ઓછું છે. ધર્મ મોટે ભાગે પોથીમાં રહી ગયો છે.

(સાભાર : મુંબઈ સમાચાર)

Goyam Bullion
I.COM. 4414
Goyam Bullion
Dealing in : Gold / Silver Bars, Coins
Solid Investment Invest In Gold
Chetan Shah
98207 78888
30,Ram Niwas,
Level 2, 148-150,
Mumbadevi Road,
Mumbai-400002
Ph.: +91-22-2241 2334 / 6796



## ફૂલ નહીં તો ફૂલની પાંખડી

જીવનમાં ઘણાંય પ્રસંગો જેવા કે જન્મ, વેવિશાળ, લગ્ન, વર્ષગાંઠ, દીક્ષા કોઈપણ ક્ષેત્રે પ્રગતિ, ઘરનું વાસ્તુપૂજન, નવું ધંધાકીય સાહસ તેમજ તપશ્ચર્યા આવે જાય છે. આવા શુભ પ્રસંગે 'કચ્છ ગુર્જરી'ને તમારી યાદીમાં સમાવીને શુભેચ્છા ભેટ મોકલીને સહાયરૂપ બનશો તો અમારા કાર્યને વેગ મળશે અને 'કચ્છ ગુર્જરી' તમારું ઋણી રહેશે.

– વ્યવસ્થાપકો.

HARDIK SUDHIR VORA : 98196 33377
(B.E- I.T, MBA- Finance)
• EQUITY TRADING
• MUTUAL FUNDS
• INSURANCE
Vora Capital
Your Ladder to success
• CORPORATE FIXED DEPOSITS
• ALTERNATIVE INVESTMENTS
• REAL ESTATE
D-723/724, Neelkanth Business Park, Vidhyavihar (W), Mumbai- 400 086
Email : hardikvr11@gmail.com
(June-23)

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

# શ્વાસોચ્છ્વાસ આધ્યાત્મિક સાધન છે !

✍ મુનીન્દ્ર

બંધ મુઠ્ઠી સાથે માણસ જન્મે એટલે કે એ સંઘર્ષને સાથે લઈને આ પૃથ્વી પર જન્મે છે અને એ જ બાળક અંતે વૃદ્ધત્વ પામીને જગતની વિદાય લે છે, ત્યારે એના હાથ ખુલ્લા હોય છે. બંધ હાથે પ્રાણ પામવો અને ખુલ્લા હાથે પ્રયાણ કરવું, એની વચ્ચે આવેલી માણસની જિંદગી કેવી હોય છે ?

એનું ચિત્ત એ સમજણો થાય છે ત્યારથી મંથન, મથામણ, મડાગાંઠ કે સંઘર્ષ અનુભવતું હોય છે. આનંદ કે વિષાદ, ઉત્સાહ કે નિરાશા એ સઘળું એ એના ચિત્તમાં અને એ રીતે જીવનમાં અનુભવતો રહે છે. આ બધું બને છે એના ચિત્તની પ્રયોગશાળામાં અને આપણી આ અધ્યાત્મની પ્રયોગશાળામાં. ચિત્તની જાગૃતિથી એમાં આવતા દ્વેષ, હિંસા, ક્રોધ જેવા ભાવોને કેવી રીતે હટાવી શકાય અને પછી સમતાથી કઈ રીતે એ ચિત્તમાં સાક્ષીત્વ પામી શકાય, એની વાત કરીએ.

અત્યાર સુધીની આપણી સઘળી વાત જાગૃત મનના સંદર્ભમાં થયેલી છે. માત્ર જાગૃત મનને સાવધ રાખીને સાક્ષીત્વભાવ કેળવવાથી વાત પૂરી થતી નથી. સાધનાનો હેતુ સિદ્ધ થતો નથી. ઘણી વ્યક્તિઓ ફરિયાદ કરે છે કે વર્તમાનમાં મન પર બરાબર ચોકી પહેરો રાખે છે, છતાં ક્યારેક ભૂતકાળની કોઈ ઘટના એકાએક ચિત્તમાં ખળભળાટ મચાવી જાય છે અને એનો કબજો લઈ લે છે. કોઈએ વર્ષો પહેલાં કરેલા અપમાનનું સ્મરણ થતાં ચિત્તમાં ગુસ્સો ઊછળી આવે છે. એ આખોય ભૂતકાળ વર્તમાન પર સવાર થઈ જાય છે.

પુરાણી વેદનાઓ ક્યાં ભુલાય છે? પણ એ વેદનાઓની સ્મૃતિ જ્યારે આપણા વર્તમાનમાં ઊપસી આવે છે. ત્યારે એ માત્ર કોઈ સ્મૃતિ રૂપે પ્રગટતી નથી, પરંતુ એનાં સંસ્કારો સાથે લઈને આવે છે અને એ સંસ્કારો ચિત્તને વ્યથિત કરે છે. કોઈ આત્મીયજન અકાળ મૃત્યુના પ્રસંગે બેસણામાં આવ્યું ન હોય કે પછી ઘેર ખરખરો કરવા આવ્યું ન હોય, તો ચિત્ત એને જોતાં જ ભૂતકાળની એ ઘટનાને મનમાં આણે છે. એ યાદ રાખીને એની સાથે વર્તન કરે છે. એ જ રીતે ભીતરમાં રહેલી ભવિષ્યની કામનાઓ પણ વર્તમાનમાં વ્યક્તિને વારંવાર કનડે છે. એના ચિત્તને અવરોધે છે અથવા સંકલ્પમાં ડુબાડી દે છે.

હકીકતમાં તો આપણું અવચેતન મન એ જ આપણા ચેતન મનને દોરતું હોય છે અને મજા એ છે કે આપણા અવચેતન મનમાં પળે પળે જુદા જુદા સંસ્કાર પડતા હોય છે. જુદી જુદી ઘટનાઓ એની છાપ મૂકી જતી હોય છે. કેટલીક તો આપણને ખબર ન પડે, તે રીતે આપણા અવચેતન મનમાં આસન જમાવી દે છે. અવચેતન મન એ આપણા જીવનનું નિર્ણાયક પરિબળ છે. એમાં પડેલા સંસ્કારો વર્તમાનમાં આપણા મનને દોરતા હોય છે. જેમ ફિલ્મના પડદા પર દ્રશ્યો દેખાતાં હોય છે, પરંતુ એ દ્રશ્ય ફિલ્મના પ્રોજેક્ટરમાં મૂકેલી કચકડાંની પટ્ટીમાંથી આવતા હોય છે, તેમ અવચેતન મનની પટ્ટીમાં વર્તમાનમાં દ્રશ્યો ભજવાતા હોય છે.

એ અવચેતન મનના આદેશ પ્રમાણે જ આપણું જાગ્રત મન કામ કરે છે અને એ પ્રમાણે જ આપણે વર્તન, આચરણ કે વિચાર કરીએ છીએ. ઘણીવાર આપણે આપણા મનને વર્તમાન ક્ષણની પરિસ્થિતિથી જાગ્રત રાખીએ છીએ, પણ માત્ર વર્તમાન પૂરતું જ આપણું સાક્ષીત્વ મર્યાદિત નથી. સાક્ષીભાવ કેળવવા માટે આપણા ચિત્તમાં પડેલી ભૂતકાળની સ્મૃતિઓ અને ભવિષ્યની આકાંક્ષાઓ બંને વિશે જાગૃતિ સેવવી જોઈએ. એટલે કે જીવનસાધક પોતાની અત્યારની પરિસ્થિતિઓ અંગે સજાગ હશે. વર્તમાનની બનતી ઘટનાઓ વિશે જાગૃત હશે. આસપાસના પ્રસંગોમાંથી જાગતા ભાવો પોતાના મનની જાગૃતિને પરાજિત ન કરે એ અંગે સતત નજર રાખતો હશે, પરંતુ તેને માટે આટલું પૂરતું નથી. એથીય વિશેષ કિલ્લેબંધીની જરૂર હોય છે. જેમાં એણે પોતાના અનકોન્સિશયસ માઈન્ડમાં પડેલી બાબતો મનમાં દુર્ભાવ જગાવે નહીં, તેનો ચોકી-પહેરો રાખવો પડે છે. કારણ કે ભૂતકાળની સ્મૃતિઓ અને ભવિષ્યની કલ્પનાના તરંગો મનમાં જગાડી જાય છે, વિકલ્પો સર્જે છે અને જો તક મળે તો વિચારોનું તોફાન જગાવે છે. આવા સમયે જીવનમાં સાક્ષીભાવ કેળવવા માટે સૌથી શ્રેષ્ઠ અવલંબન એ શ્વાસોચ્છ્વાસ છે. તમને આશ્ચર્ય થશે, પણ સાક્ષીભાવ કેળવવા કાજે સૌથી મોટું સાધન શ્વાસોચ્છ્વાસ છે. એનો અર્થ એ થયો કે માનવીને જેમ જીવવા માટે શ્વાસોચ્છ્વાસ આવશ્યક છે, એ જ રીતે જો એ આધ્યાત્મિક દુનિયામાં ઊંચા ડગ ભરે તો શ્વાસોચ્છ્વાસનું અવલંબન એને વિકલ્પોની માયાજાળમાંથી, ભૂતકાળના સંસ્કારોના પ્રભાવમાંથી અને ભવિષ્યની તૃષ્ણામાંથી મુક્ત કરી શકે છે.

એટલે કે શ્વાસોચ્છ્વાસ જેમ જીવનદાયી છે એમ જીવનમુક્તિનું એક પ્રબળ સાધન છે. સાક્ષીભાવમાં વર્તમાનમાં રહેવું એ મહત્ત્વનું છે અને શ્વાસોચ્છ્વાસ તમે વર્તમાનમાં લેતા હો છો. આ પ્રક્રિયા વખતે તમે કોઈ ભૂતકાળનો વિચાર કરતા નથી, પૂર્વેના રાગ-દ્વેષના સંદર્ભો ચિત્તમાં આવતા નથી. એ જ રીતે કોઈ ભય તમને સતાવતો નથી, કોઈ આકાંક્ષા તમને અકળાવતી નથી અને ભવિષ્યની અપેક્ષાઓ કે એષણાઓ એ ક્ષણે તમને સ્પર્શી શક્તી નથી. આથી વર્તમાનમાં રહેવા માટેનું પ્રબળ સાધન એ શ્વાસોચ્છ્વાસ છે અને એટલે જ તમારો સીધો સંબંધ વર્તમાનની ક્ષણ સાથે બંધાય છે. જે ક્ષણે તમે જીવો છો, તે ક્ષણને જ માત્ર અનુભવો છો. પૂર્વેના કે ભવિષ્યના સઘળાં સંકેતો તમારા ચિત્તને સ્પર્શી શક્તા નથી.

ઘણી વ્યક્તિઓ એવી ફરિયાદ કરતી હોય છે કે એમના ચિત્તને શાંતિ નથી. એ ચિત્ત વારંવાર ઊડીને એક જગાથી બીજી જગાએ જાય છે અને હજી ત્યાં પગ ઠેરવે, ત્યાં તો એ ઊડીને બીજી જગાએ દોડી જાય છે. ઘણી વ્યક્તિને ચિત્તમાં આવી દોડાદોડીને કારણે ઊંઘ આવતી નથી અથવા તો રાત્રે ઊંઘ ઊડી જાય, પછી એનું ચિત્ત એટલું બધું તીવ્રવેગે અહીં-તહીં દોડવા માંડે છે કે પછી એની ઊંઘ પૂરી થતી નથી અને પૂરતી ઊંઘના અભાવે એનો દિવસ પણ અકળામણમાં જાય છે. અથવા તો ઊંઘની ગોળીઓના આશરે રાત ગાળવી પડે છે. આજે તો હવે સુખની એક વ્યાખ્યા એવી કહેવાય છે કે જેને સારામાં સારી ઊંઘ આવે, તે સૌથી સુખી છે. સાક્ષીભાવથી જાગેલી સમતાને તમે શ્વાસોચ્છવાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને ચિત્તમાં સ્થિર કરી શકો છો.

હવે એનાથી એક ભૂમિકા આગળ જોઈએ. શ્વાસોચ્છ્વાસના આધાર પર રહીને આપણે આપણા ચિત્તને 'આજની ઘડી રળિયામણી'નો તો

અનુભવ કરાવી શકીએ છીએ, પરંતુ માત્ર શ્વાસોચ્છ્વાસ પર એકાગ્ર રહેવાથી કામ પૂરું થતું નથી. શ્વાસોચ્છ્વાસ પરની એકાગ્રતાને કારણે ચિત્તમાં એક પ્રકારની શાંતિનું વાતાવરણ જાગશે એ સાચું. સઘળું ધ્યાન શ્વાસોચ્છ્વાસની ગતિ પર કેન્દ્રિત થશે અને એ આપણી વર્તમાન ક્ષણે ભૂતકાળના સંસ્કારો કે ભવિષ્યની અપેક્ષાઓ આપણને પજવશે નહીં. પરંતુ માત્ર વર્તમાન ક્ષણને શ્વાસોચ્છ્વાસના માધ્યમે એકાગ્ર કરવાથી કામ પતશે નહીં, કારણ કે એની આ પરિસ્થિતિ એની સાક્ષીભાવનાની સાધનાને પૂર્ણ એ તરફ લઈ જતી નથી. એટલે કે જરા ગંભીરતાથી વિચારીએ તો શ્વાસોચ્છ્વાસ પર એકાગ્રતા રાખવાથી એક પ્રકારના તાલ કે લયમાં ચિત્ત ચાલવા લાગશે, પરંતુ ખરો સાક્ષીભાવ કેળવવા માટે તો આપણે એ ચિત્તમાં પડેલા ભૂતકાળના રાગ-દ્વેષને દૂર કરવાના છે. એટલે એવું ન થવું જોઈએ કે વર્તમાનની ક્ષણમાં જીવતા રહીએ અને પૂર્વેના રાગ-દ્વેષો અકબંધ રહે. અર્થાત્ સાક્ષીભાવની સાથોસાથ જાગૃતિપૂર્વક પોતાના ભીતરના ઊંડાણમાં ઊતરવાનું છે અને પછી દરિયાના પેટાળમાં કોઈ સંશોધક શોધ કરતો હોય, તે રીતે ભીતરમાં પડેલા રાગ અને દ્વેષને ખોળવાના છે અને એ મળી જાય પછી એને હટાવવાના છે.

આનો અર્થ એ કે આમ કરીને એ ભૂતકાળના સંસ્કારો અને ભવિષ્યની અપેક્ષાઓનો નાશ કરતો હોય છે અને જો ચિત્તમાંથી દ્વેષ, શંકા, દુઃખ, સુખ જેવી વૃત્તિઓને તમારા ભીતરની આધ્યાત્મિક પ્રયોગશાળામાં જઈને બરાબર પકડી લેશો તો તમે પરમ આનંદના શિખરની પાસે પહોંચી જશો અને એ સાધના તમને માત્ર વર્તમાન સમસ્યાઓથી જ મુક્તિ અપાવશે નહીં, બલ્કે ચિત્તમાં વર્ષોથી પડી રહેલા સંસ્કારો અને એમાં સતત સળવળતી રહેલી ભવિષ્યની ઈચ્છાઓ, એ બંને દૂર થશે. સાધનાની આ પગદંડીએ કોઈ માર્ગદર્શક સાધક-સાથીના સહારાની જરૂર પડે છે. કારણ કે એ સમયે સાધક-સાથી તમને ડગલે ને પગલે માર્ગદર્શન આપે છે. ક્યાંક ચિત્તને થોડી શાંતિ મળે અને એ ત્યાં જ અટકી જાય નહીં એની ખેવના રાખે છે. ક્યાંક જીવનમાં કોઈ ઉપદ્રવ આવતા સાધક મૂંઝાઈ જાય કે માર્ગભ્રષ્ટ થાય તેવી પરિસ્થિતિમાં સાધક-સાથી એનો સહારો બને છે.

અન્ય સાધના પદ્ધતિઓમાં ગુરુની સતત સહાય જોઈએ છે, જ્યારે સાક્ષીભાવની આ સાધનાપદ્ધતિમાં વ્યક્તિ એકલો આગળ વધે છે અને કવચિત્ જરૂર પડ્યે સાધક-સાથી પાસેથી માર્ગદર્શન મેળવે છે.

(સાભાર : ગુજરાત સમાચાર)

## આયુષ્ય કર્મ

**પ્રેષક : વિનોદચંદ્ર કાંતિલાલ મહેતા, બોરીવલી**

**આ**યુષ્ય કર્મ- બીજા બધા કર્મની જેમ કરણી તેવી ભરણી. એ ન્યાયે જો પૂર્વભવ જીવદયાનું દવ્ય ભાવોથી ઉત્તમ પ્રકારે પાલન કર્યું હોય તે કારણે એ જીવ ૧) દીર્ઘ સુખાકારી આયુષ્ય, ૨) રૂપવાન શરીર, ૩) નિરોગી કંચનવર્ણી કાયા, ૪) પ્રમાણોપેય (જાગૃત) ઈન્દ્રિય, ૫) દૈવી સુખ, ૬) તીર્થંકર ચક્રવર્તી જેવી પદવી, ૭) ધનવાન-બુદ્ધિમાન છતાં સંતોષી, ૮) આધ્યાત્મિક સુખ જેવા અનેકાનેક સુખોને (મેઘકુમારની જેમ) પ્રાપ્ત કરે. આવા મરણને પંડિત મરણ - સમાધિ મરણ કહે છે.

જીવની ખરાબ લેશ્યા હોય તો મૃત્યુ વખતે દયાજનક પરિસ્થિતિ હોય. નાશવંત વસ્તુમાં કે આરંભ સમારંભનો ત્યાગ કર્યા વિના પણ તેમાં રોકાયું હોય તો સમજવું કે, મૃત્યુ-મરણ બગડ્યું. તેની સાથે દુર્ગતિનું આમંત્રણ મળ્યું. આવા મરણને બાળમરણ કહે છે.

અંત સમયે જો જીવ ઘુંટણથી નીચે અને ઘુંટીથી ઉપરના ભાગમાંથી છૂટો પડે (મરે) તો એ જીવ ભવાંતરે નરકે જાય. ૨) કમરથી નીચે ઘુંટણથી ઉપરના ભાગમાંથી છૂટો પડે (મરે) તો તે જીવ તિર્યંચમાં જાય. ૩) નાભિથી ઉપર હૃદય સુધીના સ્થાનમાંથી છૂટો પડે (મરે) તો મનુષ્યગતિ મળે. અને ૪) જીવ મુખમાંથી (આંખ-જીભ) જાય તો દેવગતિનો અધિકારી બને. લક્ષણ ઉપરથી તેની ગતિ જાણી શકાય.

જીવ સંપૂર્ણ શરીરમાંથી (આત્મા વીજળીના કરંટ જેમ) જાય તો ૪ રાજલોકના છેડે મોક્ષમાં જાય. ટૂંકમાં આયુષ્યકર્મ જીવના આચાર - વિચાર, વર્તન ઉપર ચોકી રાખે છે. ક્ષણ ક્ષણનો હિસાબ રાખે છે. સુકૃત્ય કર્યું હોય તો જેલમાં જેમ ગુનેગારને બેડી પહેરાવવામાં આવે તેમ સજા કરે છે. આ પરંપરામાંથી જો બચવું હોય તો માત્ર કર્મબંધ ઓછા કરો.

ઉપા.શ્રી યશોવિજયજી મ. તપપદની પૂજામાં બંધન-કરણ સંક્રમણ, ઉર્દવર્તના, અચવર્તના, ઉદીરણા, ઉપશમના અને નિદ્યતિ એમ સાત કરણથી તપનું ઉત્તમ પ્રકારે આરાધના કરવામાં આવે તો કર્મ બદલી શકાય પરંતુ જો નિકાચિત કર્મ બાંધ્યો હોય તો તે સમતાપૂર્વક ભોગવવું એ જ કલ્યાણનો માર્ગ છે.

* આયુષ્ય કર્મનો શુભબંધ કેવી રીતે થાય?

૧) શુભ આચાર-પરિણતિ-અધ્ય વસાયથી. ૨) મન-વચન-કાયાને ગોપવી (ગુપ્ત) રાખવાથી. ૩) જીવદયા- અનુકંપા પાળવાથી શુભ આયુષ્ય બંધ થાય.

* આયુષ્ય કર્મનો ક્ષય કેવી રીતે થાય ?

૧) જે કર્મ બાંધ્યું હોય તે જ કર્મને સમતાથી ભોગવો. ૨) ભૂલેચૂકે નવું કર્મ બાંધતા સો વખત વિચાર કરજો. ૩) સમાધિ શાંતિમય જીવન જન્મ-મરણ ઘટાડે છે. ૪) સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરો તો સંસાર ઘટી જશે.

* અશુભ કર્મબંધ બાંધનારા !

૧) નરક ગતિ પામ્યા - તંદુલિયો મત્સ્ય અશુભ વિચારો કરી. ૨) કાળસૌરિક કસાઈ - દ્રવ્ય ભાવથી હિંસા કરી. ૩) વસુરાજા - ઉત્કૃષ્ટ અસત્ય બોલીને. ૪) બિંબસાર (શ્રેણિક)- હરણીની હિંસાની અનુમોદના કરી. ૫) કંડરિક મુનિ (રાજા) - રૌદ્ર પરિણામથી.

* નરક ગતિથી બચ્યા - પ્રાયશ્ચિતના કારણે :

- પ્રસન્નચંદ્ર લડાઈના અશુભ વિચારોનું પ્રાયશ્ચિત કરી.

- અરણિક મુનિ કેવળી થયા. - અરજુન માળી સંસાર તરી ગયા. - મૃગાવતીજી ગુરુના ઠપકાથી કેવળી થયા. - નૂતન મુનિ- ચંડ રૂદ્રાચાર્યના ઠપકાથી કેવળી થયા.

સંકલન : બંધન અને મુક્તિ બુકમાંથી.

સંપાદક - સાહિત્યો ઉપાસક પ્રવર્તક પૂ. મુનિરાજ હરિશચંદ્ર વિજયજી મ.સા.

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

# શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ

✍ ડૉ. મિહિર એમ. વોરા, ભુજ

**૨૧** ફેબ્રુઆરીના માતૃભાષા દિવસ છે અને આપણા ગુજરાતમાં જ ૧૦ અને ૧૨માં ગુજરાતી વિષયમાં પરિણામ નબળું આવે છે જે એક ચિંતાનો વિષય છે. આજના યુવાનો અને બાળકો મોબાઈલના યુગમાં પોતાની માતૃભાષાથી ભાન ભુલ્યા છે એટલે જ આવા દિવસો ઉજવવા પડે છે જે એક ચિંતાનો વિષય છે. માતૃભાષાની મહત્તા માટે જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંતભાઈ શાહે ખૂબ જ સાચું તેમજ મજાનું સ્લોગન આપ્યું છે, ‘માતાના ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે.’

માતૃભાષામાં બાળક જ્ઞાનને ઝડપથી ઝીલે છે. જાણીતા સાહિત્યકાર શ્રી હેમશેખર શાહ જણાવે છે કે જે ભાષામાં બાળક ઊછર્યું હોય તે જ ભાષામાં ગ્રહણશક્તિ, સમજશક્તિ અને વિચારશક્તિ ખીલે છે. મગજ એક કમ્પ્યુટર છે. આ કમ્પ્યુટરની સહુથી વધુ બંધ બેસે તેવી ભાષા માતૃભાષા છે.ઘરમાં બોલાતી ભાષા એ જ શિક્ષણનું શ્રેષ્ઠ માદ્યમ બની શકે. મનોવૈજ્ઞાનિકો, બાલ માનસશાસ્ત્રીઓ અને બાલરોગ ચિકિત્સકો પણ માને છે કે ઘર અને નિશાળની ભાષા જુદી પડે ત્યારે બાળક મૂંઝાય છે, મુરઝાય છે. લઘુતાગ્રંથિનો ભોગ બને છે. ક્યારેક તો ઘેરી માનસિક હતાશાનો ભોગ બને છે. તેનો બૌદ્ધિક વિકાસ પણ રૂંધાય છે. બાળક માના ખોળામાં જેટલું ખીલે એટલું આયાના ખોળામાં ન ખીલે, એ સીધી સરળ વાત આજે અચાનક અઘરી કેમ બની ગઈ હશે ! અંગ્રેજી ગેસ્ટ ભાષા છે. માતૃભાષા બેસ્ટ ભાષા છે. મહેમાનની ઊંચી સરભરા ભલે કરો પણ મમ્મી–પપ્પાને બહાર હાંકી કાઢીને મહેમાનને ઘરમાં સ્થાન ન જ અપાય.

મોરારિબાપુ કહે છે : અંગ્રેજી કામની ભાષા છે. તેથી તેની પાસેથી કામવાળીની જેમ કામ લેવાય, ગૃહિણીનું સ્થાન ન અપાય. જાપાન અને જર્મનીમાં સર્વેક્ષણો થયા છે. તેના તારણોમાં જણાયું છે કે, માતૃભાષાના માધ્યમમાં ભણનારની સ્ટ્રેસ કેપેસિટી વધારે હોય છે, જે તેને જિંદગીના બધા પડકારો ઝીલવા માટે સક્ષમ બનાવે છે. અંગ્રેજી ભાષાનો વધુ ને વધુ પ્રચાર કરવા માટે ચીનનું ઉદાહરણ આપવામાં આવે છે કે આજે ચીનમાં પણ લોકો અંગ્રેજી બોલતા શીખી રહ્યા છે. પણ ચીનમાં સમાન સ્કૂલ વ્યવસ્થા રચાઈ છે તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. ચીન જે સફળતાએ પહોંચ્યો છે તેના પરથી આજે એ પણ માને છે કે શિક્ષણ માતૃભાષામાં દેવું જોઈએ. ઈઝરાયલ કે જે આપણા દેશના દસમાં ભાગમાં પણ નથી આવતો તેવો આ દેશ વિજ્ઞાનના ક્ષેત્રમાં આપણાથી ઘણો આગળ છે. તેમજ આપણાથી દસ ગણા વધુ નોબેલ પુરસ્કારો પણ મેળવ્યા છે. તેનું કારણ માત્ર એ જ છે કે તે દેશના બાળકો માતૃભાષામાં શિક્ષણ મેળવે છે. તે જ રીતે રશિયા, ફ્રાંસ, ચીન, જર્મની દેશોમાં એમની જ માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે છે અને કોઈ પણ દેશ પ્રગતિમાં પાછા નથી રહ્યા. ચંદ્રકાંત બક્ષીએ એક જગ્યાએ લખ્યું છે કે, ‘જગતમાં કોઈ અક્કલવાળી પુજા બાળકને પહેલો કક્કો માતૃભાષા સિવાયનો શીખવતી નથી.’ વિચાર, સ્વપ્ન, લાગણી, રુદન અને ક્રોધ જેવા આવેગો જે ભાષામાં રજૂ થાય, તે શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ ગણાય.

શ્રી હેમશેખર શાહ જણાવે છે કે EFA Global Monitoring Report-2005., The Quality Imperative માટે સ્વીડનની સ્ટોકહોમ યુનિવર્સિટીના ડો. કેરોલ બેન્સને પોતે હાથ ધરેલા એક વિસ્તૃત અનુવાદનો અહેવાલ રજૂ કર્યો હતો. તેમના અભ્યાસનો વિષય હતો, 'The importance of mother tongue-based schooling for educational quality'. તેમણે વિશ્વના વિવિધ ભાગોમાં ૧૯૭૦થી માંડીને થયેલા અનેક સર્વેક્ષણો અને અભ્યાસોને, સંદર્ભોને પોતાના શોધલેખમાં ટાંક્યા છે. આ શોધલેખમાં રજૂ થયેલી વિગતો અને તારણો ખૂબ રસપ્રદ છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ એ માત્ર શક્ય કે સફળ જ નથી. પરંતુ અંગ્રેજી માધ્યમના ભણતર કરતાં તેનાથી ખૂબ સારા પરિણામો દેખાયા છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની બીજી ભાષા અંગ્રેજી પણ ખૂબ સારી હોય છે. માતૃભાષાના સહારાથી તેમને તે બીજી ભાષામાં પણ ખૂબ સારી ફાવટ આવી જાય છે. બંને ભાષામાં તે વિદ્યાર્થી પાવરધો બને છે. વિદ્યાર્થી માતૃભાષામાં વર્ગની દરેક પ્રવૃત્તિમાં ખૂબ ઉત્સાહથી ભાગ લે છે. અભિવ્યક્તિ ખૂલે છે અને પ્રતિભા બહાર આવે છે. માતૃભાષાને કારણે બાળકો વિશેષ પ્રોત્સાહિત થાય છે. પોતાના જ્ઞાન અને અનુભવને નિઃસંકોચ રજૂ કરવાની બાળકને તક મળે છે. દરેક પ્રજાને પોતાની ભાષા અને સંસ્કૃતિ માટે સ્વાભાવિક લગાવ અને લાગણી હોય છે. માતૃભાષાના માધ્યમને કારણે શાળાના વર્ગમાં સાંસ્કૃતિક મૂલ્યોને સ્થાન મળવાથી બાળકના વાલીઓ ખૂબ સંતોષ પામે છે. માતૃભાષામાં શિક્ષણ આપવાને કારણે વાલીઓ શાળાની વિવિધ બાબતોમાં વિશેષ રસ લેતા થાય છે. પોતાની ભાષામાં વાત કરવાની છુટ મળવાથી વાલીઓ શાળાના શિક્ષકો સાથે વિશેષ સંપર્કમાં આવે છે. વાલીઓના શિક્ષકો અને શાળા સાથે બંધાતો નાતો બાળકોના લાભ માટે થાય છે. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવાથી ભણવામાં બાળાઓને રસ અને ઉત્સાહ ખૂબ વધે છે. અધવચ્ચે અભ્યાસ છોડી દેવાની ટકાવારીમાં ખૂબ ઘટાડો નોંધાયો છે. વર્ગમાં પ્રશ્નો પૂછવાની અને જવાબ આપવાની હિંમત બાળકમાં ખૂલે છે.

શ્રી પટ્ટનાયકના સર્વેક્ષણનો સંદર્ભ ટાંકીને ડૉ. કેરોલ બેન્સને ભારતની પણ વાત કરી છે. ભારતમાં ત્રણ ભાષા ભણાવવામાં આવે છે. પ્રાદેશિક ભાષા, રાષ્ટ્રભાષા–હિન્દી અને આંતરરાષ્ટ્રીય ભાષા–અંગ્રેજી. જે વિદ્યાર્થીની પ્રાદેશિક ભાષા માતૃભાષા નથી તેવા વિદ્યાર્થીઓ ખૂબ તકલીફ અનુભવે છે. આપણા દેશની વિવિધ ક્ષેત્રની ઉચ્ચ પ્રતિભા સંપન્ન વ્યક્તિઓની જીવનકથા વાંચો. મોટેભાગે તે બધાએ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ લીધું છે. ‘ગીતાંજલિ’ કાવ્યસંગ્રહ માટે નોબલ પ્રાઈઝ પ્રાપ્ત કરનાર રવીન્દ્રનાથ ટાગોર અને

અર્થશાસ્ત્ર માટે નોબલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર અમર્ત્યસેન માતૃભાષા બંગાળીમાં ભણ્યા હતા. અંગ્રેજી ભાષા સાથે જોડાવાથી પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણમાં ખૂબ વૃદ્ધિ થઈ શકે છે અને તેની સાથે જ આપણી મહાન સંસ્કૃતિ ક્ષતિ પામે છે. વિજ્ઞાનક્ષેત્રે નોબલ પુરસ્કાર જીતનાર સી. વી. રામને પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં લીધું હતું. વિખ્યાત અણુવિજ્ઞાની અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ પોતાની માતૃભાષામાં ભણ્યા હતા. પદ્મશ્રી, પદ્મભૂષણ મહારાષ્ટ્ર ભૂષણ વગેરે અનેક ખિતાબી, એવોર્ડ્સ અને ઈનામો પ્રાપ્ત કરનાર સાયન્સ અને એન્જિનિયરીંગના વિષયમાં ૨૫ જેટલી યુનિવર્સિટીઓમાંથી જેમણે ડોક્ટરેટ કરેલું છે.

જાણીતા સાહિત્યકાર વિનોબા ભાવે જણાવે છે કે શિક્ષણની બાબતમાં એક પ્રશ્ન ભારતમાં ભારે વિચિત્ર પુછાય છે. મને લાગે છે કે આવો પ્રશ્ન દુનિયા આખીમાં બીજે ક્યાંય નહીં પુછાતો હોય. આપણે ત્યાં હજીયે પુછાય છે કે શિક્ષણનું માધ્યમ શું હોય ? શિક્ષણ માતૃભાષા દ્વારા અપાય કે અંગ્રેજી માધ્યમ દ્વારા ? આ સવાલ જ વિચિત્ર લાગે છે ! આમાં વળી પૂછવાનું શું છે? આમાં બે મત હોય જ શી રીતે. ગધેડાના બચ્ચાને પૂછવામાં આવે કે તને ગધેડાની ભાષામાં જ્ઞાન આપવું જોઈએ કે સિંહની ભાષામાં, તો એ શું કહેશે ? એ કહેશે કે સિંહની ભાષા ગમે તેટલી સારી હોય, મને તો ગધેડાની ભાષા જ સમજાશે, સિંહની નહીં. એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા જ છે અને તેના દ્વારા જ શિક્ષણ અપાય. આમાં શંકાને કોઈ સ્થાન નથી.

દુનિયામાં એવો બીજો કોઈ દેશ નથી કે જ્યાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા નહી અને બીજી કોઈ ભાષા હોય ! જરા ફ્રાન્સમાં કે જર્મનીમાં કે રશિયામાં જઈને કહો તો ખરા કે તમને તમારી માતૃભાષા દ્વારા નહીં, અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ અપાશે. તમને સાવ મૂર્ખ ગણીને તમારી વાતને હસી કાઢશે ! ટૂંકમાં, સમજવું જોઈએ કે અંગ્રેજીનું સ્થાન ભલે દુનિયામાં મોટુ હોય, પરંતુ દુનિયા અંગ્રેજી કરતાયે ઘણી મોટી છે. માટે આપણે શિક્ષણમાં અંગ્રેજીના ઉચિત સ્થાન વિશે સ્વસ્થતાથી વિવેકપૂર્વક વિચાર કરવો જોઈએ અંગ્રેજીને વધુ પડતું મહત્વ આપી દઈને શિક્ષણના આપણા સમગ્ર આયોજનમાં ખલેલ પડવા દેવી જોઈએ નહી. અંગ્રેજીને સ્થાન હોય પણ તે પ્રમાણસરનું જ.

(સંદર્ભ : ૧. 'વિસરાતી જતી ગુજરાતી ભાષા, અંગ્રેજી શિક્ષણની મર્યાદાઓ અને આડઅસરો. પુસ્તક : હેમશેખર શાહ.

૨. શિક્ષણ-વિચાર પુસ્તક.- વિનોબા ભાવે.)

# જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ

✍ લઘુ ગોવિંદ, કલ્યાણ

**આજે** માનવી ભૌતિકતાના વગડામાં રમતો રહે છે. તેમાંય આજના માનવીએ દેશની ગુણગ્રાહી દૃષ્ટિ ગુમાવી દીધી છે. એને કાગડા સમવિષ્ટા સાથે જ પ્રેમ છે. એટલે એ દોષગ્રાહી દૃષ્ટિમાં જ રચ્યોપચ્યો રહે છે.

સૂર્યની તેજસ્વીતામાં એનું મન રમતું નથી પણ એની ગરમી જુએ છે. ને સૂર્યને નીંદે છે. સૂર્યના તાપથી જ સાગરનું પાણી વાદળામાં ફેરવાય છે ને વર્ષા થાય છે એટલે જ જીવન છે. પણ દોષગ્રાહી માનવને એ ક્યાં સમજાય છે. એ તો સૂર્યની ગરમીથી અકળાય છે ને રવિરાજની નિંદા-ટીકા કરે છે.

ચંદ્રનો સૌમ્ય પ્રકાશ રાતને અજવાળે છે. શીતળતા બક્ષે છે પણ માનવની દૃષ્ટિ એના ઉપર પડતી નથી. એને તો શશીનો ડાઘ જ દેખાય છે. ને એ શશીની ટીકાના રવાડે ચઢી જાય છે.

સાગર તો ધીર-ગંભીર ગણાય છે. પણ માનવીને એ ગાંભીર્યનું મૂલ્ય આંકતાં આવડતું નથી એટલે જ તો એ સાગરનું પાણી ખારું જ હોય કહીને એને વખોડે છે. કારણ માનવ ઉપર-ઉપર જ છબછબિયા કરે છે ને! જો કોઈ મરજીવો સાગરના ઉંડાણમાં ઉતરે તો એને રત્નોનો ખજાનો મળી જાય ત્યારે જ ખારા પાણીવાળા સાગરનું માહાત્મ્ય સમજાય.

મેરૂ પર્વતની સ્થિરતા તો ધર્મના પાનાઓ ઉપર ચડી ગઈ છે. પણ મૂઢ માનવી તો એની કઠોરતા જ જુએ ને એના ઉપર ટીકાની વર્ષા વર્ષાવે છે.

આજના માનવીની વૃત્તિ કેવી વિચિત્ર છે. ઘઉંના ઢગલાને દેખી એના થકી જ આપણું પેટ ભરાય છે એ ઉપકારને જોતો નથી. પણ ઘઉંમાં અલ્પ પ્રમાણમાં રહેલા કાંકરા શોધે છે ને કાંકરા થકી ઘઉંને વખોડે છે ત્યારે સમજાય છે કે આજનો માનવી કેટલો નીચે ઉતરી ગયો છે.

પરંતુ ભૌતિકતાને છોડી જે જીવ આત્મલક્ષી બને છે તે જીવો જ હંસવૃત્તિ કેળવે છે. ગુણગ્રાહી બને છે. એમને સૂર્યના અણમોલ ગુણો દેખાય છે ને રવિરાજને વંદે છે. ચંદ્રની સૌમ્યતા જોઈને એ ખુશ થાય છે. સાગરનું ગાંભીર્ય એના મનમાં અહોભાવ જગાવે છે ને રત્નોથી ભરપૂર સાગરને રત્નાકર કહીને એના ગુણગાન ગાય છે. મેરૂની દઢતા જોઈને એ વિચારે છે માનવી પણ આત્મભાવમાં ને ધર્મની આવી દઢતા કેળવવી જોઈએ. તો જ આત્માનું કલ્યાણ થાય.

ભૌતિકતામાં રમતા માનવીને સદાય દોષો દૃષ્ટિ ઉપર ચડે છે. જયારે આત્મલક્ષી માનવીને હંમેશાં ગુણોના જ દર્શન થાય છે. આ જ તો હંસદૃષ્ટિ ને કાકદૃષ્ટિમાં ફેર છે. યુધિષ્ઠિરને ગામમાં કોઈ માણસ ખરાબ ન દેખાયો ને દુર્યોધનને એ જ ગામમાં કોઈ સારો માણસ ન મળ્યો.

'જેવી જેની દૃષ્ટિ, એવી એની સૃષ્ટિ.'

સૌજન્ય : શ્રી કિશોર વિજપાર મહેતા

નમ્રતા, ૪ ગોકુલ નિવાસ, રાનડે રોડ, દાદર, મુંબઈ-૪૦૦ ૦૨૮.
ફોન : ૨૪૨૨ ૧૨૩૧

# આટલા બધા માણસનાં વિશેષણો !

✍ ભગીરથ બ્રહ્મભટ્ટ

ગુજરાતી ભાષાની સમૃદ્ધિનો પરિચય આ એક જ દષ્ટાંતથી થવો જોઈએ. માણસ માટે કેટલાં બધાં વિશેષણો વપરાય છે!

અ – અક્કરમી, અવળચંડા, અક્કલમઠા, અદેખા, ઓસિયાળા, અટકચાળા, અકૂણા, આઘાપાસિયા, એકલપેટા, અધકચરા, અધીરા, આળસુ, આળા, ઓછાબોલા, ઈર્ષાળુ, ઉતાવળા.

ક- કજિયાખોર, કદરૂપા, કરમહીણા, કાળમુખા, કાવતરાબાજ, કામણગારા, કમજાત, કાબા, કુબડા.

ખ- ખટપટિયા, ખૂંધા, ખાઉધરા, ખટસવાદિયા, ખૂટલ, ખેલાડી, ખેલદિલ, કામગરા, ખુવાર.

ગ- ગરજુડા, ગપસપિયા, ગપ્પીદાસ, ગણતરીબાજ, ગરજુ, ગળેપડું, ગાંડા ઘેલા, ગંદા, ગોબરા, ગમાર, ગુણાગ્રહી, ગભરુ, ગુલાટમાર.

ઘ- ઘરરખા, ઘમંડી, ઘરઘૂસણ, ઘોંઘાટિયા, ઘૂસણખોર.

ચ- ચતુર, ચબરાક, ચસકેલ, ચોવટિયા, ચાંપલા, ચાગલા, ચંગી, ચીકણા, ચિંતાળુ, ચોખલિયા.

છ- છાકટા, છીછરા, છોકરમત્યા, છેલબટાઉ, છોભીલા

જ- જબરા, જોરાવર, જોશીલા.

ઝ- ઝીણા, ઝાઝેરા. ટ- ટાઢા.

ઠ- ઠરેલ, ઠાવકા, ઠંડા, ઠીંગુ

ડ- ડંફાસિયા, ડાકુ, ડરપોક, ડંખીલા, ડફોળ

ઢ- ઢ, ઢટ્ઠા, ત- તમોગુણી, તરંગી, તુક્કાબાજ, તુંડમિજાજી

દ- દયાળુ, દરિયા દિલ, દાતાર, દાણચોર, દુઃખિયા-દિલદાર, દોરંગા, દોઢડાહ્યા

ધ- ધંધાદારી, ધમાલિયા, ધોકાબાજ, ધૂર્ત, ધુતારા, ધર્મિષ્ઠ, ધૂળધોયા, ધૈર્યવાન.

ન- નવરા, નખોદિયા, નગુણા, નમાલા, નીડર, નિસ્વાર્થી, નિજાનંદી, નિષ્ઠુર, નકટા, નિર્મોહી.

પ- પરોપકારી, પરિશ્રમી, પરાધીન, પંચાતિયા, પ્રેમાળ, પાગલ, પહોંચેલા, પાંગળા, પુરુષાર્થી, પોચા, પોમલા, પ્યારા.

ફ- ફરેબ, ફાંકાળ, ફોસી, ફતનદિવાળ, ફાલતુ, ફાટેલ, ફુલણશી.

બ- બહાદુર, બળુકા, બગભગત, બટકબોલા, બચરવાળા, બેદરકાર, બિચારા, બોતડા, બાયલા, બીકણ, બોલકણા, બળવાખોર, બુદ્ધિશાળી.

ભ- ભડવીર, ભૂલકણા, ભલા, ભદ્ર, ભારાડી, ભાંગફોડિયા, ભૂંડા, ભોળા, ભમરાળા.

મ- મરણિયા, મસ્તીખોર, મફત, મનમોજી, મતલબી, મિંઢા, મીઠાબોલા, માંજરા, મારફાડ, માયાળુ, માખણમાર, મારકણા, મુર્ખા, મર્દ, મેશી.

ય- યતિ, યતી, યશાળુ, યાચક, યાંત્રિક, યુવાન, યોજક.

ર- રમુજી, રમતિયાળ, રસિક, રાજકારણી, રજવાડી, રિસાળ, રોતલ, રેઢિયાળ.

લ- લુચ્ચા, લફંગા, લોભિયા, લાલચુ, લાગવગિયા, લબાડ, લખેશરી, લંપટ.

વ- વંઠેલ, વેવલા, વિવેકી, વાતોડિયા, વિકરાળ, વાયડા.

સ- સુધરેલ, સમજદાર, સંસ્કારી, સંતોષી, સ્વાર્થી, સુખ.

શ- શંસયી, શંકાશીલ, શાણા, સાચા બોલા.

હ- હરામખોર, હડકાયા, હેતાળવા, હરખપદૂડા, હાજરજવાબી, હોશિયાર, હસમુખા, હરખઘેલા, હલકટ, હિંમતવાળા, હામી, હડતાલિયા, હકીમ, હટાણિયા (હટાણું ખરીદનારા) હરાયા, હવાઈ, હલકા, હરિભક્ત, હસતા, હસીન, હજુરિયા.

પ્રત્યેક પ્રાણીને પોતીકું એક જ લક્ષણ હોય, તેને તે વફાદાર જ હોય. જ્યારે માણસનો તેમાં અપવાદ છે. માણસ સારો પણ હોય અને નઠારો પણ હોય, મીઠો હોય ને કડવો પણ હોય. આ વિશેષણોનું લિસ્ટ જોતાં એમ લાગે છે કે માણસની વિશેષતાઓ કરતાં મર્યાદાઓની સંખ્યા ઘણી મોટી છે. એનો અર્થ એમ પણ થઈ શકે માણસે સદ્વ્યવહારોની તુલનામાં દુર્વ્યવહારો વધારે કર્યા હશે એટલે પ્રત્યેક કડવા અનુભવે તેને એક એક વિશેષણ મળતું ગયું હશે અને પરિણામે કટુ અનુભવોની યાદી ઘણી મોટી થઈ હશે એટલે આપણને માણસને લગતાં વિશેષણોમાં માણસની મર્યાદાઓ સૂચવતાં વિશેષણોની સંખ્યા ઘણી મોટી દેખાય છે.

પૃથ્વી ઉપર માનવજાતનું અવતરણ શુભાશયથી થયું છે. જીવાત્માને પોતાની નિષ્ઠાથી પરમાત્માને પામવાના છે – એ મુખ્ય હેતુ છે, એ મુખ્ય હેતુને વિસારે પાડી માનવ જીવાત્મા પોતાના અસ્તિત્વના લાલન પાલનમાં જ પોતાની વૃત્તિ-પ્રવૃત્તિઓને સંયોજી રહ્યો છે – એ માર્ગ ભૂલ્યો છે – એનું તો આ પરિણામ નહિ હોય? એને સદ્ પ્રવૃત્તિઓથી ગુણિયલ-વિશેષણોની યાદી લંબાવવાનો સમય પાકી ગયો છે – સાચી કેડી ઉપર પગલી પાડવાના ઉપક્રમોની આપણે પ્રતીક્ષા કરીએ.

(સાભારઃ ગુજરાત સમાચાર)

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

# ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે તો વસંતપંચમી હોઈ

✍ શ્રુતિ પિન્ટુ શાહ

'રંગબેરંગી ફૂલો એ બીજુ કંઈ નથી જાણે પગલા વસંતના.'

વસંતમાં ના તો હાડ ગાળનારી ઠંડી હોય, ના તો પરસેવે રેબઝેબ કરતી ગરમી હોય...

ત્યારે જ પ્રેમઋતુ ઉર્ફે વસંતઋતુને લગ્ન માટે આદર્શ ગણવામાં આવી હશેને !

વસંતઋતુ જાણે પ્રેમ માટેની આદર્શ ઋતુ.

'ભર વસંતે કોણ રાગી કોણ વૈરાગી હશે.'

'પ્રકૃતિએ પારખું કરવા જ શરમ ત્યાગી હશે!'

આમ તો છ ઋતુઓ – હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા ને શરદ – પણ પ્રકૃતિની સુંદરતા વસંતઋતુમાં સૌથી ચઢિયાતી હોય.

ફૂલ આચ્છાદિત પ્રકૃતિની સુંદરતાને માણવા રંગબેરંગી પતંગિયાના અને ભમરાઓના ઝુંડના ઝુંડ ઉતરી આવે.

વસંતઋતુનો મહિમા વર્ણવતા ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ ગીતામાં કહ્યું છે કે...

'માસનાં માગેશીર્ષોડહમૃત્નાં કુસુમાકર.'

'મહિનામાં હું માગશર માસ છું. ઋતુઓમાં હું વસંત છું અને વસંતમાં ફૂલોના ગુચ્છાનું સર્જન કરનાર પણ હું જ છું.'

આયુર્વેદ પણ વસંતની મહાનતા વર્ણવવામાં બાકાત નથી એ પણ કહે છે 'વસંતે બ્રાહ્મમ પથ્યમ' એટલે કે 'વસંત ઋતુમાં ભ્રમણ સર્વથા યોગ્ય છે'.. વસંતઋતુમાં વનમાં ભ્રમણ કરવું જોઈએ.

વસંતપંચમી એટલે દેવી સરસ્વતીની પૂજા–અર્ચનાનો દિવસ.

વસંતપંચમી એટલે જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી દેવીનો જન્મદિવસ.

વસંત ઋતુ એટલે પ્રેમની ઋતુ.

પશ્ચિમના રવાડે ચઢીને 'વેલેન્ટાઈન ડે'ને પ્રેમ દર્શાવવાનો દિવસ સમજી બેઠેલી આજની યુવાપેઢીને કોણ સમજાવે કે હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે પ્રેમ પ્રદર્શિત કરવાનો દિવસ 'વેલેન્ટાઈન ડે' નહિ પણ 'વસંતપંચમી' છે.

કુદરતે સર્જેલા હેમંતે ન માત્ર માનવોને, પણ પશુ–પક્ષીઓને ઠારી દીધા હોય અને પાનખરમાં વૃક્ષોને 'નાપર્ણા' કરી નાખ્યા હોય...

સમજોને વસંતના આગમને પર્ણ ફૂટીને નવો સંચાર થાય, વસંતાગમને ધરતીના અંગ અંગમાં સ્ફૂર્તિનો અદમ્ય સંચાર થાય.

બસ એમ જ જેમ લજામણીનો છોડ સ્પર્શ માત્રથી ખીલી ઉઠે છે...

બસ એમ જ વસંતના માદક સ્પર્શ માત્રથી વૃક્ષ અને વેલીઓ ખીલી ઉઠે છે....

વનરાજીઓ અવનવા ફૂલોથી મહેકી ઉઠે છે.... જાણે...

'સાંવરિયા ઘર આયે !'

ત્યારે તો કવિએ કલ્પના કરી હશેને કે...

– મલયાચીલોની પીંછી ને રંગો ફુલોના લઈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના?!

આમ્રઘટાઓ મંજરીથી મ્હોરી ઉઠે છે...

એની માદક સુગંધ કામણગારી કોયલને કોકિલના તનબદનમાં સ્પંદન ઉદ્ભવે...

અને પેલી કાળુડી કોયલડી પોતાનો સ્વર જેટલો ઘૂંટાય એટલો ઘૂંટી ઘૂંટીને વસંતના આગમનની આલબેલ પોકારે છે અને વસંતાગમનની જાણ આખાયે જગતને કરે.

– પેલો કૂકડો તો સવાર પડ્યાની જ ખબર આપે જ્યારે આ કાળુડી કોયલડી તો વસંત મ્હોર્યાની અને ઋતુ બદલાયાની જાણ આખી દુનિયાને કરે છે.

– અરે એ એવી તો બેશરમ છે કે પોતાના સંવનનકાળની જાણ આખાયે જગતને કરવામાં કોઈ શરમ નથી અનુભવતી !

– પ્રેમ કે પૂજારી હમ હૈ, રસ કે ભિખારી હમ હૈ પ્રેમ કે પૂજારી...

વસંત એટલે પીળા રંગને વરેલી ઋતુ... વસંતને કેસરી, નારંગી અને લાલ રંગનો જરાયે છોછ નહિ.

પુષ્પોનું પૂર્ણયૌવને ખીલવું એટલે વસંત...

વનવગડે ઉભેલા પેલા કેસૂડાને જ જુઓને...

વસંતનો એકમાત્ર પ્રતિનિધિ કેસુડો ત્યારે જ તો વસંતના પીળા, કેસરી, લાલ રંગના સંમિશ્રણ સાથેના ચિત્તાકર્ષક કુમળા અને નાનકડા અસંખ્ય પર્ણ ધારણ કરીને વનવગડે ઉભો હોય છે !

'આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના.'

અમારા જમાનામાં આજની જેમ પ્રેમના દેખાડા નહોતા.

'અમારા જમાનામાં પ્રેમ એટલે નિર્ભેળ, નિર્વ્યાજ નર્યો પ્રેમ જ હતો. આજના પ્રેમ અથવા સ્નેહ જેવો 'સનેડો સનેડો' નહિ !'

'અમારા જમાનાનો પ્રેમ એટલે અપેક્ષારહિત પ્રેમ.'

'અમારા જમાનાનો પ્રેમ એટલે માત્રને માત્ર પ્રેમ જ.'

'અમારા જમાનાનો પ્રેમ એટલે નિર્ભેળ ઓર્ગેનિક પ્રેમ.'

'અમારા જમાનાનો પ્રેમ એટલે શુદ્ધ અને ટકાઉ પ્રેમ.'

'અમારા જમાનાનો પ્રેમ એટલે Ever lasting પ્રેમ જ.'

અમારા જમાનાનો પ્રેમ એટલે માત્ર પડયું પાનું જ નહિ પણ પડ્યો બોલ સાચવવાનો સંબંધ. 'પ્રાણ જાયે પર વચન ના જાયે'... આજની જેમ 'તું નહિ ઔર સહી ઔર નહિ ઔર સહી' જેવું ક્યારેય નહિ...

પ્રેમ માટે ગમે તે હદે કુરબાની આપવાનો અમારો એ જમાનો, અમારા પાંગરેલા અને વિસ્તરેલા પ્રેમની વાત ક્યારેય ક્યાંય બહાર જાય નહિ અને એકબીજા પરના દોષારોપણ વગરનો પ્રેમ. એ સમયની પેલી કવિતાની પંક્તિઓ યાદ આવી ગઈ...

'તમે કરજો પ્રેમની વાતો અમે તો કરશું પ્રેમ.'

બસ એમ જ અમે તો ઢંઢેરો પિટાવ્યા વિના ગુપચુપ નિભાવતા પ્રેમ.

વસંતઋતુ એટલે ઋતુઓનો રાજા, ત્યારે જ તો કહેવાયું હશેને કે...

'રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો.'

'મુકામ તેણે વનમાં જમાવ્યો'

અચાનક જ મનમાં એક સવાલ ઉદ્ભવ્યો,

'વસંતને ક્યાંક કામદેવ સાથે સીધો સંબંધ તો નહિ હોય ને?!'

અને જવાબ મળ્યો કે...

'કામદેવના દીકરાનું નામ વસંત હતું !'

(લેખમાં કાવ્ય પંક્તિઓ કવિ શ્રી મનોજ ખંડેરીયાની છે)

## આપણે 'આપણા' જેવા બનીએ

વિચારુ છું વિચારોને કઈ દિશામાં વાળું,
કે જ્યાં પહોંચી હું પોતાને મળું,
સારા નરસા વિચારો રહે મનમાં,
જેના પ્રતિભાવનું પ્રતિબિંબ પડે જીવનમાં,
વિચારોની સકારાત્મકતા બને સફળતાની સીડી,
નકારાત્મકતા પાડે તેમાં તિરાડ ઝીણી,
થયું વિચારોને જ દોસ્ત બનાવી લઉં,
ખરાબને ખસેડી સારાને અપનાવું,
કેળવીએ જીવનમાં સુવિચારો,
ન કોઈ દંભ, ન દેખાડો,
કરીએ માન અપમાનનો સરવાળો,
બસ મસ્ત બની જીવીએ,
જેવા છીએ તેવા જ વ્યક્ત થઈએ,
પોતાને પુરવાર કરવાનું છોડીએ,
આપણે જ આપણું પિંજરું, આપણે જ મુક્તિ,
આપણામાં જ ભય, આપણા મહીં જ આકાશ,
માન્યતાઓએ બાંધ્યા આપણને,
તો, ચાલીએ કદમ એક, બદલીને માર્ગ એ,
સ્વ નિરીક્ષણ કરીએ, વિચારોને સમૃદ્ધ બનાવીએ,
શ્રેષ્ઠ ને શોધીને સર્વ શ્રેષ્ઠ તરફ વધીએ,
પરથી ખસીએ, સ્વમાં વસીએ, બસ આટલું કરીએ.
જીવનરૂપી કિતાબમાં નવું પાનું જોડીએ,
હાસ્યની ભાષા અપનાવીએ,
આપણે 'આપણા' જેવા બનીએ.

**– રોશની ગૌતમ શાહ, વર્ધમાનનગર, ભુજ**

# કાવ્યધારા

## બાલુડા માણે માડીનું હેત

માડી ગાતી હાલરડાંના ગીત,
એના હૈયે ભરી અનેરી પ્રીત,
બાલુડા માણે માડીનું હેત.
વહાલા બાળને ના રડવા દેતી,
કામ છોડી એની સંભાળ લેતી,
સમય સરતો થઈને રેત.
ખોળાનો ખુંદનાર મોટો થાશે,
પગલી પગલી ભરતો એ જાણે,
સમજે માવડીના સંકેત.
બાળ રડે ને હૈયે લાગે આગ,
હસતો દેખે ત્યાં ખીલી ઉઠે બાગ,
પ્રેમથી ઓવારણા લેતી.
'લઘુગોવિંદ' એ કૂળનો દીવડો,
બાળ-સુખ ઝંખે માડીનો જીવડો,
સંસ્કારના અમી દેત.

**– 'લઘુગોવિંદ'**

## આબેહૂબ

જો પિતાજીનો ફૂલસાઈઝનો ફોટો
એવો આબેહૂબ બનવો જોઈએ કે
પિતાજી સાક્ષાત અહિંયા હાજર છે.
જીવતા બાપને ઘરમાં રાખવાનો
ઈન્કાર કરી ચૂકેલો પુત્ર જ્યારે
ચિત્રકારને આવી સૂચના
આપી રહ્યો હતો ત્યારે એની
બાજુમાં ઉભેલા પિતાજીના મિત્રની આંખમાંથી
આંસુના બે ટીપાં પડી ગયાં !

**– ગીતા હિતેષ શાહ, ભુજ**

## વીતી ગઈ

વીતી ગઈ જે એ રાત હતી,
જીવી રહી છું એ સવાર છે.
કલમ બોલી એ વાત હતી,
ખુલ્લી આંખોમાં તલવાર છે.
તૂટ્યા સપનાની બારાત હતી,
તો યે સાચા દિલનો સ્વીકાર છે.
ન સમજાય એવી રમત હતી,
નવા રંગનો આવકાર છે.
રસ્તાને વળવાની આદત હતી,
હવે ખુશીનો ઈંતેઝાર છે !

**– ડૉ.હેમાલી સંઘવી**

Vipul : 9969492966 Bhupesh : 9869307132

GOOD WIN BAGS

School Bags, College Bags, Office Bags, Trolly Bags, Travelling Bags & Any Complimentary Bags

2nd Floor, Shop No. 84, Vijay Nagar Bldg., Above Kamat Hotel,
Opp. Dadar Western Rly., Mumbai - 400 028. • Email : goodwinbags@hotmail.com

*With Best Compliments from*
Bhavini Apurva Mehta
of
FINE EAST
Creative Crafts for Corporate Gifting
Contact :fineeast@rediffmail.com/
9820272606 / 9768433089
&
Apurva Narottam Mehta
(Tax Consultant)
For Account Writing & Taxation Services
with Special Package for Small & Medium Scale Enterprises
Avail All Services under One Roof.
Email : manfortax@gmail.com
Cell :9820272662/9768433089

મહેશભાઈ હંસરાજ પારેખ
મો. ૯૩૨૪૦ ૧૪૦૫૭
રાજેન્દ્ર હંસરાજ પારેખ
મો. ૯૮૨૧૦ ૯૨૯૮૮
ગુરુ એન્ટરપ્રાઈઝ
સૂકા મેવા અને મસાલા સપ્લાયર
***
શોપ નં.૧, નવ આશિષ,
પોપ્યુલર હોટલની સામે, હીંગવાલા લેન,
ઘાટકોપર (ઈ). મુંબઈ-૪૦૦ ૦૭૭.
ઘર : ૨૫૦૮ ૪૦૫૭
ઓ :૨૫૦૧૧૬૯૮/૨૫૦૧૦૧૧૪

M.R. PAKITWALA
& Trust Soft Luggage
Mfg. Specialist in:
Complimentary Items, School Bags, All Kinds of Travelling Bags
Prop. : Manubhai A. Shah
Rasiklal A. Shah
15/16, Patel Mansion Building,
Room No. 4-5,
1st Floor, Station Road,
Kurla (West), Mumbai - 400 070.
M. : 93220 37739 / 93232 22857
93236 73451

Kunal Shah : 98209 33833
Ashok Shah: 98215 06535
A.R. PAKITWALA
Mfg. & Dealers in :
Fancy School Bags, Complimentary Items & All Kinds of Travelling Bags.
Sai-Sakati Co.op., Shop No.3,
Patel Chowk, Opp. Hanuman Mandir, Jethabhai Road,
Ghatkopar (East),
Mumbai - 400 077.
Offi.: 2501 3480
E-mail : ar.bags@yahoo.com

॥ अपूर्व ॥
Caterers
*We Care For You*
KETAN G. SHAH
Ph. 2501 1155 / 2501 4500 (Direct) • Mob. 98211 44779
117, Platinum Mall, Jawahar Road, Station Road, Ghatkopar (E), Mumbai - 400 077.
Mail ID : apurvacaterers_9@yahoo.co.in

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

# જીવનને સુંદર બનાવવા માટે છ બાબતો

✍ શશિન્

તૃષ્ણા અને ગર્વ ત્યજી શકે તે જીવન શાન્તિથી જીવી શકે. કોનું જીવન સફળ? જેનું વૃત્તાંત સાંભળીને અને જેનું સ્મરણ કરીને લોકોને આનંદ થાય તેનું જીવન સફળ.

એક ઠેકાણે જાહેર નોટિસ બોર્ડ પર એક પ્રશ્ન લખ્યો હતો :

'વિચારો : તમારી દૃષ્ટિએ જીવનનો ઉદ્દેશ શો?'

પ્રશ્ન નોટિસ બોર્ડ પૂરતો મર્યાદિત નથી, સમગ્ર વિશ્વમાં આ પ્રશ્ન પડઘાય છે : વિચારો : જીવનનો ઉદ્દેશ શો ? જીવનનો ઉદ્દેશ વૃદ્ધિ, શુદ્ધિ કે બુદ્ધિ દ્વારા ધન પ્રાપ્ત કરી વૈભવની સોડમાં આરામ ફરમાવવો ?

સન્યાસી કહેશે ત્યાગ, પ્રેમી કહેશે રાગ, દેશભક્ત કહેશે દેશ પ્રત્યે અનુરાગ, વેપારી કહેશે ધન, સત્તાધીશ કહેશે અધિકાર અને સત્તા પ્રાપ્તિ. સંત કહેશે ચારિત્ર્ય અને સંસારી કહેશે સુખ, શાંતિ અને સમૃદ્ધિ. આદર્શવાદી કહેશે જિંદગી એટલે ઝિંદાદિલી. તપસ્વી કહેશે જિંદગીનો ઉદ્દેશ સંયમ અને તપ સાથે ઈશ સ્મરણ.

ઈકબાલ જીવનની સરખામણી એક સુંદર પક્ષી સાથે કરતાં કહે છે –

*'જિંદગી ઈન્સાંકી માનિન્દે મુર્ગે ખુશનુમા*
*શાખ પર બૈઠા કોઈ દમ ચહચહાયા ઉડ ગયા!'*

જીવન એટલું વિશાળ, વૈવિધ્યપૂર્ણ, અટપટુ અને બહુરૂપિયું છે કે એના વિશેનું કોઈ પણ કથન સંપૂર્ણ પણે સત્ય ન હોઈ શકે. આપણે જિંદગીની વ્યાખ્યા તેનો એક ખૂણો, એક ભાગ, એક અંશ અથવા સ્વાનુભવને આધારે કરીએ છીએ. હકીકતમાં જીવનની પરિભાષા મનુષ્યની પકડની બહારની વસ્તુ છે. જીવનને કોઈ સીમિત, એકાંગી દૃષ્ટિકોણથી જોઈ શકાય નહીં. યોગવાશિષ્ઠ કહે છે કે કીડો અને ઈન્દ્ર બંનેને જીવવાની આકાંક્ષા સમાન હોય છે અને મૃત્યુનો ભય પણ સમાન હોય છે.

જીવન એક ઝરણું છે એને રોકવાનું પસંદ નથી. વહેવું અને વિકસવું એ જીવનનો પરમ ઉદ્દેશ છે. જીવન એક કર્મ છે, જે નિષ્ઠા માગે છે. ઉન્નતિ, પ્રગતિ, અભ્યુદય, પરિવર્તન વગેરે જીવનને ચાલતા રહેવાનું બળ પૂરું પાડે છે. આ વાતનું સમર્થન સ્વામી વિવેકાનંદે પણ કર્યું છે. તેમના શબ્દોમાં 'જીવનનું પહેલું અને સ્પષ્ટ લક્ષણ છે વિસ્તાર. જો તમે જીવિત રહેવા ઈચ્છતા હો તો તમારે ફેલાઈ જવું પડશે. જે દિવસે તમે જીવનનો વિસ્તાર બંધ કરી દેશો, તે ક્ષણે જાણી લેજો કે મૃત્યુએ તમને ઘેરી લીધા છે આફતો તમારી સામે છે.'

જીવનને કોઈ ભોમિયાને સહારે, ધર્મગુરૂ કે ઉપદેશકને હવાલે છોડવાથી તમારું મન તેમના વિચારોથી બંધીઆર બની જશે. એટલે 'સુનિયે સબ કી પર કરિયે મન કી' સિદ્ધાંત જ ફાયદાકારક રહે. તથ્ય તારવવાની, પારખવાની શક્તિ એ જ પરિપક્વ બુદ્ધિનું લક્ષણ છે.

જીવનને નિયમો-ઉપનિયમોમાં કેદ કરી દેવાથી જીવન સુગંધ વગરનું ફૂલ બની જાય છે. નિરંતર ગતિશીલ રહેવું, નકારાત્મક દિશામાં નહીં પણ સકારાત્મક દિશામાં એ જ જીવનનું સાચું રહસ્ય છે.

જીવન એ સાચા રસ્તાની તલાશ છે. એક વાર ઊંધા રસ્તે ચઢી ગયા એટલે સીધા માર્ગે આવવાનું મુશ્કેલ બની જશે. કરોળિયાની જેમ લટકતા રહીને જીવવું એ જીવનનો ઘોર પરાજય છે. જીવનનો ઉદ્દેશ આત્મદર્શન છે. જીવન ભૂલોની પરંપરાઓની વેદી પર બલિદાન ચઢાવવા માટે નહીં, પણ પ્રત્યેક ભૂલમાં વિધાયક સંદેશ ગ્રહણ કરીને તેવી ભૂલ ફરીથી ન કરવાનો મોકો છે. જીવન રસ અને યશ બંનેનો સમન્વય બને તો જ માણસ આત્મ સંતોષ અનુભવી શકે.

જીવન એ પ્રસન્નતાની આરાધના છે. માણસ સુખ શોધવા પ્રયત્ન કરે છે, પણ પ્રસન્ન રહેવા પ્રયત્ન કરતો નથી. પ્રત્યેક પરિસ્થિતિમાં સ્વસ્થ અને સ્વચ્છ રહેવું એનું નામ સાચી પ્રસન્નતા. લોભ, મોહ, મદ, કામના કઠપૂતળી બનાવી તે નચાવે તેમ નાચવું એ જીવનની કાબેલિયતનો અભાવ છે. વાસનાને બહેલાવે તે રાક્ષસ અને વાસનાને ભગાડે તે ઈન્સાન. જે માણસ જીવનની શ્રેષ્ઠ મર્યાદાઓને તિલાંજલિ આપે છે તેનું આયુષ્ય, લક્ષ્મી, કીર્તિ, ધર્મ, શુદ્ધ ભાવના બધું જ નષ્ટ થઈ જાય છે.

માણસ બધું ત્યજે છે, પણ અભિમાન સહેલાઈથી ત્યજી શકતો નથી. અહીં 'વેશધારી દૃષ્ટાંત કથા ધ્યાનમાં લેવા જેવી છે. એક વણિકને પોતાના ધનનું ભારે અભિમાન હતું. કોઈનેય માન-સન્માન આપતો નહીં. એક દિવસે તે વણિક દુકાને બેઠો હતો, ત્યારે ત્યાંથી પસાર થતાં એક સાધુએ કહ્યું: 'શેઠ, રામ-રામ.' પણ શેઠે સાધુ તરફ નજર સુદ્ધાં ન કરી. સાધુએ જોયું તો વણિકે કપાળમાં તિલક કર્યું હતું પણ ઘમંડ ગયો નહોતો. સાધુએ તેનો ઘમંડ દૂર કરવાનું નક્કી કર્યું.

યોગ બળે તેઓ શેઠનો વેશ ધારણ કરી એ શેઠના ઘેર ગયા અને શેઠના પુત્રોને કહેવા લાગ્યા: 'ગામમાં એક બહુરૂપી આવ્યો છે. એ મારો વેશ ધારણ કરી તમારો બાપ બનવાની કોશિશ કરશે. માટે તેને ઘરમાં પેસવા દેશો નહીં.' એમ કહી શેઠ વેશધારી સાધુ ઘરના ઓરડામાં બેઠા.

એવામાં દુકાનદાર ખરા શેઠ આવ્યા. સાધુના કહ્યા મુજબ તેને બહુરૂપી માની ઘરમાં પેસવા ન દીધો અને તિરસ્કાર કરી કાઢી મૂક્યો. ગાળો ભાંડી.

આથી તે છંછેડાયો અને ન્યાય માટે અદાલતનાં બારણાં ખખડાવ્યાં. શેઠનો વેશધારી સાધુ અને મૂળ શેઠ બંને સમાન આકાર અને દેખાવવાળા હતા. એટલે ન્યાયાધીશ મુંઝાયા. તેમણે કહ્યું : 'તમારા છોકરાના વિવાહમાં કેટલા રૂપીયાનું ખર્ચ થયું હતું તે બતાવે તે સાચો શેઠ છે, એમ હું માનીશ.' પેલા વણિક શેઠને પુત્રના લગ્ન નિમિત્તે કેટલું ખર્ચ થયું હતું તે યાદ નહોતું પણ શેઠ વેશધારી સાધુએ યોગબળથી ખર્ચની વિગત કહી સંભળાવી. ન્યાયાધીશે તેને ખરો શેઠ જાહેર કર્યો.

આ સાંભળી તે વણિક ગાંડા જેવો થઈને ગામની બહાર મંદિરના ઓટલે જઈને બેઠો અને કપાળે હાથ મૂકીને રડવા લાગ્યો.

પેલા યોગી સાધુ ત્યાં ગયા અને કહ્યું : 'શેઠ, રામ-રામ.' વણિક શેઠ રાજી થયો અને કહ્યું : 'બાપજી, રામ-રામ.' યોગીએ કહ્યું : 'તે દિવસે મેં રામ-રામ કહ્યા ત્યારે તો તેં જવાબ પણ નહોતો આપ્યો. હવે જ્યારે ચમત્કાર જાએ છે ત્યારે 'રામ-રામ' બોલે છે. હવે અભિમાન ત્યજી સીધો ચાલજે. તેં જોયું હશે કે તારાં છોકરાં અને ધન શું

કામ આવ્યાં ? ગર્વ કરીશ નહીં.'

તે દિવસથી વણિકે ધન-કુટુંબનું અભિમાન ત્યજી દીધું અને પોતાના ધનનો સદુપયોગ કરવા માંડયો.

એટલે તૃષ્ણા અને ગર્વ ત્યજી શકે તે શાન્તિથી જીવી શકે. કોનું જીવન સફળ ? જેનું વૃત્તાંત સાંભળીને અને જેનું સ્મરણ કરીને લોકોને આનંદ થાય તેનું જીવન સાર્થક.

વિનોબા ભાવે કહેતા કે મને કોઈ પૂછે કે જીવન કોને કહેવાય ? તો હું જીવનની વ્યાખ્યા કરતાં કહીશ કે સંસ્કાર સંચય. જીવનને સજા નહીં ઈશ્વરે આપેલી મજા માટે આપેલી તક માનવી જોઈએ. જીવન એ વાંસ જેવું છે. વાંસ વીંધાય તો વાંસળી બને. જીવન એટલે અનુભવોથી વીંધાઈને વાંસમાંથી વાંસળી બનવાની કલા. લક્ષ્ય ભ્રષ્ટ જીવન વ્યક્તિ અને સમાજ બંને માટે નુકસાનકારક છે. એટલે સતત પોતાને સુધારી માનવતાનો વિકાસ કરવો, જીવન મૂલ્યોની રક્ષા કરવી અને ચારિત્ર્યને બેદાગ રાખવું એ જીવનનો સાચો ઉદ્દેશ છે. ઉદારતા, સ્વાધીનતા, શુદ્ધતા ત્રણે ભેગાં મળી જીવનને ઉદાત્ત બનાવે છે. નિષ્કલંક જીવન એ જીવનની ખુશબો છે. સત્ય સાંઈ બાબાએ જીવન વિશે એક જ વાક્યમાં બહુ મોટું ચિંતન આપ્યું છે : જીવન પરમાત્મા સુધીની તીર્થયાત્રા છે. એટલે જીવનને સૌંદર્ય અને કર્તવ્યનો સંગમ બનાવવું જોઈએ. **જીવનને ચારે કોરથી સુંદર બનાવવા માટે કઈ છ બાબતો યાદ રાખવી જોઈએ ?**

૧. જીવનમાં ધન વૃદ્ધિને બદલે જીવન શુદ્ધિને મહત્ત્વ આપવું. પ્રેમ, સેવા, કરૂણાને જીવનમાં અગ્રિમ સ્થાન.

૨. ઘમંડનો ત્યાગ, વિનમ્રતાની ઉપાસના અને પ્રામાણિકતા.

૩. નિષ્કલંક ચારિત્ર્ય માટેની સાવધાની અને ભ્રષ્ટતાને વિદાય.

૪. આત્મદર્શન, મૂલ્ય નિષ્ઠા, અને આત્મ-સુધારણાને જીવનનું લક્ષ્ય બનાવવું.

૫. જીવનને માલિકીભાવથી નહીં પણ ઈશ્વરની થાપણ તરીકે જોવું.

૬. પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવાનું મનોવલણ, ભ્રાન્તિમાંથી મુક્ત અને શ્રદ્ધાશીલતા.

(સાભારઃ ગુજરાત સમાચાર)

# કંપની મેનેજમેન્ટની માન્યતાઓ

✍ ધવલ મહેતા

**૨૧**મી સદીની મેનેજમેન્ટમાં કેટલીક માન્યતાઓ મુળભૂત રીતે બદલાઈ રહી છે. આ નવી માન્યતાઓને ધ્યાનમાં રાખીને નવા સ્ટાર્ટ-અપ્સ શરૂ થવા જોઈએ.

નીચે જણાવેલા ફેરફારો હજી પૂર્ણ થયા નથી પરંતુ ફેરફારોની દિશામાં કેટલીક કંપનીઓ ગતિ કરી રહી છે.

**સસ્ટેનેબીલીટી :** લાંબા સમય સુધી ટકી રહેવાની તાકાતને અંગ્રેજીમાં સસ્ટેનેબીલીટી કહે છે. કેટલાક ઉદ્યોગો ઝટપટ નફાના લોભમાં અનૈતિકતા દાખવે છે તથા એવી અન્ય ભૂલો કરે છે કે આવી કંપનીઓનું બાળમરણ થાય છે કે થોડા વર્ષો બાદ તૂટી પડે છે. ભારતમાં વ્યાપાર માટે ઈસ્ટ ઈન્ડીયા કંપનીની સ્થાપના છેક ઈ.સ. ૧૬૦૦માં થઈ હતી અને તે ૩૫૦ વર્ષથી પણ વધુ ચાલી.

**બેલેન્સ :** ઘણી કંપનીઓ તેમના વેચાણ વધારવાની ઘેલછામાં ઉદ્યોગના અન્ય વારસાઓને ઘણુ નુકસાન કરે છે. અમારું વેચાણ અને નફો વર્ષોવર્ષ ૩૦ થી ૫૦ ટકા વધે છે તેવો કેટલીક કંપનીઓ ભલે દાવો કરતી હોય પરંતુ તે ઉદ્યોગોના અન્ય પાસાઓ (ફાયનાન્સ, આર એન્ડ ડી, કર્મચારી સંચાલન, સ્વચ્છ પર્યાવરણ વગેરે) વચ્ચે સંતુલન (બેલેન્સ) સાચવી શકતી નથી.

**નોલેજ વર્કર્સ :** આપણે સૌ જાણીએ છીએ કે જગતમાં ધીમે ધીમે શારીરિક શ્રમોના કામોનું યંત્રીકરણ અને અમુક બૌધ્ધિક કામોનું પણ રોબોટીકરણ થઈ રહ્યું છે. હવેના શ્રમિકોએ પણ કોલેજની ડીગ્રી પ્રાપ્ત કરવી પડશે. શ્રમિકોએ જ્ઞાનીકો (નોલેજ વર્કર્સ) બનવું પડશે.

**ઈન્ટીગ્રેશન :** કંપનીના કર્મચારીઓ કે અન્ય શ્રમિકો પર હુકમ છોડવાનું કામ ઓછું થશે. સત્તાનો ઉપયોગ વધુ શાણપણ (વીઝડમ)થી કરાશે. ઉપરથી કન્ટ્રોલ કરવાને બદલે કંપનીના વ્યવસ્થા તંત્રોમાં એવા ફેરફાર થશે કે કંપનીમાં જ અનેક પ્રકારના સ્વાયત્ત એકમો ઉભા થશે જે ઓટોનોમસ વર્ક યુનિટ્સ તરીકે ઓળખાશે.

**પર્યાવરણ :** કંપનીએ કુદરત અને કુદરતી તત્ત્વો (હવા, પાણી, વૃક્ષો વગેરે)નો વિનાશ કરીને નહી પરંતુ કુદરતી પરિબળો સાથે સામંજસ્ય ઉભુ કરીને ઉત્પાદન કરવાનું છે. આ બાબત કંપની મેનેજમેન્ટને પૂર્ણપણે સમજાઈ નથી કારણ કે આપણા ઉત્પાદન કેન્દ્રો (જાહેર તેમજ ખાનગી) કુદરતને નષ્ટ કરી રહ્યા છે. અત્યારે મૂડીવાદી અને સામ્યવાદી સમાજો જેઓ ઔદ્યોગીક ક્રાંતિના અને ઔદ્યોગિક જગતની પેદાશ છે, તેઓ કુદરતી સાધનોનો નાશ કરી રહ્યા છે. કુદરતના તત્વોને જાળવવાની અને તેમને સમૃદ્ધ કરવાની માનસીકતા કેળવ્યા વિના આપણે છૂટકો નથી. એમ નહી કરીએ તો કદાચ આપણી પૃથ્વીનો નાશ થશે.

**વ્યક્તિમાંથી નેટવર્ક તરફ :** કૃષિ યુગનો હીરો રાજા, સામંતો, સરદારો, સેનાપતિઓ અને જમીનદારો હતા તો ઔદ્યોગીક યુગના 'હીરો' ઉદ્યોગપતિઓ હતા અને છે. પરંતુ હવે પછી જે માહિતી યુગની શરૂઆત થઈ છે તેના 'હીરોઝ' જ્ઞાનિકો હશે.

**ઈલેક્ટ્રીસીટીમાંથી ઈલેક્ટ્રોનીક્સ :** વીજળી ઉત્પાદન અને વિતરણ હવે સામાન્ય અને સાર્વજનિક બની રહ્યા છે. વીજળીની સુલભતા હવે 'ટેકન ફોર ગ્રાન્ટેડ' છે પરંતુ સમસ્ત માહિતી યુગ ઈલેક્ટ્રોન પર ઉભો થયો છે. ડીજીટલાઈઝેશનની પાછળ ઈલેક્ટ્રોનીક્સની કામગીરી છે તે હવે સૌ કોઈ જાણે છે.

**બીટ-બાઈટ :** આપણે એટોમીક એનર્જી દ્વારા વીજળીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં કરીએ છીએ પરંતુ આપણું સમગ્ર ડીજીટલ રેવોલ્યુશન બીટ-બાઈટની શોધ પર આધારિત છે.

(સાભારઃ ગુજરાત સમાચાર)

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

# શહીદ

✍ સુષમા શેઠ, વડોદરા

**હું** હવે સમજી ગઈ છું કે મારી ભીતર ઊઠતી ચીસ બહાર ન રેલાવી જોઈએ. તેને મારે ભીતર જ રૂંધી રાખવાની છે. આંખમાં ધસી આવતા અશ્રુઓને હિંમતની પાળ બાંધી ખાળી રાખવાના છે. અંદરથી હું તૂટીને ચૂરચૂર થઈ જઉં તોય બહાર દેખાતા ચહેરા પર એકેય સળ ન પડવી જોઈએ. કારણ પૂછો છો? કારણ કે હું એક ફોજીની પત્ની છું, એક જવાનની મા છું. જાતને ભૂલી જાઉં પણ એક વીરની પત્ની છું તે હૃદય પર એવું કોતરાઈ ગયું છે કે ભૂલવા માંગુ તોય લોકો ભૂલવા નહીં દે. અંતર વલોવીને મારે સૌને નવનીત ધરાવવાનું છે. બદલામાં મળે છે, પ્રશંસા નીતરતી નજરો. પણ તેની મને ખેવના નથી.

મારું ઉન્નત મસ્તક ગર્વભેર ટટ્ટાર રાખીને મારે મારા દીકરાને અપાયેલ મરણોત્તર સન્માન એટલે કે રાષ્ટ્રપતિને હાથે અપાતું પરમવીર ચક્ર લેવા જવાનું છે.

કોઈક વાર વિચારું છું, હુંય અસંખ્ય સ્ત્રીઓ જેવી જ છું. શું ભગવાને મને જુદી માટીમાંથી ઘડી છે? ના, મારી અને તમારી માટી જુદી નથી. જે લોહી તમારી રગમાં વહે છે તે જ મારી નસોમાં વહે છે. મનેય મન થતું કે મારો પતિ મારી સાથે રહે, પાસે રહે. મારા બાળકની જવાબદારી વહેંચે પણ એ ન રહ્યો. દેશ માટે જાન કુરબાન કરવાની તેણે નેમ લીધેલી. બીજી સ્ત્રીઓના પતિ ઘર પરિવારને પ્રાધાન્ય આપે પણ મારા પતિની ફરજ સામે બીજું બધું પાછળ ધકેલાઈ જતું. ઘર અને પરિવાર સુધ્ધાં. દેશ માટે જોમ જુસ્સો અને મરી ફીટવાની તૈયારી સાથે એ જીવતો. મારા ખરી પડેલા કંકુ પર શહીદની વિધવાનું લેબલ એ ચોંટાડતો ગયો અને જેનો પતિ દુશ્મન સામે લડીને દેશ માટે શહીદ થયો હોય તેની વિધવાએ હસતે મુખે આંસુ પી જવાના હોય એવું કદાચ મને ગળથૂથીમાં પીવડાવી દેવાયેલું. એવું તો કેટલુંય લગ્ન વખતે ઓઢાડેલી ચુંદડી સાથે મારા માથે થોપી દેવાયેલું. મને પસ્તાવાનો કે તેની પાછળ વિલાપ કરવાનો હક નથી. મારે તો અભિમાન લેવાનું હોય કે મારા પતિએ માભોમની રક્ષા કાજે જીવ આપ્યો. અભિમાન? શેનું? આ કાળજું ચીરાઈ જાય છે તેનું? યુદ્ધના ખપ્પરમાં એક નિર્દોષ માણસ હોમાઈ ગયો તેનું? હારજીતની રાજરમત ખેલતા સ્વાર્થી નેતાઓના હાથના પ્યાદા બનવાનું?

ખેર, અમે ફોજીની પત્નીઓ આવાં બલિદાનની તૈયારી રાખીએ જ છીએ. આ બધું હું કહું છું તેટલું સહેલું નથી.

એક વિધવા સ્ત્રીની વ્યથા બીજી વિધવા સ્ત્રી જ સમજી શકે. માન સન્માન ચક્ર અકરામ મળ્યા. ઘરના ખૂણે સજાવ્યા. પછી? પછી શું? પછી એ ખૂણો ધીમે ધીમે ભંડાકિયામાં પરિવર્તિત થઈ ક્યાંક ધસી પડે છે. રહી જાય છે ફક્ત દઝાડતો કાળો કાટમાળ. ફોટામાં લટકી જતા નિકટતમ સગાંવહાલાઓ. આંખ બંધ કરતાં દેખાય, જ્યાં ત્યાં શબના ઢગલાં. કોઈને કશોય ફરક નથી પડતો. પડે છે ફક્ત જેણે સ્વજન ગુમાવ્યું છે તેને. જીવી જવાનું છે, હૃદયમાં સ્મરણો અને સંતાપ સંગ્રહીને. વળતર નામના ધનને શું ધોઈને પીવાનું? હવે તો પીવાય છે માત્ર ખારાં આંસું, એય છાને ખૂણે.

હુંય જાણે જીવતુંજાગતું શબ. માંડીને કહું. પતિને ગુમાવ્યા પછી મેં રાકેશને ખૂબ સમજાવ્યો હતો કે લશ્કરમાં ન જોડાઈશ. રાકેશના પિતાની આરતી ઉતારી, કપાળે તિલક કરી, વિજયીભવ કહી મેં હસતા મુખે વિદાય આપેલી. એમને પાછું જોયા વગર સડસડાટ ઘર બહાર નીકળી જતા જોઈ મારૂં હૈયું એક થડકાર ચૂકી ગયું હતું. ત્યારે રાકેશને મૂછોય નહોતી ફૂટી. અમે બન્ને અપલક નેત્રે દુશ્મનો સામે સામી છાતીએ લડવા જઈ રહેલ પતિ અને એક પિતાની ધીમેધીમે ઓઝલ થતી પીઠ તાકતા રહ્યા. સૌ પોતપોતાના ઘરોમાં આરામથી નિશ્ચિંતપણે ઊંઘતા હતા ત્યારે એ ટાઢ, તાપ, ભૂખ, તરસની ફિકર કર્યા વગર યુદ્ધભૂમિમાં ખડે પગે દેશ પરત્વેની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવતા હતા.

'એય બહાદુર, જલ્દી પાછો આવીશ પછી તારી માની ઈચ્છા મુજબ ચાર ધામની જાત્રાએ જઈશું. આમ ઢીલો ન થા. તને ઢીલા થવું ન શોભે. તું ફોજીનો દીકરો છે. તારી માનું ધ્યાન રાખજે.' તેઓ રાકેશને બહાદુર કહી સંબોધતા. રાકેશનો ખભો થપથપાવી એ નીકળી ગયા. એ પ્રેમ નીતરતી આંખો મને દેખાયા જ કરે છે. એમણે કહ્યું હતું, ઢીલા થવું ન શોભે. એવું તો કેટલુંય મને નહોતું શોભતું; પતિની ચિંતા કરવી, પતિ વગર સૂની રાતો રડીને પસાર કરવી, એકલે હાથે સઘળી જવાબદારીઓ નિભાવવી અને મન વ્યથિત હોવા છતાં મોઢું હસતું રાખવું. નહોતું શોભતું પણ શોભાવવું પડતું, પરાણે.

બહાદુરની માએ ઢીલાપોચા થવું ન પોસાય. હું અડધી રાત્રે ઝબકીને જાગી જતી અને એ શું કરતા હશે? કેમ હશે? તેવા વિચારોમાં અટવાતી. રાકેશ પોરસાઈને સૌને કહેતો, 'મારા પપ્પા ફોજી છે. જંગ જીતીને આવશે.'

યુદ્ધ વિરામ બાદ હું તેમની આતુરતાપૂર્વક રાહ જોઈ રહી હતી. એ આવ્યા, તિરંગામાં લપેટાઈને. મને એ વાતની સહેજેય નવાઈ નહોતી લાગી. શહીદની વિધવાઓએ આવી બાબતોથી ટેવાઈ જવાનું હોય છે. હું કંઈ અપવાદ નહોતી. પણ પછી મારો દીકરો રાકેશ પણ...

રાકેશ જિદ્દ લઈ બેઠો હતો. ન માન્યો. બહુ વાર્યો. છેવટે ગયો જ. બાપનું લોહી બાપનો વારસો જાળવે. વારસામાં શું મળ્યું? તો ફરજપરસ્તી, દેશદાઝ અને દેશની સીમાએ તહેનાત રહેવાની હામ. મારૂં મન ચૂંથાતું હતું, નવ મહિના જેને કુખમાં પાળ્યો હોય તે આ રીતે... તેને સગી વિધવા માનો વિચારેય ન આવ્યો? ભવિષ્યના સપના ભારેખમ ફરજ તળે કચડાઈ ગયાં. મારા વ્યથીત મનને કશું જ ગમતું નહોતું. ખાવાપીવાનું સુદ્ધાં.

રાકેશ, ઊંચો પડછંદ અને દેખાવડો. બિલકુલ તેના બાપ પર પડ્યો હતો. રીતુ તેને મળવા આવતી. હવે નથી ડોકાતી. ક્યાંથી આવે? રાકેશ ગયો તેની સાથે અમુક સંબંધો પણ ગયા. જાણું છું, રાકેશને રીતુ ગમતી હતી. મને રાકેશને રીતુ સાથે પરણાવવાની હોંશ હતી. આમ કરીશ અને તેમ કરીશ. કેટકેટલા સપના જોયા હતાં. પોતરા રમાડીશ, તેમને

વાર્તાઓ કરીશ. પણ મને અક્કલમઠીને એટલીયે સમજ ન પડી કે ફોજીની માને સપના જોવાનો હક નથી. શા માટે આ વીર જવાનો લાગણીના તાણાવાણા ગુંથતા હશે? જો કે એ પોતે તો કેસરિયા કરી જાણે છે. હું ગાંડી મોહ માયાના બંધનોમાં અટવાઈ ગઈ.

વળી હું વિચારું છું કે ભગવાને માતાઓને શાથી આવું સંવેદનશીલ હૃદય આપ્યું હશે? જેને જન્મ આપ્યો તે શરીરના એક અંશને મોતના મુખમાં જતો જોવાનો? એ કાયમ માટે ચાલ્યો ગયો તે વિચાર માત્ર અસહ્ય પીડા આપે છે. જેને લાડકોડથી ઊછેર્યો, ઉજાગરા વેઠી મોટો કર્યો, જતનથી જમાડ્યો એ જીવથીએ વહાલો આમ... આ રીતે? હવે તે મને ક્યારેય નહીં મળે. તેના ગાલ ચૂમીને વહાલ નહીં કરી શકું. મા, ભૂખ લાગી છે કહેનાર મને ભૂખીતરસી રાખીને ચાલ્યો ગયો. હવે મીઠો ઠપકો કોને આપીશ? મને અમથેઅમથી કોણ પજવશે? ભગવાનને એક જ ફરિયાદ છે, આ દિવસ જોવા કરતાં મને કેમ ન ઉપાડી લીધી? શહીદ એ નહીં, હું થઈ છું. બાકીનું આયખું મારે ક્ષતવિક્ષત થઈ વિતાવવાનું છે, તેની યાદોના સહારે જીવી જવાનું છે, જેમતેમ. મરતાં મરતાંય જીવવું તો પડશે જ. કેટલીયે વાર વિચાર આવે, 'જો એ હોત તો...' જો અને તો ચિત્તમાં સંતાકૂકડી રમ્યા કરે છે.

પથારીમાં આંખ મીંચી પડી રહું ત્યારે નજર સામે યુદ્ધના ભયંકર દશ્યો દેખાય છે. એ કોના માટે લડ્યો? શા માટે લડ્યો? યુદ્ધને અંતે આપણે શું મેળવ્યું? કદાચ કશું જ નહીં પણ મેં મારું સર્વસ્વ ગુમાવ્યું. ઈતિહાસના પાનાઓમાં એકાદ બે લીટીઓમાં આલેખાયેલી જીત, પસ્તી થઈ જવાની છે. જીતનો જશન મારા જેવા કેટલાયના આંસુઓ પર ઉજવાય છે. અને પછી સહાનુભૂતિના દરિયામાં ઓટ આવવાની.

નેતાઓએ પોતપોતાના દેશની તાકાતનું પ્રદર્શન કર્યું. અહમના ટકરાવમાં પીસાયા કોઈના લાડલા, કોઈના માથાના છત્ર તો કોઈનો માડીજાયો. યુદ્ધનું એલાન કરનારા પોતાના આલીશાન ઘરોમાં સુરક્ષિત બેઠા છે. તેમની આસપાસ સશસ્ત્ર ચોકિયાતો છે. તેમનું રૂંવાડુંય નથી ફરક્યું. શહીદોને શ્રદ્ધાંજલી આપતા તેમના ફોટા છાપામાં ચમક્યા. છોને કેટલાય ઘરના દીપક બુઝાઈ ગયા!

આજે મારા દીકરાને મરણોત્તર સન્માન મળનાર છે. મારા દેશનો તિરંગો લહેરાયો છે તેની સામે મારૂં મસ્તિષ્ક ગર્વભેર ઊંચું ઊઠેલું છે. હું ધીમા પગલે આગળ વધી રહી છું. સ્ટેજ પર પહોંચી છું. અનેક કેમેરાની ચાંપો દબાઈ રહી છે. દરેકની નજર મારી પર સ્થિર થયેલી છે. મારી આંખો કોરીકટ છે, મારા કોરા કપાળ જેવી જ. રાષ્ટ્રપતિજી મને પરમવીર ચક્ર અને સન્માનપત્ર આપવા હાથ લંબાવે છે. હું ચીસ પાડી ઊઠું છું, 'ના. નથી જોઈતું આ સન્માન, મારો દીકરો મને પાછો આપો. પ્લીઝ. મને મારો દીકરો જોઈએ છે. એને લાવી આપો.'

ભરાયેલી સભામાં સૌ સ્તબ્ધ. મારી ઊંડે ઊંડે ખાલીપો એ નથી ભરાતો. ભરાઈ જાય છે આંખો અને આંખોમાં દરિયો. અરે! મેં આ શું કહ્યું? આવું કહેવાય? હું બહાદુર શહીદની મા છું. વીર શહીદની પત્ની છું પણ સ્ત્રી છું, મારા વલોવાતા કોમળ હૈયાનું આક્રંદ હવે હું નથી ટાળી શકતી અને ત્યાં જ ફસડાઈ પડું છું. મારા મુખમાંથી શબ્દો સરી પડે છે. 'ભારતમાતા કી જય.'

# વાર્તાઓ, મારી તમારી




કચ્છ ગુર્જરીના નિયમિત વાચકો સુષમા શેઠના નામથી અજાણ નથી. કચ્છ ગુર્જરી ઉપરાંત તેમની વાર્તાઓ ચિત્રલેખા, અભિયાન, અખંડઆનંદ, મમતા, જલારામદીપ, ફીલીંગ્સ, શબ્દસૃષ્ટિ, કચ્છશક્તિ, ફૂલછાબ, સંદેશ, દિવ્યભાસ્કર, ગુજરાત ગાર્ડિયન વગેરે પ્રતિષ્ઠિત સામાયિકો અને અખબારોમાં છપાઈ છે અને અનેક સ્પર્ધાઓમાં વાર્તાઓ ઈનામ જીતી છે.

વડીલોના આશીર્વાદ અને મિત્રોની શુભેચ્છાઓથી હવે તેઓ વિભિન્ન વિષય ધરાવતી રસપ્રદ ટૂંકી વાર્તાઓના સંગ્રહનું પુસ્તક 'વાર્તાઓ મારી તમારી' લઈને આવ્યા છે. આ હૃદયસ્પર્શી વાર્તાઓ આપણા જીવન સાથે વણાયેલી છે. આનંદની વાત એ છે કે આ પુસ્તક **ગુજરાત સાહિત્ય અકાદમી** દ્વારા મંજુરી પામેલ છે. કચ્છ ગુર્જરીના વાચકો માટે ખાસ એક મહિના માટે રૂા.૨૨૦/–ની કિંમત પર ૨૦% ડિસ્કાઉન્ટ.

આ પુસ્તક શીર્ષકઃ **'વાર્તાઓ મારી તમારી'** નીચેના નંબર પરથી ઓર્ડર આપી મંગાવી શકાશે.

Also Available at
AMOL PRAKASHAN
52, 5th floor,
World Business House,
Primal Cross Roads,
Paldi, Ahmedabad.
Contact: 9428355207
http://www.facebook.com/amolprakashan

# કડવા/ મીઠા શબ્દો

✍ જુમખલાલ ચુનીલાલ શાહ, માંડવી

તમામ શબ્દોને બીજા અર્થમાં વેણ કહેવામાં આવે છે, વેણ કેવા બોલવા અને કેવા લખવા એનું પુરેપુરું જ્ઞાન હોવું જોઈએ.

શબ્દે શબ્દ ગુજરાતી વ્યાકરણમાંથી આવતા હોઈ, અક્ષરો મળીને શબ્દો બને છે અને શબ્દો મળીને વાકય બને છે, ક્યારે કેવા વાકયો બોલવા કે લખવા એનું આપણને જ્ઞાન હોવું જોઈએ. અમુક શબ્દો અને વાકયો માણસને વીંધી નાખે છે. ખતમ કરી નાખે છે. છરાનાં ઘાથી વેધક એવા શબ્દો માણસને ખલાસ કરી નાખે છે. ઘણી વખત નેતાઓ સભામાં બફાટ કરી નાખે છે, ત્યારે તેની હાલત કફોડી થઈ જાય છે, જ્યારે સાધુ-સંતો પોતાનાં પ્રવચનોમાં ખૂબ જ સાવધાનીપૂર્વકનું વ્યાખાન આપે છે કે જેથી કરીને બીજાના આત્માને દુઃખ ન પહોંચે. આપણે પણ એવા કટાક્ષભર્યા શબ્દો કે વાકયો નહીં બોલવા જોઈએ કે લખવા જોઈએ જેથી બીજાઓને તકલીફ થાય. તેનાં દિલને ઠેસ પહોંચે.

કડવા શબ્દો બોલવાથી પોતાની જ આબરૂને ધક્કો લાગે છે અને સામાવાળી વ્યકિતને દુઃખ પહોંચે છે. માટે કડવા વાકયો કે શબ્દો નહીં લખવા કે બોલવા જોઈએ. 'ચાકુ', 'ખંજર', 'ભાલા', 'તીર' અંદરો અંદર એક દિવસ લડતા હતા અને આપસ આપસમાં વાત કરતા હતા કે આપણા ચારમાંથી વધુ હોંશિયાર અને ડંખીલો કોણ છે. કોણ વધારે જખમી ઘા કરી શકે છે. કોણ વધારે ઉંડો જખમ ઉભો કરીને માનવ જાતને વધારે હેરાન કરે છે. ત્યારે માત્ર 'શબ્દો' જ પાછળ બેઠા બેઠા હસતા અને તેઓ પણ આપસ આપસમાં વાત કરતા હતા કે આ ચાર જણા ઉંડો ઘા કરે તેના કરતાં વિશેષ અમો એવા ઘા કરીએ કે, ફરીથી એની દવા કે ઓપરેશન પણ થતાં નથી અને માણસ ઉભે ઉભો સળગી જાય છે, એવા કડવા શબ્દો આપસ આપસમાં હોંશિયારી કરીને આ સાધનોની મજાક ઉડાવતા હતા. આમ જોવા જઈએ તો શબ્દોની વાત સાચી છે. કારણકે કોઈપણ હથિયાર ઘા કરે તેના કરતાં શબ્દો વધારે વેધક બનીને મનુષ્યને ખતમ કરી નાખે છે. તેનું ધનોત - પનોત કાઢી નાખે છે આવી શકિત છે 'કડવા' શબ્દોની.

ક્યારેક ક્યારેક કડવા વેણ કે શબ્દોને સારી રીતે વાપરતા આવડે તો તેમાંથી સાચી સમજણ પણ કેળવી શકાય છે અને તેની વેધકતાને ઓછી કરી શકાય છે પરંતુ તેને કઈ રીતે અને ક્યાં અને કેવા શબ્દોનો ઉપયોગ કરવો એની સાચી સમજણ કેળવવી પડે છે. કડવા શબ્દો જ સમાજમાં ઝઘડાનું કારણ બને છે. મોટે ભાગે સાસુ-વહુ વચ્ચે કડવા શબ્દોની આપલે વધુ થતી હોય છે. જો બંનેમાંથી કોઈમાં પણ સમજણ શક્તિનો અભાવ હોય તો ઘર ભાંગતા પણ વાર લાગતી નથી.

સમાજમાં જો કોઈને પણ વધુ સ્થાન મળ્યું હોય તો તે મીઠા શબ્દો બોલવા વાળાઓને છે.

મધુર વાણી અને શબ્દો બોલીને આપસ આપસમાં પ્રેમ વધારી શકે છે. મીઠા શબ્દો બોલવાથી મિત્રતા પણ વધારી શકાય છે. મીઠા બોલવાવાળો માણસ પાંચમાં પુછાય છે. મીઠા વાક્યોમાં સુમધુર શબ્દોનો પ્રયોગ કરીને જીવન શાંતિમય બનાવી શકાય છે. છોકરાઓ પુખ્ત ઉંમરનાં થાય ત્યારે મા-બાપને ગમે તેમ ફાવે તેમ સામે બોલતા હોય છે અને માવિત્રોને હેરાન પરેશાન કરી નાખે છે. છતાં પણ માવિત્રો પોતાનાં પુત્રોને મીઠાસ ભરી વાણીમાં સમજાવે છે અને રસ્તો કાઢીને પુત્રો નારાજ ન થાય એનું ખાસ ધ્યાન રાખે છે. માટે માવિત્રોમાંથી પણ કંઈક શીખવા જેવું છે.

નકારાત્મક વાણીને હકારાત્મક બનાવી શકાય છે. તો ઘણાં બધા સળગતા પ્રશ્નો હલ થઈ જાય છે.

દરેક વાકયોમાં શબ્દોની હારમાળા ઓછી હોવી જોઈએ અને શબ્દોમાં સમજ અને જ્ઞાન વધુ હોવા જોઈએ તેમજ શબ્દોમાં વ્યંગ, વાદ, વિવાદ, ટકોર કે હસી મજાકને બદલે સ્નેહ, પ્રેમ, લાગણી, આત્મીયતાનું જ્ઞાન વધારે હોવું જોઈએ. શબ્દો અધર તાલ ન હોવા જોઈએ, લયબધ હોવા જોઈએ. શ્વાસોશ્વાસ ઓછા અને વિશ્વાસ વધુ હોવો જોઈએ. શબ્દોમાં પુરાવા ઓછા અને મમતા - લાગણી - વિશ્વાસ વધારે હોવા જોઈએ.

# આજની સ્ત્રીઓ પુરુષોને કેમ સમજતી નથી?

✍ હીરાબેન ભોગીલાલ દોશી, ડોંબીવલી (માંડવી

સ્ત્રી સમર્પણ કરે તે બધાને દેખાય છે. તે પુરુષોના સમર્પણને પણ આપણે જોવું જોઈએ. એને સાવ ન ગણકારો તો એ અન્યાય જ છે ને? ઉદાહરણ જુઓ. પહેલાના સમયમાં પુરુષો ઘરે જમવા આવતા. હવે નથી આવતા. વિચારો! ૨૦-૪૦ વર્ષે એ વ્યક્તિ ટિફિનનું ઠંડું જમવાનું ખાય છે. ઘરે આવવા સમય નથી. કેટલાય પુરુષો એવા છે. તમે કહો ગંજીમાં કાણું પડી ગયું. તો કહેશે કે ચાલ હવે કોણ જુએ છે. સામે સ્ત્રીને કહેશે કે તું નવી સાડી લઈ લે, તેં તો આ ઘણી વખત પહેરી છે. કેટલાય બૈરી માટે નવા ઘરેણા લેશે પણ પોતા માટે આજસુધી સોનાની ચેઈન પણ નથી લીધી. કોઈ પુરુષને આપણે મોલમાં ભટકતો અને પોતાના માટે વસ્તુઓ ખરીદતો જોયો છે? આટલું કમાતો હોવા છતાં કબાટના એક ખૂણામાં તેની વસ્તુઓ આવી જાય છે. સ્ત્રીઓને સન્માન આપનાર પુરુષોનો આદર કરવો જોઈએ. સલામ કરીએ કે લોકોને જે સગવડ માટે, સ્ત્રીઓના સુખ માટે, આપણી સુરક્ષા માટે કેટલા વર્ષો સુધી આકરી મહેનત કરે છે.

પુરુષને સમજવો હોય તો તેના શબ્દો પર ન જાઓ તેની એક્શન્સને જુઓ. એ કહે છે તેના કરતાં વધુ કરે છે. એ વધુ મહત્ત્વનું છે. ભલે તમને દિવસમાં પાંચ વાર 'આઈ લવ યુ' ના કહે પણ તમારી નાની-નાની જરૂરિયાતો પૂરી કરવા માટે ખપે છે. એ તેનો તમારા પર પ્રેમ છે. એ ભલે માતાપિતાને કેમ છો એમ ન પૂછતો હોય પણ તેમના મેડીક્લેમ કઢાવી રાખ્યા હોય, દવાઓ સમયસર લઈ આવતો હોય તો એ તેની કાળજી છે. કુટુંબની જવાબદારી અને સુખ-સગવડ આપનારા પુરુષો પોતાની જાતને ઘસી જે રક્ષણ કુટુંબને આપે છે. તેને તો દિલથી સલામ.

# કચ્છ એક્સપ્રેસ

✍ જાગૃતિ તન્ના 'જાનકી'

કચ્છ એક્સપ્રેસમાં બેસવાની ટીકીટ તો કઢાવી લીધી પણ કચ્છી માડુ કે ઘરેથી નકરે મે જરા લેઈટ થઈ વ્યો, પછી તો શું એયને અમારી એક્ટીવા એક્સપ્રેસને સેલ્ફ માર્યો ને નીકળી પડ્યા કચ્છ એક્સપ્રેસને પકડવા. એક્ટીવા એક્સપ્રેસ એયને હોર્ન મારતી જાયને રસ્તો કરતી જાય. ૨-૫ મિનિટ લિફ્ટમાં બગડી ને પછી તો દોડતા હાંફતા ડીડીએલજેની કાજોલની જેમ સહેજ ચાલતી થયેલી કચ્છ એક્સપ્રેસને પકડી લીધી અને એમાં ચડીને સીધા બાઈજીની સિસોટી ગેંગમાં સામેલ થઈ ગયા.

પછી તો એય ને કચ્છ એક્સપ્રેસ જિંદગીના મસ્ત મજાના મુકામોની સફર કરાવતી રહી. ક્યારેક હસાવતી રહી, ક્યારેક લાગણીશીલ તો ક્યારેક વિચારતા તો ક્યારેક વળી આપણી પોતાની જિંદગીમાં ડોકિયું કરવા મજબૂર કરતી રહી. કચ્છ એક્સપ્રેસ માત્ર મોંઘી કે મોંઘી જેવી સ્ત્રીઓની વાર્તા નથી એ તો જાણે આપણા દરેકે દરેકની વાર્તા છે. ઢસડતી ઈયળમાંથી ઉડતું પતંગિયુ બનવાની વાર્તા છે, જિંદગીના આકાશમાં ગમતા સપનાના રંગો ભરવાની વાર્તા છે, સંબંધો સાથે આપણો પોતાનો પણ વિચાર કરવાની વાર્તા છે, ફરજો સાથે હકની પણ વાર્તા છે, એક નવી શરૂઆતની વાર્તા છે. એક એવી વાર્તા છે જે ક્યારે તમારા હૃદયને સ્પર્શી જાય ને મગજને વિચારતો કરી મૂકે અને ખબર પણ ના પડે કે ક્યારે કચ્છ એક્સપ્રેસ તમને પોતાની સેર કરાવીને તમારા મુકામ પર તમને પાછા મૂકી જાય એ પણ ખાલી હાથ નહીં, કશુંક આપીને તમારામાં કશુંક રોપીને :

'જીવતરમાં રંગ હોય કે ન હોય, પણ ઓઢણીમાં તો સાતે ય રંગ જોઈએ !'

'ઉપરવાળો આપે અને આપણે વાટ જોઈએ એ કેવું ? મળે નહીં ને તો માગી લેવું ! સુખ તો લઈ લેવું !'

'આ જગતમાં કોઈના હોવાથી કોઈ હોતું નથી, ટ્રેનમાં બેસવા ટિકિટ તો સૌ પાસે પોત પોતાની જ હોવી જોઈએને !'

'આગળ વધવાની પહેલી શરત એક ડગલું તો ભરો.'

ખાસ કરીને છલ્લો ડગલાવાળો ડાયલોગ તો જિંદગીમાં ડગલે ને પગલે કામ લાગે એવો છે, જ્યારે પણ **જિંદગીમાં આગળ વધતા ગમે તેટલા અવરોધ આવે ત્યારે જાત પર વિશ્વાસ મૂકીને પહેલું ડગલું તો ભરી જ લેવું.**

હેં બુલેટ, તને ખબર પડે કે તને ભાઈયુ ચલાવે છે કે બાઈયુ?

આ ભાયડાઓને એમ કેમ લાગતું હશે કે ઊંચા અવાજે બોલે એટલે બૈરાઓ ડરી જતા હશે.

સોસાયટી તો નહીં જ, સિસોટી જ.

આ ત્રણ ડાયલોગ્સ માત્ર ડાયલોગ્સ નહોતા. આ ત્રણ લીટી જાણે આપણા સમાજને અરીસો બતાવતી હોય અને પરિવર્તનનો રાહ બતાવતી હોય.

છેલ્લે તમોને શું ગમેલું? આ સવાલ આમ તો મદને મોંઘીને પૂછેલો. પણ આ એ સવાલ છે જે રોજ દરેક વ્યક્તિએ પોતાની જાતને પૂછવો જોઈએ (કેમ કે દરેકની સ્ટોરીમાં આ સવાલ પૂછનાર મદન હોય એવું જરૂરી નથી) અને એનો જવાબ ગઈકાલની કોઈ પળથી વધારે જૂની પળ ન જ હોવી જોઈએ. નહીંતર જિંદગી જીવાઈ ગયા પછી અફસોસ થશે કે એમાં જીવંતતા તો હતી જ નહીં, કેમ કે અધવચ્ચેથી જાગી જવાનો મોંઘી જેવો મોકો દરેકને નથી મળતો.

મારા મતે કચ્છ એક્સપ્રેસના સૌથી જાલીમ બે દશ્યો એટલે પહેલું મોંઘી એટલે કે માનસી પારેખનું બુલેટ પર એન્ટ્રી મારીને હાથ હલાવવું અને બીજું બાઈજીનું ચાલતી ટ્રેને મોંઘીનો હાથ પકડીને ટ્રેનમાં ચડવું. જે છાપ ડીડીએલજેના કાજોલ અને શાહરુખના ટ્રેનવાળા દશ્યએ દર્શકોના હૃદય પર છોડી છે. એનાથી એક અલગ જ લેવલની છાપ કચ્છ એક્સપ્રેસનું આ દશ્ય દર્શકોના હૃદય પર છોડવાનું છે.

જ્યારે પહેલીવાર મદન અને મોંઘી મળ્યા ત્યારનો લાફાવાળો સંવાદ, બાઈજીને મદન મળ્યા ત્યારનો સંવાદ, જય રામાપીર ક્યુટીપાઈ અને લાફાગર્લ જેવા શબ્દો અલગ જ હળવાશનો અનુભવ કરાવતા રહ્યા.

સંબંધોના તાણાવાણા પણ કચ્છ એક્સપ્રેસમાં જાલીમ રીતે ગુંથ્યા છે, પછી તે સાસુ - વહુનો સંબંધ હોય, મા-દીકરાનો સંબંધ હોય, પતિ-પત્નીનો સંબંધ હોય, પ્રેમી પ્રેમિકાનો સંબંધ હોય કે પછી મિત્રતાનો સંબંધ હોય.

બાઈજીની ભાષામાં કહું તો જાલીમ કચ્છ એક્સપ્રેસ બનાવી છે હો બાકી. ડાયલોગ્સ, કલાકારોની કલાકારી, એમનો લૂક, ગીત-સંગીત બધું જ જાલિમ હતું.

દરિયાઓ આંજી આંખમાં સપનાઓ ટાંકી પાંચમાં રહેવું છે બે ઘડી આ અવકાશમાં ને પછી પંખી થઈ ઉડવું છે આકાશમાં....તો રાહ શેની જુઓ છો. કચ્છ એક્સપ્રેસ અને તમારું આકાશ બંને તમારી રાહ જોઈ રહ્યા છે.

કચ્છ ગુર્જરીમાં પ્રકાશિત કરવાની સામગ્રી, જેમ કે લેખો, સંસ્થા સમાચાર, સંસાર ચક્રની વિગતો, સરનામામાં ફેરફાર વગેરે બની શકે તો ઈ-મેઈલથી જ મોકલવી. વ્હોટ્સએપ પર આવતી માહિતી ગેરવલ્લે જવાની શક્યતાઓ પુરેપુરી છે. કેમકે આ માધ્યમથી અસંખ્ય સંદેશાઓ (મહદંશે બિનજરૂરી) આવતા હોય છે, જેના લીધે જરૂરી સંદેશાઓ ધ્યાન બહાર રહી જાય છે. આ ફક્ત અમારો નહિ, આપ સર્વેનો અનુભવ હશે.

# પ્રેરક પ્રસંગો

✍ ધનસુખ અમરશી મોરબીઆ, દાદર

૧) દક્ષિણમાં વકીલાત ક્ષેત્રે એમનું બહુ મોટું નામ છે. એમના હાથ નીચે લગભગ ૧૨૦ જેટલા વકીલો છે પણ એમણે પોતાની ઓફીસની બહાર બોર્ડ લગાવી દીધું છે કે હિંસાના, તમાકુના, દારૂના અને લાંચના એકપણ કેસ અહીં લેવામાં આવતા નથી. આજના સમયમાં આ તાકાત સાચે જ આશ્ચર્ય જન્માવે છે.

૨) ફાંસીના માંચડે ચડી જતાં પહેલાં ભગતસિંહને એમની અંતિમ ઈચ્છા પૂછવામાં આવી. 'મારી માતાના હાથની રોટલી ખાવી છે, અંતે તે શક્ય ન હોય તો મારી કુટિર સાફ કરવા જે બહેન રોજ આવે છે, એમના હાથની બનાવેલી રોટલી મને ખાવા આપો.' અને જેલરની આંખમાં આંસુ આવી ગયા.

૩) અમેરિકાથી સ્વામી વિવેકાનંદ જ્યારે પાછા ફર્યા ત્યારે વિમાનમાંથી નીચે ઉતરતા હતા ત્યારે તેમને જોઈને એક પત્રકાર સ્તબ્ધ થઈ ગયો. તેણે જોયું કે તેમણે ભગવા કપડાં પહેર્યાં હતા અને માથે પાઘડી હતી. પણ પગમાં અમેરિકન બૂટ પહેરેલાં હતા. પૂછતાં તેમણે જણાવ્યું કે 'ભારતની સંસ્કૃતિ મારી પાઘડી સમાન ઉચ્ચ છે, જ્યારે અમેરિકન સંસ્કૃતિ સ્વરૂપ આ બૂટ છે જે પગ પાસે રહેવા લાયક છે.'

૪) પાંચ વરસના મારા રાષ્ટ્રપતિ ભવનના વસવાટ દરમિયાન મને યાદ રહી જાય એવા બે-ચાર પ્રસંગો બન્યા. એમાંનો એક પ્રસંગ આ હતો. રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં ઉડતો ઉડતો એક મોર આવી ચડ્યો કે જે ઈજાગ્રસ્ત હતો. ડૉક્ટરની શ્રેષ્ઠ ટીમ પાસે એની મેં સારવાર કરાવી અને પોતાની મેળે જ્યારે એ ઉડી ગયો ત્યારે મારી આંખમાં હર્ષના આંસુ આવી ગયા. એ હતા રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ.

૫) વ્યાખ્યાન પૂરું થયા બાદ એક ભાઈએ મહારાજ સાહેબને કહ્યું કે સાહેબ, આજે આપે પ્રવચનમાં ગાળો ન બોલવાનો નિયમ આપ્યો પણ મને કહેવા દો કે આજે ૪૫ વર્ષની મારી ઉંમર છે, પણ છેલ્લા ૩૯ વરસમાં હું ક્યારેય ગાળ બોલ્યો નથી. હા, મારી છ વર્ષની ઉંમરે હું ગાળ બોલ્યો હતો અને પપ્પાએ એ વખતે નાકમાં મરચાં ભરી દીધા હતા. આભાર માનું છું પપ્પાનો કે એમની સજાએ મને ગાળ મુક્ત કરી દીધો અને મહારાજ સાહેબ વિસ્મય સાથે ભાઈને નીરખી રહ્યા અને આશીર્વાદ અને વાસક્ષેપ નાખી અહોભાવ પ્રગટ કર્યા.

૬) એક ભાઈ વાળંદ છે, મર્યાદિત આવક છતાં અપાર સંતોષના કારણે સદાય પ્રસન્ન રહે છે. કમાલનું પરાક્રમ તો એમણે એ કર્યું છે કે પોતાની દુકાન પર એમણે બોર્ડ લગાવી દીધું છે કે ગુટખા, સિગારેટ, દારૂ, જુગાર વગેરે જે પણ વ્યસનો છે એનો જીવનભર ત્યાગ જે કરી દેશે એના વાળ અને દાઢી જીવનભર અહીં મફત કાપી આપવામાં આવશે.

૭) એક પ્રસિદ્ધ કલાકારનું મૃત્યુ થયું. ખૂબ જ ધામધૂમથી એમની સ્મશાનયાત્રા નીકળી, હજારો લોકો તેમાં સામેલ હતા. આ જોઈ બજારમાં ઉભા રહેલા એક બાળકથી બોલાઈ જવાયું. 'જો આ કલાકાર જીવતા હોત તો પોતાની આવી સ્મશાનયાત્રા જોઈને કેટલા રાજી થાત!'

# ટૂંકી વાર્તાઓ

✍ પ્રિતી અમીત શાહ, માંડવી

## દીકરી વ્હાલનો દરિયો

'દીકરી વ્હાલનો દરિયો' આ પ્રોગ્રામમાં પ્રવચન આપીને મંત્રીજી ઘેર આવ્યા ત્યાં તેમની બાર વરસની દીકરી પાણી લઈને આવી ને મંત્રીજીનો મિજાજ બગાડ્યો, 'કેટલી વાર તને કહ્યું છે કે મને તારું મોઢું ન બતાવતી, તને જણીને તારી માએ બીજી બે દીકરી જ જણી. કેટલી અપશુકનિયાળ છો તું! ખબર નથી આ વંશને આગળ વધારનારો ક્યારે આવશે ?'

## આત્મ સન્માન

'જો શેખર, તું તો વચ્ચે બોલતો જ નહિ! મને ને મારી મમ્મીને જ નક્કી કરવા દે કે ક્યાં જવું, આમ પણ ફરવાનું, આ બધો ખર્ચો મારી સેલરી અને મમ્મીના પેન્શનમાંથી જ કાઢવાનો છે, એટલે તું તો ચૂપ જ રહે. જ્યારે તારી સેલરી એટલી થાય કે તું મને ફરવા લઈ જઈ શકે ત્યારે તું નક્કી કરજે કે ક્યાં જવું.' 'Ok, My Sweet Heart.'

અને શેખર આંખ પર કાળા ગોગલ્સ ચડાવીને ત્યાંથી નીકળી ગયો.

## છૂટ

'ઓહો શું વાત છે મારા હેન્ડસમ દીકરા ! આ ફાટેલું જિન્સ, શર્ટના ઉપરના બટન ખુલ્લા, Raybanના ગોગલ્સ. કઈ છોકરીને ઈમ્પ્રેસ કરવા જઈ રહ્યો છો?'

'શું તું પણ મમ્મી, Ok bye' કહીને નીરજ નીકળી ગયો.

ત્યાં તો વંદનાબેને બહાર જતી પોતાની દીકરીને જોઈને રોકી. 'જિગીષા, આવું સ્લીવલેસ ટોપ પહેરીને બહાર નથી જવાનું. તને ખબર છે ને હવે જમાનો કેટલો ખરાબ આવ્યો છે. પેપરમાં રોજ રેપના સમાચાર વાંચતી નથી? જા જઈને ટોપ બદલ ને વ્યવસ્થિત ટોપ પહેરીને જા.'

'પણ મમ્મી, હમણાં ભાઈના તો તું વખાણ કરતી હતી ને મને આવા કપડાની ના પાડશ.'

'જો જિગીષા, એ છોકરો છે. એને બધી છૂટ હોય.'

અને જિગીષા વિચારી રહી કે દીકરાની આ બધી છૂટ જ કોઈની દીકરીની જિંદગી બરબાદ કરી નાખે છે.

## બે રૂપ

'પ્રિયા, તું ત્રણ - ચાર દિવસ માટે પિયર જઈશ તો મને તારા ને બંટી વગર નહિ ગમે. તેના કરતા એમ કરીએ કે શનિ-રવિ ગાડી લઈને આપણે સાથે જઈએ અને બે દિવસમાં સાથે આવી જઈએ . હું તમારા બંને વગર એક દિવસ પણ નહિ રહી શકું .' આ સાંભળી ને પ્રિયા અહોભાવથી પોતાને આટલો પ્રેમ કરનાર પતિને જોઈ રહી .

'અરે, હા પ્રિયા જો મામાને ત્યાં લગ્ન છે ને તો મેં વિચાર્યુ કે હું એકલો જઈ આવું, ત્યારે બંટીની એક્ઝામ છે તો તું તો નહિ આવી શકે અને અમે બધા કઝિન્સે ભેગા થવાનું નક્કી કર્યું છે. તો હું ત્રણ દિવસ માટે જઈ આવીશ.' અને પ્રિયા અનુજના આ રૂપને જોઈ રહી.

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

GHATKOPAR - CHEMBUR - VIDYAVIHAR - TILAKNAGAR - DADAR TO THANE

**PANKAJ NARENDRA VORA - 9321103249**

**RERA registered** real estate consultant

PNV

pankajnarendravora@gmail.com

website:- pankajnarendravora.in

RERA Reg. No. A51800002100

**for Enquiry Call Marketing Team**
**9321103249**

GHATKOPAR REAL ESTATE ASSOCIATION

101, Shrinidhi, Cama Lane, Ghatkopar (w) Mumbai 400086

We also provide service related to Redevelopment Project and loans

**NIRAV VORA**
98791 92893
99798 92893
**PRAMOD SHAH**
87806 89258
89806 80280

**Shah and Vora Properties**

: Contact for Property :
Residential,
Commercial, Rental
9 Mtr. Road,
Anjar-Kutch. Pin : 370 110.

*With Best Compliments From :*

Bharat Doshi — Darshan Doshi
8082009180

**JAIN SAGAR CATERERS**

Pestom Sagar Road No.6,
Reti Bander, Near Natraj Building,
Opp. Somaiya Ground No.4,
Ghatkopar (E), Mumbai - 400 075.
Tel. (Resi) 2501 4851 • 93249 90300 (Varshaben)
Mobile : 98212 43571 • 9321990700 (Bharatbhai)

*With Best Wishes From*
**PARESH RAJNIKANT DOSHI**
9380277725

**DOSHI GEMS**

SYNTHETIC ZIRCON STONES/ SILVER RINGS / PRECZOUS STONES / RUBY / CORALS/ PEARLS
9/5, Krishnappa Maistry Street,
Edapalayam,
(Near R Gold Jewellers),
Park Town, Chennai-600 003.

કચ્છ મંજલના હાલ નાસિક
**જૈન વિધીકાર**
**પંડિતજી દિનેશ છગનલાલ શાહ**
પૂજન – પ્રતિષ્ઠા – અંજનશલાકા
તેમજ જૈન વિધી પ્રમાણે
કાલસર્પયોગ શાંતિ, અચલેષા,
નક્ષત્ર શાંતિ, મૂળ નક્ષત્ર શાંતિ,
સર્વ ગ્રહ શાંતિ, સર્વ નક્ષત્ર શાંતિ
જૈન વિધી પ્રમાણે કરાવનાર
**પંડીતજી દિનેશ સી. શાહ**
ફ્લેટ નં. ૨૪, અવિષ્કાર એપાર્ટમેન્ટ,
શિંગાડા તળાવ,
ગુરુદ્વારા રોડ, નાસિક સીટી. ૪૨૨૦૦૧.
ઘર : ૦૨૫૩-૨૫૯૭૧૫૮
મો. ૦૯૮૯૦૫૦૪૨૨૬




With Best Compliments:
**SRI VIJAY HARDWARE & ELECTRICALS**
**DEALERS IN :**
**Ele, Motors & Oil Engines, G.I. & P.V.C. Pipes & Fittings, P.V.C. Wires & Electricals Goods**
60/31, Karumari
Veerabathra Street,
Opp. Jain Temple,
Vellore-632004.
Ph. : 2235660, 2223249
Mob. : 93453 15904, 9894591067
email : svhe.vellore@gmail.com
website: srivijayhardware.business.site

**આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)**

# સમય વર્તે સાવધાન।

✍ ઉર્વિશ પંડ્યા

**આ** યુગમાં સૌથી ઝડપથી ફેલાતી એવી કોઈ બીમારી હોય તો એ છે કેન્સર. દર વર્ષે ૪ **ફેબ્રુઆરીએ મનાવાતો વિશ્વ કેન્સર દિવસ** આપણને યાદ અપાવે છે કે આ બીમારી અંગે જાગૃતિ ફેલાવવી કેટલી આવશ્યક છે. અત્યારે ચિંતા કરવા જેવી બાબત એ છે કે હવે તો શરીરના કોઈ પણ ભાગમાં કેન્સર થઈ શકે છે. સ્તન કેન્સર, મોંનું કૅન્સર, ગર્ભાશયનું કૅન્સર, પ્રોસ્ટેટનું કૅન્સર, લોહીનું કેન્સર ઉપરાંત બીજા અનેક જાતના કૅન્સર માનવજાતને હેરાન કરી રહ્યા છે. રોજ નવા પ્રકારના કૅન્સર અને તેના ઉપચારોની શોધખોળ થઈ રહી છે. તે છતાંય કૅન્સર એક જીવલેણ બીમારી સાબિત થઈ રહી છે.

૧૯૩૩થી વિશ્વ આરોગ્ય સંસ્થા (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) દ્વારા આ વિશ્વ કૅન્સર દિવસ ઉજવવવાની શરૂઆત થઈ હતી. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ સુધીના ત્રણ વર્ષ માટે આ સંસ્થાએ જે થિમ આપ્યો હતો તે ખરેખર પાળવા જેવો છે. આઈ એમ એન્ડ આઈ વિલ. હું કૅન્સર અંગે જાગૃતિ ફેલાવી રહ્યો છું અને ભવિષ્યમાં પણ ફેલાવતો રહીશ તેવી તૈયારી સાથે દરેક નાગરિકે બહાર પડવું જોઈએ. આજે કૅન્સર અંગે કોઈ ભારેખમ લેખ લખવો નથી. ડૉક્ટરો અને વૈજ્ઞાનિકો તો આ બીમારીના મૂળ સુધી પહોંચવાના તમામ પ્રયત્નો ગંભીરતાપૂર્વક કરી જ રહ્યા છે. આપણે તો એક સામાન્ય નાગરિક તરીકે શું ધ્યાન રાખી શકીએ તે જોવું જોઈએ. સૌથી પહેલી વાત તો એ ધ્યાનમાં રાખવી જોઈએ કે માત્ર કૅન્સર જ નહીં કોઈ પણ બીમારી શરીરને મળે અને પછી તેનો ઉપચાર કરીએ તેના કરતાં શું કરીએ તો તેનાથી બચી શકીએ તેનો વિચાર કરવાની જરૂર છે. ઈલાજ કરતાં તેનાથી કેમ બચવું એ વધુ જરૂરી છે.

નવી નવી શોધખોળોથી નવી નવી બીમારીઓ માટે નવી નવી દવાઓ શોધાય છે એ વાત સાચી, પણ આ નવી નવી શોધખોળોથી નવી નવી બીમારીઓ પણ ઉત્પન્ન થાય છે એ પણ હકીકત છે. કોઈ પણ ક્ષેત્રમાં થતી નવી નવી શોધખોળો આપણી સગવડતામાં વધારો તો કરે છે એની ના નહીં, પણ તેનો વધુ પડતો ઉપયોગ કે દુરુપયોગ આપણી બીમારીઓમાં પણ વધારો કરી શકે છે એ હંમેશાં ખ્યાલમાં રાખવું જોઈએ.

દા.ત. આજે આપણે જે સ્માર્ટ ફોન વાપરીએ છીએ એ ફોન તો દિવસે દિવસે સ્માર્ટ થતો જ જાય છે, પણ જેમ જેમ એની સ્માર્ટનેસ વધતી જાય છે તેમ તેમ આપણે વધુને વધુ બાઘા બનતા જઈએ છીએ એ પણ હકીકત છે. પહેલાં રોજ રાત્રે દસ કે બહુ બહુ તો બાર વાગે સૂઈ જતો યુવાવર્ગ આજે રાતના અઢી-ત્રણ વાગે પણ મોબાઈલમાં મોં ઘાલીને બેસેલો જોવા મળે છે. ઈન્ફોર્મેશન ટેકનૉલૉજીનો વ્યાપ વધ્યો છે, પણ તેને કેટલી વાપરવી કે ન વાપરવી તે તો આપણા હાથમાં હોવું જ જોઈએ. પહેલાં ઘરમાં એક જ ટીવી હતું એટલે લોકો તેને બંધ કરીને નિશ્ચિત સમયે સૂઈ જતા હતાં, પણ આજે? આજે જેટલા માણસો એટલા ટી.વી., ટી.વી. નહીં તો કૉમ્પ્યુટર-લેપટોપ અને એ નહીં તો સ્માર્ટ ફોન તો દરેક સભ્યો પાસે આવી ગયા છે. હું ગમે તે કરું બીજાને તો ડિસ્ટર્બ નથી થતું ને? આમ માનીને કોઈપણ સમયે આવા ઈલેક્ટ્રોનિક સાધનો સાથે વળગેલા રહે છે. અલ્યા ભાઈ, માની લીધું કે કવેળાએ તું જે પ્રવૃત્તિ કરી રહ્યો છે તેનાથી બીજાને નુકસાન નથી થતું, પણ તને પોતાને તો નુકસાન થઈ જ રહ્યું છે ને? તારી પોતાની બોડી રિધમ શરીરની જૈવિક ઘડિયાળ તો ખોરવાઈ રહી છે ને? તારી કુદરતી ઊંઘ ઓછી થઈ રહી છે તેનું શું? તને પોતાને તો પછી વહેલી સવારે ઊઠવામાં તકલીફ પડે છે ને? તું પોતે તો ઘણી વાર ટ્રેન કે કંપનીની બસ ચૂકી જાય છે ને? તું પોતે તો સવારના મોર્નિંગ વૉકમાં જવાનું ચૂકી ગયો છે ને? અલ્યા, આ બધા સાધનો તો માણસે બનાવ્યા છે, પણ હવે આ સાધનો જ માણસને 'બનાવી' જાય એ કેવું?'

સાચે જ, આજકાલ લાઈફ સ્ટાઈલ ઝડપથી બદલાઈ રહી છે. આ ઝડપ જ નવા નવા કૅન્સર સહિતની નવી નવી બીમારીઓ તો નહીં લાવતું હોય ને? એ ખરેખર સંશોધનનો વિષય છે, માત્ર ઈલેક્ટ્રોનિક આઈટમ જ નહીં, પ્રોસેસ કરેલા ફૂડ ખાવાનો અભરખો વધતો જ જાય છે. મહિલાઓ કામ કરતી થઈ ગઈ છે. તેમને સારા પગાર મળે છે, પણ તેમના સંતાનોને પર્યાપ્ત ઘરનું ખાવાનું મળે છે કે નહીં તે કોણ જોશે? અને મહિલાઓની જ વાત નથી, કામ કરતી મહિલાઓના ઘરના પુરુષોએ પણ આ વાતની તકેદારી રાખવી જોઈએ કે છોકરાઓને ઘરની બનાવેલી વાનગીઓ પણ સમયસર મળે છે કે નહીં. નમકીન રેડિમેડ પેકેટ્સ, જંકફૂડ, તૈયાર બોટલ્ડ, પીણાઓનો દોર વધતો જ જાય છે. ક્યાંક તો અટકવું જ પડશે. ને ખાવાપીવાની વાત છોડો. હવે દવાઓની બાબતે પણ વિચારવું પડશે. આજકાલ જે છોકરાઓ જિમ્નેશિયમમાં જાય છે તેમને ખબર હશે કે ઘણા કોચ તેમને પ્રોટીન પાઉડર લેવાનું કહેતા હોય છે. દૂધ, કઠોળ કે લીલા શાકભાજીને હાથ ન લગાડનારો યુવાવર્ગ આ પ્રોટીન પાઉડર હોંશે હોંશે ખાય છે, પણ આ બોડી અને મસલ્સ બનાવવાની લાયમાં ક્યારેક શરીરને નુકસાન પણ થઈ બેસે છે. કેટલાક પાઉડર એવા હોય છે કે વર્કઆઉટ કર્યા બાદ લેવાથી શરીરમાં ઈન્સ્યુલિનનું પ્રમાણ વધે છે. જો રોજેરોજ ઈન્સ્યુલિનનું પ્રમાણ વધતું જાય તો શરીરને નુકસાન પણ થઈ શકે છે. આવા પાઉડર લેવાથી ખીલ-ફોડીઓનું પ્રમાણ વધી શકે છે. માથાનો દુઃખાવો, થાક, કબજિયાત, માંસપેશીઓમાં દુઃખાવો પણ વધતો જાય છે. બીજી ઘણી બધી દવાઓ એવી હોય છે જે એક દર્દ તો શરીરમાંથી હટાવે, પણ બીજી બે-ચાર બીમારીઓ આડ- અસર તરીકે ઘરમાં ઘુસી જાય.

લ્યો બોલો, હવે આખી રાત મોલ કે રેસ્ટૉરન્ટ ચાલતા રહેશે તેવા સમાચાર આવી રહ્યા છે. ઘણા લોકો તો આની પહેલાં પણ પોરસાઈને કહેતા કે અમારા એરિયામાં તો રાત્રે દોઢ વાગે પણ પાઉંભાજી મળી જાય. અલ્યા ભાઈ. હવે તો સરકારી કાયદો આવ્યા પછી દરેક સમયે દરેક વસ્તુઓ ઉપલબ્ધ થશે, પણ પેટ તો તારું પોતાનું છે ને? એક સમયે સંધ્યાકાળે વાળું કરી લેતા લોકો હવે રાત્રે બે વાગે લંચ લેવા ભેગા થાય તો નવાઈ નહીં.

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

કેન્સર અને ડાયાબિટીસ જેવી બીમારીઓ કોઈ વાઈરસને લીધે નહીં, પણ બદલાતી જતી લાઈફસ્ટાઈલને કારણે થતી હોય છે. જોકે, ક્યારે નાની નાની બીમારીઓ કોઈ મોટી જીવલેણ બીમારીમાં પરિવર્તિત થાય એ નક્કી નથી કરી શકતું.

...તો આપણે હવે કરવું શું? ચાલો નીચે પ્રમાણેની સાવધાની તો આપણે રાખી શકીએ ને?

૧. ગમે તેટલી નવી શોધખોળોનો જન્મ થાય એ તમારી તબિયત પર અસર કરતી નથી ને તેની તકેદારી રાખો.

૨. વર્ક આઉટ કરતી વખતે જે દવાઓ કે પ્રોટીન પાઉડર લખી આપવામાં આવે છે તે તમારા શરીરનો પૂરો ઈતિહાસ જાણતા ફેમિલી ડૉક્ટરને પણ બતાવો. એ તમને તમારી પ્રકૃતિને અનુસાર માર્ગદર્શન આપશે.

૩. જેટલી નવી શોધખોળો થાય છે, નવી સગવડો-સાધનો ઊભા થાય છે. એ બધા જ આપણા માટે લાભકર્તા છે એમ માની લેવું નહીં. આજ કાલ દરેક નવી શોધો કોમર્શિયલ દૃષ્ટિકોણથી જ બજારમાં આવતી હોય છે. તેની અસર આપણા શરીર પર પડે ત્યારે ઘણી વાર મોડું થઈ ગયું હોય છે. આવી ચીજો લાઈફ સ્ટાઈલ સુધારે પણ જતે દહાડે લાઈફ જ બગાડી બેસે તેનું શું. કોઈ પણ નવી શોધો પાછળ રાતો ન બગાડો. તંદુરસ્તી માટે સંયમ-નિયમ પણ જરૂરી છે.

૪. છેલ્લાં કેટલાંક વર્ષથી ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓનો વપરાશ એટલો બધો વધી ગયો છે કે વસંતઋતુ ચાલતી હોવા છતાં તમે કુદરતની નજીક જઈ શકતાં નથી એવું બની શકે. યસ, કુદરતની નજીક જવાનો આ ખુબ સુંદર સમય છે, થોડો સમય નવી ડિજિટલ શોધખોળો, નવા સાધનો, નવા વાહનો, નવી વ્યવસ્થાઓ, નવી પદ્ધતિઓનો ઉપવાસ કરીને જૂની પુરાણી સનાતન કુદરતના સાનિધ્યમાં ગાળીએ તો?

ટ્રાય તો કરો. તમારા જીવનમાં વસંત ન ખીલે તો કહેજો.

(સાભાર : મુંબઈ સમાચાર)

## વાસ્તવિક માનવ જીવન જીવવાનો સારો અભિગમ

✍ રવિન્દ્ર એલ. શાહ, ચેન્નાઈ

**બ**ધાને માન આપો (સમ્માન), કારણ કે આખું વિશ્વ એક કુટુંબ છે. આપણે આપણી આસપાસ સીમાઓ દોરતા રહીએ છીએ. આપણી કાલ્પનિક મર્યાદાઓ, આપણી સમાનતાની કાલ્પનિક ભાવના એક વર્ગના લોકો સાથે જોડાયેલા છે. કેટલાક તફાવતો અસ્તિત્વમાં છે, જેમ કે લિંગ. જાતિ, સંપ્રદાય, રંગ, રાષ્ટ્રિયતા અને ધર્મ જેવા કેટલાક તફાવતો સર્જાય છે.

માણસના આંતરિક ગુણોમાંનું એક છે શોધવું અને તફાવત કરવો. આ રીતે આપણે એકબીજાને ઓળખીએ છીએ.

પાસપોર્ટ ઓફિસ તમને અન્ય લોકોથી અલગ રાખવા માટે ઓળખ ચિહ્નો માટે પૂછે છે. તેથી, રાષ્ટ્રીય સીમાઓ પ્રત્યેનો પોતાનો જુસ્સો, તે વિઝા અને પ્રવેશ પરમિટ અથવા નાગરિકતાના સ્વરૂપમાં હોય, તે કંઈ નવું નથી. વલણ એ છે કે આપણી સંસદ તેના પ્રવેશદ્વાર પર લેખીત છે, જોકે તાજગીજનક રીતે નવી છે અને તેની પાછળ એક વાર્તા છે.

પત્થરોમાં 'વસુધૈવ કુટુમ્બકમ' શબ્દો લખેલા છે જેનો અર્થ થાય છે વિશ્વ એક પરિવાર છે. તે તમામ માનવ જીવનનો આદર કરવાની સાચી ભાવનામાં છે.

આ વાર્તા પંચતંત્રમાંથી લેવામાં આવી છે અને હવે પછીની વાર્તા ચાર મિત્રોની છે. જેઓ એક સાથે મોટા થયા હતા અને હવે યુવાનીને વટાવી રહ્યા હતા. તેમાંથી ત્રણ ઉચ્ચ શિક્ષિત હતા, ચોથો - અશિક્ષિત. પરંતુ તેમ છતાં તેઓ સારા મિત્રો હતા.

તે સમયની રીતને ધ્યાનમાં રાખીને, તેઓએ વિવિધ સ્થળોએ જઈને તે રાજ્યના રાજાને તેમના જ્ઞાનથી ખુશ કરીને કમાવવાનું નક્કી કર્યું. જ્યારે રાજા તેમની શિષ્યવૃત્તિથી પ્રસન્ન થતો, ત્યારે તે તેમને ધન-સંપત્તિ એનાયત કરતો, પછી ભલે તે સોનાના સિક્કા કે આભૂષણોના રૂપમાં હોય.

ચારેય પ્રયાણ કર્યું. પ્રવાસ કપરો હતો. તેમની મુસાફરીમાં થોડા કિલોમીટર આગળ, ચાર મિત્રોમાંથી એકે કહ્યું: 'આપણે કમાવાના છીએ. રાજાઓ વિદ્વાનને જ પુરસ્કાર આપે છે. શા માટે આપણે આપણા આ અભણ મિત્રને સાથે લઈ જઈએ છીએ? કોઈ રાજા તેને કંઈપણ પુરસ્કાર આપશે નહીં. હું મારી કમાણી તેની સાથે વહેંચીશ નહીં.' બીજા મિત્રએ વિચાર્યું. પૂરતું વાજબી. 'હું સંપૂર્ણ સંમત છું. મને લાગે છે કે તેણે પાછા ફરવું જોઈએ.' તેઓએ તેને પાછા જવા કહ્યું. ત્રીજા મિત્રએ તેમને રોક્યા અને કહ્યું, 'સંપત્તિનો શું ઉપયોગ વહેંચાયેલ નથી?' જ્યાં સુધી તે ઉપયોગી છે ત્યાં સુધી તે સંપત્તિ છે.' સંકુચિત માનસિકતા ધરાવનાર વ્યક્તિ તેનું શું છે અને બીજાનું શું છે તે વચ્ચે તફાવત કરે છે. ઉદાર માટે, બધા લોકો તેમનો પરિવાર છે - વસુધૈવ કુટુમ્બકમ. બંને મિત્રો તેમની મૂર્ખાઈ/ભૂલ સ્વીકારવા માટે સમાન રીતે વિશાળ હૃદય ધરાવતા હતા અને તેમના અભણ મિત્રને તેમની સાથે ચાલવા માટે સંમત થયા.

બાકીની વાર્તા વારંવાર કહેવામાં આવી છે. ભણેલા મિત્રો બહાર નીકળી ગયા. બાકીની વાર્તા ઘણીવાર ઉદાહરણ તરીકે આપવામાં આવે છે. રસ્તામાં તેઓ એક પ્રાણીના બાકી રહેલા હાડપિંજરની નજીક આવ્યા. શિક્ષિત મિત્રો બહાર નીકળી ગયા. તેમની વચ્ચે તેઓને પ્રાણીને જીવંત કરવાનું જ્ઞાન હતું : 'પણ રાહ જુઓ' અભણ મિત્રએ ચેતવણી આપી. તે સિંહના હાડપિંજર જેવું લાગે છે. જો તે જીવતો આવશે, તો તે આપણા બધાને મારી નાખશે.. મિત્રોએ અસહિષ્ણુતામાં માથું હલાવ્યું. અભણ નજીકના ઝાડ પર ચઢી ગયો. તેમાંથી ત્રણ સિંહને જીવતા લાવ્યા અને આખરે સિંહ તેમને ખાઈ ગયો. તેથી, પ્રતિબિંબિત માત્ર એક જ જીવંત છે જે અશિક્ષિત છે. તેના મિત્રો આ વિચારમાં યોગ્યતાને ઓળખી શકે તેટલા સમજદાર હોવા છતાં વસુધૈવ કુટુમ્બકમનો વિચાર, તેમના શક્તિ જ્ઞાનને પ્રદર્શિત કરવાની ઈચ્છાએ સાચા પડકારના સમયે તેમની દૃષ્ટિને વાદળછાયું કર્યું. તેઓ તેને ગંભીર સુનાવણી આપવા માટે વિરામ કરી શક્યા ન હતા કારણ કે તેઓ તેને તેમના સમાન માનતા ન હતા.

આપણી સંસદમાં પ્રવેશ પરનો શિલાલેખ આ વાર્તાથી ઉદ્દભવે છે. આ તે ભાવના છે જેની સાથે તે તર્કસંગત છે.

આ લેખન શ્રી સુદામહી રઘુનાથન દ્વારા કરવામાં આવ્યું છે અને તે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અન્ડર સ્પીકિંગ ટ્રી ઈન્સર્શનમાં પ્રકાશિત થયું છે. અભિરિત.

# શ્રધ્ધાંજલિ

परस्परोपग्रहो जीवानाम्

**જન્મ :**
**તા.૧૦–૦૧–૧૯૩૩**



परस्परोपग्रहो जीवानाम्

**અરિહંત શરણ**
**તા.૧૮–૦૧–૨૦૨૩**

## શ્રીમતી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ

**હાલે : વડોદરા : મૂળ વતન : માંડવી-કચ્છ.**

આપના કર્મો ફુલ બની સુવાસ મુકી ગયા,
તમારા સુવિચારો, સદ્‌ગુણો, સંસ્કાર અને આત્મિયતા
અમારામાં રહે તે ભાવના સાથે શ્રદ્ધાસુમન.

**પતિ : સ્વ. પ્રભુલાલ નાનાલાલ શાહ**

| | | | |
|---|---|---|---|
| પુત્રવધૂ-પુત્ર | : ભાવના લલિત શાહ | દોહિત્રી : | : પરિના નિલેશ દોશી |
| પુત્રવધૂ-પુત્ર | : લતા જીતેશ શાહ | ભોજાઇ-ભાઇ | : પ્રભાવંતી ચંદ્રકાન્ત પ્રાણલાલ શાહ (કલીકટ) |
| દીકરી | : મીના પ્રભુલાલ શાહ | નણંદ-નણદોઇ | : સ્વ. માનવંતીબેન પ્રેમચંદ શાહ |
| દીકરી-જમાઇ | : ભારતી નિલેશ દોશી | નણંદ-નણદોઇ | : પુષ્પાબેન ઇશ્વરલાલ શાહ |
| પૌત્રવધૂ-પૌત્ર | : ખુશ્બુ હિષી શાહ | નણંદ-નણદોઇ | : હંસાબેન શશીકાન્ત વસા |
| પ્રપૌત્ર | : પ્રણવ હિષી શાહ | નણંદ-નણદોઇ | : કુસુમબેન ચંદ્રકાન્ત શાહ |
| પૌત્રી-પૌત્રીજમાઇ | : પંકિત કત્યક દવે | બેન-બનેવી | : સ્વ.કલાવંતીબેન ખુશાલભાઇ સંઘવી |
| પૌત્રી | : પુજા જીતેશ શાહ | બેન-બનેવી | : કુસુમબેન ચંદુલાલ શાહ |
| દોહિત્રવધૂ-દોહિત્ર | : દર્શીકા અમીષ દોશી | બેન-બનેવી | : જયોત્સના તનસુખભાઇ શાહ |

## લગ્ન વિષયક



નામ : કુમાર ધ્રુવ ઝવેરી
પિતાનું નામ: વિલાસ રવિલાલ ઝવેરી
માતાનું નામ: કમલબેન
જન્મ તારીખ: ૧૮-૧૧-૧૯૯૩
સમય : સવારે ૮.૨૯ (ભુજ)
ઉંચાઈ : ૫'-૭''
દેખાવ : ફેર
અભ્યાસ : બેચલર ઓફ એન્જિનિયરીંગ
શોખ : મ્યુઝીક, ટ્રાવેલીંગ એન્ડ એડવેન્ચરર્સ ચેસ, મુવી અને સીરીઝ
વ્યવસાય : Sr. Engineer QA at Nextgen-Healthcare, Bangalore
વા.આવક : સારી
જ્ઞાતિ : વિશા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ, તપગચ્છ
મૂળ વતન : ભુજ
દાદા : રવિલાલ નથુ ઝવેરી
નાના : આનંદજી હીરજી શાહ-લાલન-ભુજ
ભાઈ : એક (અપરિણિત)
બહેન : એક (અપરિણિત)
સરનામું : #૧૧ પ્રશાંતિ એપાર્ટમેન્ટ, કલામવાડી સોસાયટી, શક્તિ સોસા. પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મોબાઈલ : ૮૫૩૦૩ ૩૧૧૩૦
મોબાઈલ : ૯૫૫૨૯ ૯૨૧૮૯
ઈ-મેઈલ : zaveridhruv18@gmail.com
અન્ય સંપર્ક : ૧) વિલાસ ઝવેરી
મો. ૮૪૦૧૯ ૪૬૮૨૮
૨) કમલ ઝવેરી
મો. ૮૭૩૪૯ ૩૧૫૦૯

## લગ્ન વિષયક માહિતી

'કચ્છ ગુર્જરી'ના સભ્યોના વેવિશાળ યોગ્ય પુત્ર, પુત્રી, ભાઈ, બહેન વગેરેની માહિતી 'કચ્છ ગુર્જરી'માં ફોટા સાથે પ્રસિદ્ધ કરવાના ખર્ચ પેટે રૂા. ૭૫૦/- લેવામાં આવે છે. ફોટા વગર માહિતી પ્રસિદ્ધ કરવાના રૂા. ૫૦૦/- લેવામાં આવે છે. રંગીન (કલર) ફોટા સાથેની લગ્ન વિષયક માહિતીના રૂા. ૧,૫૦૦/- લેવામાં આવે છે. આ માહિતી સંપૂર્ણ અને વ્યવસ્થિત રીતે પ્રસિદ્ધ કરવા હેતુ ફક્ત નીચે પ્રમાણે, ફક્ત ગુજરાતીમાં અને આપેલ ફોર્મ મુજબ જ ભરી મોકલવી. વધારાની વિગતો લેવામાં આવશે નહીં. મોકલાવેલ વિગતની સચ્ચાઈની સંપૂર્ણ જવાબદારી મોકલનારની રહેશે. (ફોટાની પાછળ પૂરું નામ લખવું ફરજિયાત છે.)


## લગ્ન વિષયક



નામ : સાગર શાહ
પિતાનું નામ: કેયૂર વાડીલાલ શાહ
માતાનું નામ: તૃપ્તિબેન
જન્મ તારીખ: ૩૦-૧૦-૧૯૯૦
સમય (રાત્રે ૯.૨૦ કલાકે)
ઉંચાઈ : ૫'-૯'', વજન : ૭૮ કિલો
દેખાવ : સારો
અભ્યાસ : MCA.
શોખ : મ્યુઝીક, મુવી, રીડીંગ, ટ્રાવેલીંગ
વ્યવસાય : વેપાર
આવક : સારી
જ્ઞાતિ : કચ્છી દશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિ
મૂળ વતન : ભુજ-કચ્છ
દાદા : ડૉ. વાડીલાલ ગોપાલજી શાહ
નાના : નાનાલાલ બેચરલાલ વોરા
બહેન : એક (પરિણિત)
સરનામું : સી-૧૧૦૨, આકાંક્ષા એપાર્ટમેન્ટ, સેવી સ્વરાજ ફેઝ ૧, વંદે માતરમ્, ગોતા, અમદાવાદ.
મોબાઈલ : ૮૪૬૦૪ ૦૭૪૬૯
મોબાઈલ : ૮૨૩૮૯ ૪૪૯૯૪
ઈ-મેઈલ : shahsagar1111@gmail.com
અન્ય સંપર્ક : ૧) તૃપ્તિબેન
મો. ૯૮૯૮૮ ૨૬૩૯૩
૨) વત્સલભાઈ
મો. ૯૧૭૩૫ ૦૨૦૯૭
વિ.માહિતી : નિર્દોષ છૂટાછેડા

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

જન્મ :
તા.૧૧-૧૦-૧૯૫૯



અરિહંત શરણ
તા.૨૧-૧૨-૨૦૨૨

## શ્રી નિલેશભાઈ ખુશાલભાઈ દોશી

તમે જીવનને ચોકકસ અર્થ આપ્યો અને જીવનની સફર પુરુષાર્થની અને પ્રવૃત્તિમય રીતે પુરી કરી,
જે સાર્થકતા અને સંતોષથી લાગણી આપી ગયું.
તમે જિંદગીમાં આવી પડનારી સુખ-દુઃખની પરિસ્થિતિઓને અને
જિંદગીમાં આવી પડનારી આંટી-ઘૂંટી ઉકેલવાની સૂઝ-બૂઝ આપી,
જે અમારે મન બીજા બધા વારસા કરતાં વધારે મહત્વની અને કિંમતી છે,
પરમાત્મા આપના આત્માને મોક્ષ આપે એ જ પ્રાર્થના....

| | |
|---|---|
| બાપુજી | : સ્વ. ખુશાલભાઇ મોણશીભાઇ દોશી |
| બા | : સ્વ. ચંચળબેન ખુશાલભાઇ દોશી |
| પત્ની | : ભારતીબેન નિલેશભાઇ દોશી |
| પુત્રવધુ-પુત્ર | : દર્શિકા અમિષ દોશી |
| પુત્રી | : પરિના નિલેશ દોશી |
| ભોજાઇ-ભાઇ | : પ્રફુલ્લાબેન સુરેશભાઇ દોશી (સતના) |
| ભોજાઇ-ભાઇ | : શીતલબેન સુધિરભાઇ દોશી |
| બહેન | : સ્વ. શોભનાબેન ભરતભાઇ (હૈદ્રાબાદ) |
| સાસુ-સસરા | : સ્વ. ભાગ્યવંતી પ્રભુલાલ નાનાલાલ શાહ |
| સાળાવેલી-સાળા | : ભાવનાબેન લલિતકુમાર શાહ (વડોદરા) |
| સાળાવેલી-સાળા | : લતાબેન જીતેશકુમાર શાહ (વડોદરા) |
| સાળી | : મીનાબેન પ્રભુલાલ શાહ |
| વેવાણ-વેવાઇ | : ચેતનાબેન કમલેશભાઇ શાહ (બેંગ્લુરુ) |



UTSAV Foundation

CELEBRATING 25 YEARS

UTSAV Stock Exchange

USE

EXPERIENCE THE NEW

# Ring Trading

"Ring Trading is an old age style of trading on a trade floor, where exchange of financial assets such as stocks, commodities and bonds take place. However this has been replaced with modern day electronic trading systems as they reduce the margin for error, cut costs and reduce the possibility of market manipulation by unscrupulous traders.

UTSAV Stock exchange 2.0 organised on 15th January 2023 was a complete blend of traditional and modern day trading systems, with 47 teams consisting of 3 players each. We had special guest Analysts and Experts who added value by analysing and guiding the traders with their expert views.

Towards the end of trades, the experts gave a small presentation in their area of expertise to help the young crowd get a better understanding of the actual trading and investment sector and clear their doubts in the relative fields.

All in all it was a fruitful day with a lot of opportunity to learn and relearn, with the right people sharing out their trunk of knowledge.

Summing up with just the best say.

"Know what you own,
and know why you own it."

ASSOCIATE SPONSORS

SHRI VINODBHAI VRAJLAL DOSHI

MATUSHRI KALABEN MANGALBHAI MEHTA

SHRI PRABHULAL MOHANLAL SANGHVI PARIVAR

MATUSHRI KUMUDBEN JAYENDRABHAI SHAH

EUROBOND

MATUSHRI NIRANJANABEN NANALAL SHAH

SHRI BHARAT NARENDRA VORA PARIVAR

SHRI GUNVANTRAI MAGANLAL SHAH PARIVAR

EDNOVATE
NO. 1 CA COACHING
7273967967

MAHAVIR ESTATE CONSULTANTS

KONSTELEC ENGINEERS

Grand Stitch

FOOD PARTNER

DESIGN PARTNER

MEHTA PLASTIC

Reliance PACKAGING INDUSTRIES

Sunny

॥अपूर्व॥ We Care For You

Bespoke Bliss

UTSAV યુવારંભ Foundation
CELEBRATING 25 YEARS

# THE NEON SAIL PARTY

"Good vibes Happen on high tides"

Very truely said and the young ,energetic teens of kicked off the beginning of the new year in the most stylish and unparalleled way.

## UTSAV yuvarambh foundation organised

THE NEON SAIL PARTY,which was an extraordinary, vibrant, glowy and a super successful event by and for the aspiring GEN Z.

The event was organised on 6th January 2023 at The Gateway of India for all the budding girls and boys aged 16-28 years, which received an overwhelming response with over 250 registrations, wherein 169 teens were accommodated on 2 interconnected boats which sailed off with a lot of glea and shine.

While the sun went down, the music roared louder, they grooved and set the floor on fire with a live DJ, fantastic games by a professional team and the best rewards to appreciate the young talents followed by mouth watering and finger licking delicacies.

Our motto was to have our GEN Next under one roof and create a stronger bond for a brighter future which was effortlessly achieved. It was indeed an unsinkable bliss to watch our future sail through swiftly.






Regards
**Team Utsav**
"Sea ya all,
until next time".






















MAIN SPONSOR
Deep dresses
CO SPONSOR
RAJSHREE BUILDERS
POWERED BY
alltime
SHRI RAMESHBHAI PREMCHAND MEHTA


RKB GLOBAL LTD
www.rkb.co.in
Follow us on
/rkbglobal
COLOUR COATED ROOFING SHEETS
COLOUR COATED (GC) SHEETS
GALVANIZED CORRUGATED SHEETS
MS BLACK & GI PIPES
ROOFING ACCESSORIES
BINDING WIRES
BRIGHT BARS
WELDING RODS
SELF DRILL SCREWS
CERTIFIED ISO 9001:2008 COMPANY
MAKE IN INDIA
CHANNEL PARTNERS
TATA STEEL
JSW
ACCIL
AM/NS INDIA
RR METALMAKERS
VIRAT ROOFING
RKB GLOBAL LIMITED
Corporate Office: 1st & 2nd Floor, Sugar House,
93/95 Kazi Sayed Street, Masjid Bunder (West),
Mumbai 400 003. India. Phone: +91.22.6192 55 55 / 501
Email: steel@rkb.co.in I sales@rkb.co.in
Scan to Download Brochure
BRANCH OFFICES PAN INDIA
Panjim (Goa) • Sulur (Tamilnadu) • Ahmedabad (Gujarat) • Indore (Madhya Pradesh) • Ernakulam (Kochi) • Kolkata (West Bengal)

# પ્રથમ પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ

: જન્મ :
તા. ૦૯–૦૩–૧૯૩૯
બેંગ્લોર



: અરિહંત શરણ :
તા. ૦૮–૦૨–૨૦૨૨
અમદાવાદ

## સ્વ. હસુમતીબેન ધીરજલાલ સંઘવી

અમદાવાદ (મુંદ્રા–કચ્છ )

•

**જીવન એવું જીવ્યા કે યાદ કરતી રહી દુનિયા સારી,**
**મૃત્યુને પણ એવું અપનાવ્યું કે યાદ કરતી રહી દુનિયા સારી**
**પ્રેરણા સ્ત્રોત્ર બન્યા સૌના ના કોઈ આડમ્બર અભિમાન, તેજસ્વી પ્રતિભા**
**સમતામય સ્વભાવ યાદ કરતી રહી દુનિયા સારી.**

•

શોકમગ્ન આપનો પરિવાર
પતિ : ધીરજલાલ કરશનજી સંઘવી
સાસુ–સસરા : સ્વ. કેશરબેન કરશનજી સંઘવી * સ્વ. કરશનજી શીવરાજ સંઘવી
માતા–પિતા : સ્વ. જડાવબેન લવજીભાઈ પારેખ * સ્વ. લવજીભાઈ ગોરધન પારેખ
પુત્ર–પુત્રવધૂ : નિમેષ ધીરજલાલ સંઘવી * ગીતા નિમેષ સંઘવી
નિશીથ ધીરજલાલ સંઘવી * કૃપલ નિશીથ સંઘવી
પુત્રી–જમાઈ : નીતા જિતેન્દ્ર મહેતા * જિતેન્દ્ર ચંદુલાલ મહેતા
પૌત્ર–પૌત્રી : રિયાન, માનસી, કાવ્યા, શાઈના
દોહિત્ર–દોહિત્રી : મીત જિતેન્દ્ર મહેતા * શૈલી ચિંતનકુમાર ઝવેરી
નણંદ–નણદોઈ : સ્વ. ઝવેરબેન નાગજી મહેતા * સ્વ. નાગજી વિસનજી મહેતા
જેઠ–જેઠાણી : સ્વ. મણીલાલ, સ્વ. પુનમચંદ, સ્વ. રવિલાલ * સ્વ. ચંદનબેન, સ્વ. કંચનબેન, સ્વ. કમલાબેન
ભાઈ–ભાભી : સ્વ. રવિલાલ, સ્વ. મોહનલાલ, નરેન્દ્રભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ
સ્વ. સુશીલાબેન, સ્વ. સરોજબેન, સ્વ. દિનાબેન, કુમુદબેન.
બેન–બનેવી : સ્વ. લીલાવંતીબેન, સ્વ. વિમળાબેન (યુએસએ), સ્વ. દમયંતીબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. કલાબેન
સ્વ. નાનાલાલ શેઠ, સ્વ. નટવરલાલ વોરા (યુએસએ), સ્વ. વાડીલાલ શાહ, સ્વ. મહેન્દ્ર ગાંધી, સ્વ. મંગલભાઈ મહેતા
કરસનજી શીવરાજ સંઘવી પરિવાર – કલીકટ અને અમદાવાદ (મુંદ્રા–કચ્છ)ના સૌને જય જિનેન્દ્ર
લવજી ગોરધન પારેખ પરિવાર – બેંગ્લોર અને સીકન્દ્રાબાદ (અંજાર–કચ્છ)ના સૌને જય જિનેન્દ્ર.


HOME LOAN
EDUCATION LOAN
PERSONAL LOAN
AMBULANCE
RETIREMENT LOAN
LIFE STARTS AFTER 60...
ARE YOU PREPARED?
AN APPROPRIATE INVESTMENT PLAN
FOR YOUR RETIREMENT NEEDS...
SIP
SYSTEMATIC INVESTMENT PLAN IN EQUITY MUTUAL FUNDS
FOR A FINANCIALLY STRESS FREE
RETIREMENT LIFE INVEST IN MUTUAL FUNDS.
MUTUAL FUND INVESTMENTS ARE SUBJECT TO MARKET RISK, READ ALL SCHEME RELATED DOCUMENTS CAREFULLY.
PVS PARAS VALLABHJI SHAH & ASSOCIATES
PARAS VALLABHJI SHAH AND ASSOCIATES
JAY PARASBHAI SHAH
Mobile: 9879207356
Email: info@parasvshah.com
Website: www.parasvshah.com
JAY PARASBHAI SHAH (ARN-8164)
AMFI REGISTERED MUTUAL FUND DISTRIBUTOR

# 'વિજ્ઞાન એટલે અંધશ્રદ્ધા પર શ્રદ્ધાનો વિજય'

✍ જાગૃતિ તન્ના (જાનકી), મોરબી

**'એ** આપણી રોજબરોજની જિંદગીમાં એવું તો વણાયું છે, કે એના વગર હવે આપણું જીવન અધૂરું જણાય છે.' આ પંક્તિ પરથી તમને હું જે દિવસ વિશે વાત કરવા જઈ રહી છું એ દિવસ વિશે થોડો ઘણો ખ્યાલ તો આવી જ ગયો હશે. **૨૮ ફેબ્રુઆરી એટલે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ.** સૌપ્રથમ તો સૌને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ... વિજ્ઞાન કે જે આપણી જિંદગીનો એક અનિવાર્ય હિસ્સો બની ગયું છે. જેના વગરના જીવનની કદાચ કલ્પના પણ ન થઈ શકે તેવા વિજ્ઞાનના મહત્વને ઉજાગર કરવા માટે નેશનલ કાઉન્સીલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનીકેશન NCSTC એ વર્ષ ૧૯૮૬માં ભારત સરકારને ૨૮ ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે નિયુક્ત કરવા કહ્યું હતું.

હવે આપણને એમ થાય કે ૨૮ ફેબ્રુઆરી જ કેમ? તો ૨૮ ફેબ્રુઆરી, ૧૯૨૮માં કોલકત્તાની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ફોર ધ કલ્ટિવેશન ઑફ સાયન્સ ખાતે ભારતીય વૈજ્ઞાનિક સર સી.વી. રામન એટલે કે ચંદ્રશેખર વેંકટરામને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે પ્રકાશના કિરણોની અલગ અલગ તરંગ લંબાઈ પર વિખેરાઈ જવાની પ્રક્રિયાનું ખૂબ જ બારીકાઈથી અવલોકન કરી તેને લોકો સમક્ષ મૂકી હતી. જે શોધને તેમના નામ પરથી રામન ઈફેક્ટ તરીકે ઓળખવામાં આવે છે. ઈ.સ. ૧૯૩૦માં આ નોંધપાત્ર શોધ માટે તેમને નોબલ પુરસ્કાર પણ મળ્યો હતો. તેમની આ શોધ પરથી બાળકો અને યુવાનોને પ્રેરણા મળે તે હેતુથી દર વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. ઉપરાંત, લોકોની વિચારસરણીમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય, લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ પ્રત્યે જાગૃતિ લાવવા માટે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે.

આજે આપણા ભારત દેશે વૈજ્ઞાનિક ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે, જે ખરેખર નોંધપાત્ર છે અને વિશ્વમાં ભારત દેશની એક આગવી ઓળખ ઊભી કરી છે. પરંતુ એક તરફ જ્યારે આપણો દેશ વૈજ્ઞાનિક ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે, ત્યારે બીજી બાજુ આપણા દેશમાં અંધશ્રદ્ધા પણ વધુ પ્રમાણમાં જોવા મળે છે. જિંદગીમાં અનેક ઈચ્છાઓ આકાંક્ષાઓ હોય છે, જેને પૂરી કરવા માટે આપણે સતત પ્રયત્નશીલ હોઈએ છીએ, પણ જ્યારે માણસના મનમાં ઝડપથી કશું મેળવી લેવાની લાલચ જાગે ત્યારે માણસ અંધશ્રદ્ધા તરફ વળતો હોય છે અને એક વખત જ્યારે માણસ આ રસ્તા પર ચડી જાય પછી પાછા વળવું ખૂબ મુશ્કેલ બની જતું હોય છે. વિજ્ઞાન એ શ્રદ્ધાના વિરોધમાં બિલકુલ નથી, એ અંધશ્રદ્ધાની તરફેણમાં નથી. કોઈપણ કાર્ય શ્રદ્ધા વગર શક્ય જ નથી.

*શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને,*
*રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ.*

– ગની દહીંવાલા

ડો. સી. વી. રામને રામન અસરની શોધનો પ્રારંભ ૧૯૨૧માં કરેલ જે ૧૯૨૮માં પૂર્ણ થઈ. તેમણે આટલા વર્ષ આ શોધ પાછળ લગાવ્યા એ શ્રદ્ધા સાથે કે એક દિવસ તેમની શોધ સફળ થશે અને અંતે તેમને સફળતા મળી. કોઈપણ કાર્યની સફળતાનો આધાર સંપૂર્ણ શ્રદ્ધા સાથે કરેલી મહેનત હોય છે. પણ ઘણી વખત આપણે જેનો કોઈ વિકલ્પ નથી એ મહેનતનો વિકલ્પ શોધતા હોઈએ છીએ અને અજાણતા જ અંધશ્રદ્ધા તરફ વળતા હોઈએ છીએ. માટે હંમેશા વૈજ્ઞાનિક અભિગમ કેળવી શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે ભેદ કરતા શીખવું જોઈએ કેમ કે, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે ખૂબ પાતળી ભેદરેખા હોય છે. તો રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે સંકલ્પ કરીએ કે શ્રદ્ધા સંપૂર્ણ રાખવી પણ અંધશ્રદ્ધા બિલકુલ નહીં.

## સમાચાર મોકલો

'કચ્છ ગુર્જરી'માં પ્રગટ થતા સમાચારોથી સમાજની ગતિવિધીઓથી વાચકો માહિતગાર થાય છે એટલે ઠેકઠેકાણેની કચ્છી ગુર્જર જૈન સંસ્થાઓને વિનંતી કે આપને ત્યાંના સમાચારો સંસ્થાના લેટરહેડ પર લખીને જરૂર મોકલાવો. પરંતુ સમાચાર સુવાચ્ય અક્ષરોમાં અને મુદ્દાસર ટૂંકમાં લખવા વિનંતી કે જેથી વધુ સમાચારોને સ્થાન આપી શકાય. આપના પરિવારમાં કોઈએ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય કે વિશિષ્ટ હોદ્દો પ્રાપ્ત થયો હોય તો તેની વિગત સાથે ફોટો (ફોટો પાસપોર્ટ સાઈઝ બ્લેક એન્ડ વ્હાઈટ) પ્રસિદ્ધ કરવાનો ખર્ચ રૂા. ૧૦૦૦/- રહેશે. **(સમાચાર કે અન્ય કોઈ માહિતી મહિનાની ૨૦ તારીખ સુધીમાં મળે તે રીતે ઈમેઈલ :** kutchgurjari@gmail.com **પર મોકલવા વિનંતી.)**

**– વ્યવસ્થાપકો.**

# સ્વામી વિવેકાનંદ જયંતીનો દિવસ રાષ્ટ્રીય યુવાદીન

✍ ડૉ. મિહિર એમ. વોરા, ભુજ

મિત્રો, વિશ્વના અધિકાંશ દેશોમાં કોઈને કોઈ દિન યુવાદિનના રૂપમાં મનાવવામાં આવતો હોય છે. ભારત દેશમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી, અર્થાત ૧૨મી જાન્યુઆરીના દિવસને પ્રતિવર્ષ રાષ્ટ્રીય યુવા દિનના રૂપમાં મનાવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘના નિર્ણયાનુસાર ઈ.સ. ૧૯૮૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ ઘોષિત કરવામાં આવ્યું. આ ઘટનાના મહત્ત્વનો વિચાર કરતાં ભારત સરકાર તરફથી પણ ઘોષણા કરવામાં આવી કે ઈ.સ.૧૯૮૫થી ૧૨ જાન્યુઆરી એટલે કે સ્વામી વિવેકાનંદ જયંતીનો દિવસ રાષ્ટ્રીય યુવા દિન તરીકે દેશભરમાં સર્વત્ર મનાવવામાં આવશે. આ બાબતના સંદર્ભમાં ભારત સરકારનો વિચાર હતો કે – એવો અનુભવ થાય છે કે સ્વામીજીના દર્શન તેમ જ સ્વામીજીના જીવન તથા કાર્ય પશ્ચાત નિહિત એમનો આદર્શ – એ જ ભારતીય યુવકો માટે પ્રેરણાનો ખુબ જ મોટો સ્રોત હોઈ શકે છે. આ દિવસે દેશભરમાં આવેલા વિદ્યાલયો તેમ જ મહાવિદ્યાલયોમાં તરહ તરહના કાર્યક્રમ યોજવામાં આવે છે; રેલીઓ કાઢવામાં આવે છે; યોગાસનની સ્પર્ધા આયોજિત કરવામાં આવે છે; પૂજા- પાઠ કરવામાં આવે છે; વ્યાખ્યાનના કાર્યક્રમ યોજવામાં આવે છે; વિવેકાનંદ સાહિત્યને લગતાં પ્રદર્શનો ભરવામાં આવે છે.

ભારત દેશ યુવાનોનો દેશ છે. સ્વામી વિવેકાનંદ યુગપુરુષના કેટલાક ક્રાંતિકારી વિચારો અને તેમાં રહેલું વ્યાપક આંતર દર્શન મંદિરો કે દેવળો, પુસ્તકો અથવા મૂર્તિઓ ધર્મનાં માત્ર બાલમંદિરો છે. આધ્યાત્મિકતામાં પ્રવેશવા માગતા બાળ-સાધકને ઉચ્ચ પગલાં ભરવામાં તે શક્તિમાન બનાવે છે, અને સાધકને જો ધર્મની જરૂર હોય તો આ પ્રથમ પગલાંઓ આવશ્યક છે. તમન્ના અને ઈશ્વરને મેળવવાની તાલાવેલી સાથે જ ખરી ભક્તિ આવે છે. માણસ તમને ઘણો વિદ્વાન લાગે કે સાવ અજ્ઞાની લાગે, પણ તેનામાં વિશ્વાસ રાખો. માણસ તમને દેવ જેવો દેખાય કે દાનવની મૂર્તિ જ દેખાય પણ તેનામાં વિશ્વાસ રાખો. પ્રથમ માણસમાં શ્રદ્ધા રાખો પછી જો તેનામાં ખામીઓ જણાય, જો તે ભૂલો કરે, જો તે પ્રાકૃતમાં પ્રાકૃત અને હલકામાં હલકા સિદ્ધાંતોમાં માને તો પણ એમ માનજો કે એ બધા તેના સાચા સ્વભાવનાં લક્ષણો નથી, પણ તેની સમક્ષ ઊંચા આદર્શોના અભાવનું એ પરિણામ છે. જગતમાં બધે પ્રકાશ ફેલાવો. પ્રકાશ, બસ પ્રકાશ ફેલાવો ! સૌ કોઈને પ્રકાશ મળે એમ કરો જ્યાં સુધી સૌ કોઈ પરમાત્મા પાસે પહોંચ્યુ નથી, ત્યાં સુધી આ કાર્ય પૂરું નહીં થાય. ગરીબોને પ્રકાશ આપો, પણ પૈસાદારોને વધુ પ્રકાશ આપો કારણ કે તેમને ગરીબો કરતાં એની વિશેષ જરૂર છે. અશિક્ષિતોને પ્રકાશ આપો; પણ સુશિક્ષિતોને વધુ પ્રકાશ આપો, કારણ કે આપણા જમાનાના શિક્ષણની અહંતા જબરજસ્ત છે.

મહાન સિદ્ધિઓ માટે ત્રણ વસ્તુઓની આવશ્યકતા હોય છે. પ્રથમ હૃદયપૂર્વકની લાગણી. બીજું, લોકોના દુઃખ દૂર કરવા માટે મીઠાશભર્યા વચનો અને ત્રીજું, પર્વતસમાન મુશ્કેલીઓને પાર કરવાની ઈચ્છાશક્તિ. જો તમારામાં આ ત્રણ બાબતો હશે તો તમે ચમત્કારો બતાવી શકવાના. તમારે છાપાઓમાં લેખો છપાવવાની જરૂર નહીં રહે. તમારે ભાષણખોરીની જરૂર નહીં પડે. તમારો ચહેરો જ દીપી ઊઠશે. તમે ગુફામાં રહેતા હશો તો પણ એ પથ્થરની દીવાલો સોંસરા તમારા વિચારો નીકળશે અને સેંકડો વર્ષો સુધી ગુંજતા ગુંજતા જગતભરમાં ઘૂમ્યા કરશે, અને અંતે એ કોઈ એકના મગજમાં ચોટી જઈને કદાચ ત્યાં કાર્યમાં પરિણમશે. વિચારની, સચ્ચાઈની અને શુદ્ધ હેતુની આવી શક્તિ છે. ઉતાવળા ન થાઓ; અન્યની નકલ કરવા દોડો નહીં. વાંદરનકલ એ સંસ્કૃતિ નથી. હું ભલે રાજાનો પોશાક પહેરું પણ એથી કાંઈ હું રાજા થોડો થઈ જવાનો હતો ? ગધેડાને માથે સિંહનું ચામડું ઓઢાડો તો પણ એ ગધેડો સિંહ નહીં થાય. નકલથી કદી પ્રગતિ થતી નથી. એ તો સાચેસાચ માણસમાં આવેલા ભયાનક અધઃપતનની નિશાની છે. લોકો પોતાને ઠીક લાગે તેમ ભલે ભારતના પુનરુદ્ધારની વાતો કર્યા કરે; પરંતુ જેણે આખી જિંદગી ભારતના હિત માટે કાર્ય કર્યા કર્યું છે, અગર કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે, એવા એક અદના આદમી તરીકે હું તમને કહી દઉં કે તમે આધ્યાત્મિક શક્તિવાળા નહીં બનો ત્યાં સુધી ભારતનો કોઈ ઉદ્ધાર થવાનો નથી. આવતી કાલે જ હું મરી જાઉં, તો પણ કાર્ય મરવાનું નથી. હું ખરા અંતઃકરણથી માનું છું કે હજારો એવા યુવકો નીકળી આવશે, જેઓ આ કાર્યને ઉઠાવી લેશે, અને મારી ગગનગામી આશાએ કલ્પ્યું પણ નહીં હોય તે કરતાં પણ વધુ ને વધુ આગળ ધપાવ્યે જશે. મને મારા દેશમાં, ખાસ કરીને મારા દેશના નવયુવકોમાં શ્રદ્ધા છે. શરીરમાં પોતાને નિરોગી બનાવવાની અમુક એક શક્તિ રહેલી છે; ઘણી બાબતો- જેવી કે માનસિક અવસ્થાઓ, ઔષધિઓ, આસનો, વગેરે- તેની આ રોગનિવારક શક્તિને જગાડીને કાર્યપ્રવીણ બનાવી શકે છે. જ્યાં સુધી આપણે ભૌતિક પરિસ્થિતિઓથી હેરાન થઈએ છીએ ત્યાં સુધી ભૌતિક સાધનોની મદદ આપણને જરૂરની છે. જ્યાં સુધી આપણે જ્ઞાનતંતુઓના બંધનથી મુક્ત ન થઈ શકીએ ત્યાં સુધી આપણે ભૌતિક સાધનોની ઉપેક્ષા કરી ન શકીએ. આપણા પૂર્વજો શાંતિથી બેસીને ઈશ્વર અને નીતિધર્મનો વિચાર કરતાં આપણને પણ તે જ પ્રમાણે તે જ ધ્યેય માટે બુદ્ધિ આપવામાં આવી છે. પૈસાના લોભની દોડધામમાં આપણે ઈશ્વર અને નીતિધર્મ બેઉને ગુમાવીએ એવો સંભવ છે. જે કંઈ કરો તે બધું યજ્ઞરૂપે કે ઈશ્વરને સમર્પણરૂપે કરો. સંસારમાં રહો ભલે, પણ સંસારના થઈને ન રહો. કમળના પાંદડાની જેમ રહો, કમળનું મૂળ કીચડમાં છે, પણ તે સર્વદા અલિપ્ત રહે છે. લોકો તમને ગમે તે કરે છતાં તમારો પ્રેમ સૌને આપો. અંધ મનુષ્ય રંગ નથી જોઈ શકતો. તે જ પ્રમાણે અનિષ્ટ આપણામાં ન હોય તો આપણે તે કેવી રીતે જોઈ શકીએ.

આપણે આ દુનિયામાં આવ્યા તે પહેલાં તેની બહાર નીકળી જવાનાં સાધનો પણ ઈશ્વરે આપ્યા છે; તેથી આપણે તો માત્ર આ સાધનો શોધી કાઢવાનું જ કામ કરવાનું છે. રીત અંગે ઝઘડો ન રાખો. માત્ર સાક્ષાત્કાર કરવા તરફ નજર રાખો અને તમને અનુકૂળ લાગે તેવી ઉત્તમ રીત પસંદ કરો. તમે કેરી ખાવા માંડો. ટોપલા માટે બીજાઓને ઝઘડવા દો. કોઈને પણ અંગત રીતે ચાહવું એ બંધન છે. સૌને એકસરખી રીતે ચાહો, એટલે બધી ઈચ્છાઓ ટળી જશે.

ચાર મુસાફરો એક ઊંચી દીવાલ પાસે આવ્યા. પહેલો મુશ્કેલીથી તેની ઉપર ચડી ગયો અને પાછું જોયા વિના બીજી બાજુએ કૂદી પડ્યો. બીજો માંડ માંડ દીવાલ ઉપર ચડી ગયો, આજુબાજુ જોયું અને પછી આનંદની બૂમ મારીને દીવાલ પાછળ અદશ્ય થયો. ત્રીજો પણ ઉપર ચડ્યો. પોતાના આગલા સાથીદારો ક્યાં ગયા તે જોયું અને આનંદથી ખડખડાટ હસ્યો તથા તેમની પાછળ ગયો પણ ચોથો પોતાના સાથીદારોનું શું થયું તે કહેવા માટે પાછો આવ્યો. માયાની દીવાલ ઓળંગીને પેલે પાર ગયેલા મહાનુભાવો પાસેથી આવતું હાસ્ય એ માથાની દીવાલને પેલે પાર કંઈક છે તેની આપણને મળતી નિશાની છે. અપવિત્ર કલ્પના, અપવિત્ર કર્મ જેટલી જ ખરાબ છે. સંયમમાં રાખેલી ઈચ્છા સર્વોચ્ચ પરિણામે લઈ જાય છે. ઈન્દ્રિયભોગની શક્તિને આધ્યાત્મિક શક્તિમાં ફેરવી નાખો, પણ તેને પાંગળી ન બનાવો કારણ કે તેનો અર્થ તો શક્તિને વેડફી નાખવાનો છે. આ શક્તિ જેટલી વધારે તેટલું તેનાથી વિશેષ કામ થાય.

પાણીનો જોરદાર પ્રવાહ જળશક્તિ દ્વારા કરવાના ખોદકામ માટેની પ્રચંડ કાર્યશક્તિ પ્રગટ કરી શકે, દેશ, કાળ અને નિમિત્ત એ બધા ભ્રમ છે. તમે બદ્ધ છો અને મુક્ત થશો તેમ માનો છો તે તમારો રોગ છે. તમે અવિકારી આત્મા છો. આવો આવા મહાન સપુતને વંદન કરીએ અને તેના પથ ઉપર ભારત માતાનું નામ રોશન કરીએ.


(સંદર્ભ : વ્યાપક દર્શન – સ્વામી વિવેકાનંદ)

# નિર્દોષ મા

✍ વૃત્તિક હિરેનભાઈ બારા

અત્યારના જમાનામાં દરેક વ્યકિત જ્યારે બધા લોકો પોતપોતાના કોઈ ને કોઈ કામમાં વ્યસ્ત અથવા કંઈ પણ ના હોય તો મોબાઈલ તો છે જ! એટલે અત્યારના સમયમાં જ્યારે કોઈપણ નાનું બાળક રોવે કે કજીયા કરે તો ત્યારે તેને શાંત કરવા માટે કોઈ ને કોઈ પ્રયત્નો કરવાને બદલે તેને મોબાઈલ આપીને શાંત કરે જેથી કોઈ પ્રયત્નો જ ના કરવા પડે. જ્યાં સુધી હું વિચારું છું ત્યારે મને લાગે છે કે આપણી આ છેલ્લી પેઢી હશે કે જે નિર્દોષ માઁ એટલે કે એવી માઁ કે જેને મોબાઈલ ચાલુ કરતાં કે તેનો ઉપયોગ કરતા નથી આવડતું અને એ લોકો આપણે માટે સમય ફાળવે છે કે મારા બાળકને કઈ કઈ વસ્તુ ભાવે, તેને કેટલી વસ્તુઓ ગમે તેને માનવાની કોશિશ કરે પણ આ બધી વસ્તુઓ હવેની કોઈ પણ પેઢીને નસીબમાં નહીં હોય. તે લોકોને કાંઈ પણ થઈ જાય બસ મોબાઈલ આપી દેવાનો એટલે તે શાંત થઈ જાય. ભલે એને મનમાં કોઈ એવો વિચાર ના હોય કે મારે મારા બાળક માટે કોઈ ખરાબ ભાવના ના હોય. જો કે એ તો કોઈ પણ માઁના મનમાં ના જ હોય તો પણ એક સમય તો એવો આવે જ કે બાળકને પણ મોબાઈલની ટેવ પડી જાય, પહેલા એવું હોય કે ક્રમશઃ બાળક નાનું હોય ત્યારે તમે તેને મોબાઈલ આપો એટલે તે આખો દિવસ એમા જ ગુંચવાયેલો રહે પછી જ્યારે એ મોબાઈલથી કંટાળે એટલે તમારી પાસે આવે. ત્યારે તેના માતા-પિતા પણ મોબાઈલમાં હોય પછી બાળક પાછું કંટાળીને મોબાઈલ હાથમાં લઈ લ્યે. અમુક પરિણામો કે અમુક સંસ્કારો જોઈને એવું થાય કે આમાં કાંઈક ખોટું થઈ રહ્યું છે એટલે જો ભગવાન સદ્‌બુદ્ધિ આપે તો તેનું વ્યસન છૂટે અને આગળ જીવનમાં પ્રગતિ થાય.

## તિરંગો



મેજર શિવપ્રકાશ કારગીલ યુદ્ધમાં દુશ્મનો સામે લડતાં લડતાં વીરગતિ પામ્યા.

એમનું પાર્થિવ શરીર જ્યારે તિરંગામાં લપેટાઈને આવ્યું ત્યારથી વિહાન તિરંગાને જોઈ અજીબ વર્તન કરવા લાગતો.

નાનકડા વિહાનને તિરંગો બહુ ગમતો કેમ કે કાયમ મેજર આવે ત્યારે તિરંગાને સલામી આપતા શિખવાડે. વિહાનને હવે સલામી સરસ આવડી ગઈ હતી. જ્યાં તિરંગો જોવે ત્યાં એને સલામી આપે જ.

જ્યારથી ઘર ઘર તિરંગા અભિયાન ચાલુ થયું ત્યારે તેનો સંપૂર્ણ ચાર્જ મેજર વિહાનને સોંપાયો.

મેજર બનેલા વિહાનને પિતાની યાદ આવતા આંખો નમ થવા લાગી.

# લઘુ કથા


✍ પૂર્વી બાબરીયા ભુજ

## જિંદગી બહુ કિંમતી છે

નાનકડા વિવાને મમ્મીને પૂછ્યું કે 'ડેડી કેમ છત પર પતંગ ચગાવવા ચાલતા નથી?'

ત્યારે આશાએ કહ્યું, 'ગયા વરસે એમના મિત્રનો પુત્ર બીજાની અગાશીમાં કપાયેલી પતંગ લેવા ગયો ને પડી ગયો. એને કાયમ માટે પગ કપાવવા પડેલ. હવે એ જિંદગીભર કાખઘોડીને આધારે ચાલશે.'

આ સાંભળી વિવાન સમજી ગયો કે જિંદગી બહુ કિંમતી છે.




# Myopia- Near Sighted
# બાળકોના ચશ્મા

✍ ડૉ. હિંમતલાલ સી. શાહ, બેંગ્લોર

**બાળકોના ચશ્મા – દૂરનું, સ્કૂલમાં બોર્ડ ઉપરનું બરાબર નહીં દેખાવાનું:** બાળકો આજે હું તમારા માટે લખી રહ્યો છું. તમે તમારી સ્કૂલમાં જોયું હશે કે તમારી સાથે ભણતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓમાં કેટલાકને બોર્ડમાં લખેલું બરાબર નથી દેખાતું. નથી વાંચી શકાતું અને તેઓને ચશ્મા પહેરવા પડે છે. નજીકનું બરાબર દેખાય-વંચાય પણ દૂરનું બરાબર – ચોખ્ખું ન દેખાય. આને Myopia- Near Sighted નજીકનું દેખાવું કહેવાય. આનું કારણ તમને ખબર છે?

તમે સ્કૂલમાં ભણ્યા હશો કે આંખ એક ગોળો છે જે એકદમ ગોળ હોય અને તેમાં આગળ કેમેરાની જેમ લેન્સ હોય છે અને આપણે જે જોઈએ છે એનું પ્રતિબિંબ આંખના ગોળામાં પાછળ રહેલા પડદા ઉપર પડે છે. અને તે પડદા ઉપર પડતા પ્રતિબિંબને પડદાની સાથે જોડાયેલી નસો મગજને પહોંચાડે છે અને મગજ મારફત આપણી આંખ સામે શું દેખાય છે તેની આપણને જાણ થાય છે/દેખાય છે. આપણી આંખનો ગોળો લીંબુની જેમ એકદમ ગોળ હોય છે પણ આંખના અનિયંત્રિત ઉપયોગથી આ ગોળાનાં આકારમાં ફરક પડી જાય છે. કારણ એ હોય છે કે એક ધારું વધારે સમય જોતાં રહેવાનું. જેમ કે ટી.વી., સિનેમા, મોબાઈલ અને આંખની ખૂબ જ નજીક રાખીને વાંચવું. જેમ કે સૂતા સૂતા વાંચવું. **આંખની પલકનું વારેઘડીએ મટકું મારતા જ રહેવાનું એટલે આંખને ઘણો જ આરામ મળે. ક્યારે પણ એકીટશે જોતાં નહીં રહેવાનું.**

હવે આપણે એ સમજીએ કે આપણને બરાબર કેમ નથી દેખાતું.




ઉપર ત્રણ ચિત્રો આપેલ છે.

પહેલા ચિત્રમાં તે સામાન્ય આંખનો ગોળો છે. જે ગોળ આકારનો છે અને તેમાં પ્રતિબિંબ આંખના પડદા ઉપર પડે છે જેથી આપણે બરાબર જોઈ શકીએ છીએ.

બીજા ચિત્રમાં આંખનો ગોળો દબાઈ જાય છે તેથી પ્રતિબિંબ પડદાની આગળ પડે છે તેથી દૂરનું જોવામાં તકલીફ પડે છે અને પ્રતિબિંબ પડદા ઉપર પડે તે માટે જે લેન્સ કામ આવે છે તેને Convex Lens કહેવાય છે.

ચિત્ર ૩માં આંખનો ગોળો લંબગોળ થઈ જાય છે જેથી પ્રતિબિંબ પડદાની પાછળ પડે છે અને આપણને બરાબર દેખાતું નથી.

આ માટે જે લેન્સ ઉપયોગમાં લેવાય છે તેને Concave Lens કહેવાય છે. ૪૦-૪૫ની ઉંમર પછી આ તકલીફ આવે છે. જે બેતાલા તરીકે ઓળખાય છે.

બાળકો, હવે આપણે શું કરવું જોઈએ? બોર્ડમાં નથી દેખાતું તેમાં આંખનો ગોળો દબાઈ ગયો હોય છે. તેને આપણે ફરી સરસ મજાનો ગોળ બનાવવાનો હોય છે. તમે તમારા ઘરમાં દાદીમા-નાનીમાને લાડવા વાળતા જોયા છે? પહેલાં મુઠ્ઠીમાં બુંદી અથવા લાડવાના લોટને લઈ બે હથેળી વચ્ચે રાખી ગોળ ગોળ ફેરવે છે અને ગોળ મજાનો લાડવા બની જાય છે.

હવે આપણે આંખના ગોળાને પણ સરસ મજાનો ગોળ બનાવવાનો છે. તે માટે આંખની અને ગરદનની કસરત કરવાની હોય છે. જે ફરીથી ગોળાને ગોળ બનાવે છે.

ચાલો હવે આપણે તે કસરત વિશે જાણીએ.

સૌથી પહેલા તમારે ડોકને સ્થિર રાખી આંખની કીકીઓને ફેરવવાની હોય છે.

૧. આંખની કીકીને જમણા ખૂણામાં લઈ જઈ ડાબા ખૂણામાં લઈ જવી અને ફરીથી જમણા ખૂણામાં ફેરવવી. આ રીતે તમારે ૩૫ વાર કીકીને ફેરવવાની.

તે પછી તેને વીસ સેકન્ડ આરામ આપવાનો. આંખો બંધ કરી તેના ઉપર બંને હથેળીઓ રાખી વીસ સેકન્ડ સુધી ખૂબ જ અંધકાર અને કાળું દેખાય એવી કલ્પના કરતાં રહેવાનું. આથી આંખને આરામ મળે છે. આને Palming કહેવાય છે. જ્યારે તમે એકસરખું ટી.વી. જોતા હોય, મોબાઈલ જોતા હોય કે લખતા-વાંચતા હોય ત્યારે વચમાં વચમાં આંખને Palmingથી વીસ સેકન્ડ માટે આરામ આપો આથી તમારી આંખ ફરીથી સ્વસ્થ થઈ જશે.

૨. આંખની કીકીને ઉપરથી નીચે ૩૫ વાર ફેરવવી અને આંખને વીસ સેકન્ડ Palmingથી આરામ આપવો.

૩. આંખની કીકીને રૂમનાં ઉપરનાં જમણી બાજુના ખૂણામાંથી રૂમના ડાબી બાજુના ખૂણામાં ૩૫ વાર કીકીને ફેરવવી અને વીસ સેકન્ડ Palming કરવું.

૪. હવે કીકીને રૂમનાં ડાબી બાજુનાં ઉપરનાં ખૂણામાં જોઈ ત્યાંથી જમણી બાજુનાં નીચેનાં ખૂણા તરફ ૩૫ વાર ફેરવવી. પછી વીસ સેકન્ડ Palming કરવું.

૫. હવે આંખની કીકીને ઘડિયાળનાં કાંટાની જેમ ૩૫ વાર ફેરવવાની અને વીસ સેકન્ડ આરામ આપવાનો.

૬. હવે આંખની કીકીને ઘડિયાળનાં કાંટાની ઉંધી દિશામાં ૩૫ વાર ફેરવવી અને વીસ સેકન્ડ માટે Palmingથી આરામ આપવાનો.

૭. જેમ કેમેરાનાં લેન્સને નજીક અને દૂરનો ફોટો લેવા માટે ફેરવાય છે તેમ આંખની કસરત કરવાની. નજીકનું જોતી વખતે લેન્સની સામેનું દ્વાર/કાણું મોટું થાય છે અને દૂરનો ફોટો લેતી વખતે દ્વાર/કાણું નાનું થાય છે તેમ આપણી

આંખમાં પણ તેવી જ રીતે મોટું નાનું દ્વાર પેશીઓ મારફત થાય છે અને આ કસરત છે, આંખની નજીક એક આંગળી રાખી તેને જોવાનું અને પછી ખૂબ જ દૂરનું જોવાનું તેથી પેશીઓની કસરત થાય છે. આવી રીતે નજીક અને દૂર ૩૫ વખત જોવાનું અને પછી વીસ સેકન્ડ આરામ આપવાનું.

હવે લાડવાને જેમ હથેળીઓથી ફેરવી ફેરવી ગોળાકાર અપાય છે તેમ આંખની કસરત કરવાની છે.

૧. આંખની સામે આંગળી રાખી કીકીને સ્થિર રાખી ડોકને જમણી બાજુનાં ખભાથી ડાબી બાજુના ખભાના છેડા સુધી ૩૫ વાર ફેરવવાની અને વીસ સેકન્ડ આરામ આપવાનો.

૨. હવે આંખની કીકીને સ્થિર રાખી ડોકને એકદમ ઉપર લઈ જઈ ૯૦° અને પછી નીચે લઈ આવી દાઢી છાતીને સ્પર્શ કરે તેવી રીતે ૩૫ વાર કરવાનું અને પછી Palming કરવાનું. ખાસ ધ્યાન રાખવાનું આંખની કીકી સ્થિર રહેવી જોઈએ અને ફક્ત ડોક જ ફેરવવાની.

૩. હવે આંખની સામે આંગળી રાખીને કીકીને ફેરવ્યા વગર ડોકને રૂમના જમણી બાજુનાં ઉપરના ખૂણા તરફ લઈ જઈ ત્યાંથી રૂમનાં નીચેના ખૂણામાં લાવવી અને ફરી ઉપર તેવી રીતે ૩૫ વાર કરવાનું અને પછી વીસ સેકન્ડ હથેળીથી Palming કરી આરામ આપવાનો.

૪. હવે આંખની સામે આંગળી રાખી તેના ઉપર કીકીને સ્થિર રાખી ડોકને રૂમનાં ડાબી બાજુનાં ઉપરનાં ખૂણામાં લઈ જઈ ત્યાંથી જમણી બાજુનાં નીચેનાં ખૂણામાં ફેરવવી પછી વીસ સેકન્ડ Palmingથી આરામ આપવાનો.

૫. હવે આંખની સામે આંગળી રાખી કીકીને તેના ઉપર સ્થિર રાખી ડોકને જમણી બાજુથી ડાબી બાજુ ગોળ ગોળ ૩૫ વાર ફેરવવાની અને પછી વીસ સેકન્ડ Palmingથી આરામ આપવાનો.

૬. હવે આંખની સામે આંગળી રાખી કીકીને તેના ઉપર સ્થિર રાખી ડોકને ડાબી બાજુથી જમણી બાજુ ૩૫ વાર ગોળ ગોળ ફેરવી વીસ સેકન્ડ આરામ આપવાનો.

૭. આગળ નં.૭માં બતાવ્યા મુજબની કસરત નજીક અને દૂર જોવાની ૩૫ વાર કરી વીસ સેકન્ડ આરામ આપવાનો.

બાળકો, આ કસરત દરરોજ પંદર મિનિટ સવારનાં અને રાતનાં નિયમિત કરતા રહેશો તો તમને ક્યારેય ચશ્મા નહીં આવે અને જેને ચશ્મા હશે તેના નંબર ઓછા થતાં જશે અને સામાન્ય થઈ જશે. ચશ્માની જરૂર નહીં પડે. જેમને ચશ્મા હોય તેમણે ચશ્મા ઉતારીને જ કસરત કરવાની.

બાળકો, જેમને ચશ્મા હોય તેમણે કસરત સાથે નીચે જણાવેલ હોમિયોપેથિક દવાઓ પણ જરૂર લેવાની જેથી દર પંદર દિવસે તમારા ચશ્માનાં નંબર ઉતરતા જશે. જેમકે નંબર ૪ હોય તો સાડા ત્રણ થશે. ૪થી ૫ મહિનામાં તમે ચશ્મા વગર સરસ રીતે જોઈ શકશો.

| | | CHILDREN | ELDER |
|---|---|---|---|
| 1) | PILOCARPUS - 6 | 60 Drops | 90 Drops |
| 2) | PHYSOSTIGMA - 6 | " | " |
| 3) | CARBO SULPH - First Pottency | 15 Drops | 20 Drops |
| 4) | VIOLA ODORATA - 6 | 60 Drops | 90 Drops |
| 5) | OLEM ANIMALE - 6 | " | " |

* ઉકાળીને ઠંડું કરેલ પાણી ૩૦૦/૪૦૦ મિ.લી., તેમાં ઉપર જણાવેલ દવાઓ એક પછી એક દર્શાવેલ પ્રમાણમાં ઉમેરવાની.

* આ મિશ્રણ દર કલાકે એક એક ચમચો સવારથી રાત સુધી લેતા રહેવાની. બાળકો સ્કૂલમાં જાય ત્યારે સ્ટીલની બોટલમાં અથવા ફુડ ગ્રેડ પ્લાસ્ટિકની બોટલમાં સાથે લઈ જવાની અને એક પિરિયડ પૂરો થાય એટલે એક વખતની દવાનું પાણી પી લેવાનું.

* ૩૦૦/૪૦૦ મિ.લી. મિશ્રણ એક દિવસમાં પુરું કરવાનું રહેશે.

* એકવાર બનાવેલ મિશ્રણ ૪૮ કલાક પછી ઉપયોગમાં ન લઈ શકાય.

* દર પંદર દિવસે ચશ્માનાં નંબર ચેક કરાવતા રહેશો. અને જો નંબર ઘટ્યા હોય તો તે પ્રમાણે ચશ્માના કાચ બદલાવતા રહેશો. દર પંદર દિવસે અડધો નંબર ઉતરતો જશે.

* આ દવાઓ તમારે ત્યાં સુધી ચાલુ રાખવાની જ્યાં સુધી તમારી આંખનાં નંબર બિલકુલ ઉતરી જાય અને સામાન્ય રીતે ચશ્મા વગર જોઈ શકો.

* સાથે સાથે તમારે ગાજરનો રસ, નારંગીનો રસ અને લીલા પત્તાવાળા શાકભાજી ખૂબ જ લેવાનાં. આજકાલ લીલા શાક ઓછા ભાવે છે. તે આંખ માટે સારું નથી. કોથમીર, સૂવાભાજી, ફુદીનો અને પાલકનાં પતા કાઢી સાફ કરી મીક્સીમાં નાખી જ્યુસ બનાવી દહીં ઉમેરી થોડું નમક નાખી દરરોજ લેતા રહેવાનું. તેથી આંખને પણ સારો ફાયદો થશે અને તમારી ત્વચા રેશમ જેવી સુંવાળી બની જશે.

* મોબાઈલ બને તેટલો ઓછો વાપરવાનો અને ટી.વી.થી દસ ફૂટ દૂર બેસી જોશો. ત્યારે પણ પાલ્મિંગ ભૂલશો નહી.

* ચશ્મા તમારે આખો દિવસ નહીં પહેરી રાખવાના. જ્યારે જરૂર હોય ફક્ત ત્યારે જ પહેરવાના. જેથી તમારી આંખોને ચશ્માની આદત ન પડે. આખો દિવસ ચશ્મા પહેરી રાખવાની સલાહ આપવામાં આવે છે પરંતુ એ બરાબર નથી.

* કસરત તમારે જિંદગીભર ચાલુ રાખવી પડશે તો જ તમે મારી જેમ ૮૧ વર્ષની ઉંમરે પણ વગર ચશ્માએ વાંચી લખી શકશો.

●●●

## Experience with Dr. H. C. Shah.

Dear Sir,

I wish to share with the readers my experience with Dr. H.C. Shah, Bangalore.

I had been suffering from allergic rhinitis for more than four years. There were frequent bouts, and I used to take a course of antibiotics and antihistamines every time. A few months back, I came in contact with Dr. H.C. Shah. He gave a patient hearing, prescribed homeopathic medicines, and gave guidelines to follow.

At present, I am feeling much better as the problem has not recurred. I'd like to thank Dr. Shah and ask that the readers of Kutch Gurjari take advantage of his selfless and honorary services for their ailments. Thank you,

**- Tanay Sanghvi, Bangalore**

હંમેશા ખાવાની મોટી બીમારીની દવા રાહતના દરે આપવામાં આવે છે.
ડૉક્ટરનું લેટેસ્ટ ત્રણ માસની અંદરનું પ્રીસ્ક્રીપ્શન લાવવું ફરજિયાત છે.
ગુરુવારે તથા શનિવારે બપોરે ૨.૦૦થી ૪.૦૦ દરમિયાન નામ લખાવી, ફોર્મ ભરીને, દવાનો કાગળ આપી જવાનું.
દરેક માસની દવા હંમેશા માટે મહિનામાં એક વખત આપવામાં આવે છે.
જરૂરિયાતમંદને જરૂરથી લાભ લેવા વિનંતી છે. કોઈપણ નાત–જાતના ભેદભાવ વગર આ કાર્ય કરવામાં આવે છે.

**જીવન જ્યોત ડ્રગ બેંક**

જી–૩, ગાંજાવાલા ટાવર, ૫૦૮, સાને ગુરુજી માર્ગ, તારદેવ, મુંબઈ – ૪૦૦ ૦૩૪.
ફોન : ૨૩૫૨ ૩૭૧૫ / ૨૩૫૨ ૯૦૪૭
E-mail : jjdb08@gmail.com • Website : jivanjyotdrugbank.org
Foreign Regn. No. 083781095
Trust Regn. No. F-12230 (BOM) • GST No. : 27AAATJO110A1ZN

**KIRAN Electronics**
Estd : 1980
**Distributors & Dealers :**
**INDUSTRIAL ELECTRONIC COMPONENTS & TOOLS**
**PLA, Pankaj, Elcom, Hicool, Amptek, Soldron, Gilard, Multitec, Mastech, Unison, Soynia, Protectron, Jokari**
8 & 9, Royal Plaza, 4-4-933,
Sultan Bazar, Hyderabad - 500 095.
WhatsApp 93945 58636
www.kiranelechyd.com
Email : hydkiranelec@yahoo.com
Follow Us On :
Instagram & Facebook (hydkiranelec)
**Pradeep Keshavlal Sanghvi - 94406 01669**
**Puneet Pradeep Sanghvi - 92465 22721**

**SHOLAPUR GOODS TRANSPORT**
**SHOLAPUR TRANSPORT CORPORATION**
**VASA ROADWAYS**
Daily Services
**PUNE, SHOLAPUR, TULJAPUR, OSMANABAD, AKLUJ, LATUR, BARSHI**
*Head Office :*
128 , Raja Bahadur Bldg.,
Opp. Bank of Baroda,
Kazi Sayed Street, Masjid Bunder
(W), Mumbai-400 003.
Tel.: 23423876/23423877
Mo. 098200 83217
093248 34242
E-mail : solapurgoods@yahoo.co.in
solapurgoods@rediffmail.com
**B. P. VASA**

*With Best Wishes From*
**MANSUKH MEHTA**
**SANJAY MEHTA**
**MEHTA ENTERPRISES**
**MEHTA HOLDINGS**
**PRAGATI PROMOTERS**
❄ ❄ ❄
292, Pantheon Road,
Fountain Plaza, 4th Floor,
Chennai - 600 008.
Ph. (Off) 2819 4641
(Resi) 4216 6407
(M) 9884168167 / 9840034844
E-MAIL:
sanjaymm252004@hotmail.com

**શુભેચ્છા સહ...**
**રાજેન મગનલાલ મહેતા**
**(એસ્ટેટ એજન્ટ)**
**મુનશી એસ્ટેટ**
**એમ.જી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦.**
**ઓફિસ : ૨૫૬૮ ૦૮૭૩**
**ઘર : ૨૫૬૮ ૫૬૫૨**

।। શ્રી મહાવીરાય નમ ।।

Manish D. Vora
98201 44859 / 93243 39343

Parag D. Vora
98201 31207

**MAHAVIR® ESTATE CONSULTANTS**

**Off. No. 111, 1st Floor, Shop Zone M.G. Road, Near Bank of India, Ghatkopar (W),**
**Mumbai - 400 086. • Tel.: 6578 0678**
**E-mail.: manishdvora@gmail.com**


આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

## મા અને સાસુમા ઘડતર અને ચડતર

રડતા સંસારમાં આવી ત્યારે માએ ગોદમાં લીધી, રડતા સાસરે ગઈ ત્યારે સાસુમાએ ગળે લગાવી.

મા એ જીવન દીધું,
સાસુમાએ જીવનસાથી.
ચાલવું, બેસવું માએ શીખવ્યું,
પણ સમાજમાં કેવી રીતે ચાલવું એ સાસુમાએ શીખવ્યું.
માએ ઘરનું કામ શીખવ્યું,
સાસુમાએ ઘર કેમ ચલાવવું એ શીખવાડ્યું.
માએ કોમળ કળીની જેમ સાચવી,
સાસુમાએ વિશાળ વટવૃક્ષ બનાવી,
માંએ વહાલનો અભિષેક છે.
સાસુમાં વહાલની વાદળી છે.

**– નિરંજના જિતેન્દ્ર શાહ.**

## રણકાર

'ચા બરાબર બની છે?' ગૃહિણીએ રોજની આદત મુજબ એના પતિને પૂછયું. પતિએ મોકળા મને જવાબ આપવાને બદલે માત્ર ડોકું ધુણાવ્યું. હા, જ્યારે પણ ચા વધારે કડક બની હોય કે સાકર ઓછી હોય ત્યારે જ પતિ તરત મોટા અવાજે બોલી દે. 'આ શું કર્યું? આટલી ખરાબ ચા હોતી હશે કંઈ?' માણસો કેટલા સંતપ્ત અને પીડાપ્રેમી છે એનો આ એક અછડતો દાખલો છે.

સારી વાતને શબ્દોથી વ્યક્ત કરવી માણસોને પાલવતી જ નથી અને વાત ખરાબ હોય કે તરત બૂમબરાડા શરૂ થયા જ સમજો. એમાંય જેના પર વધુ પ્રેમ અને વધુ અધિકાર હોય એના સારા કામની અવગણના કરવી માણસનો સહજ સ્વભાવ થઈ જાય. એ માણસો જ વળી પાછા વેપારમાં એમના ઉપરી ખોટા નિર્ણય લે અથવા ગરબડ કરે ત્યારે એમની સામે સાચો મત વ્યક્ત કરવાને બદલે ચુપકીદી સેવે અથવા ખોટેખોટા વખાણ પણ



## સ્ત્રી દર્પણ



**– નિરંજના જિતેન્દ્ર શાહ : ૯૬૧૯૩૯૭૫૭૮**
**– પૂર્ણિમા રોહિત શાહ : ૨૪૦૯૪૯૮૮**

કરે. આપણાથી શા માટે આપણા પોતાના લોકોની સરાહના થતી નથી? જેની સાથે કોઈક કડીથી બંધાયા હોઈએ એમને સુખની એક ઘડી આપવામાં શા માટે કંજુસાઈ કરીએ છીએ આપણે? ઉત્તમ માણસ એને કહેવાય જે સારી બાબતોની સરાહના કરે જ અને ખોટી વાતનો વિનમ્રતાપૂર્વક વિરોધ કરે જ.

આટલી એક નાનકડી ટેવ પાડીએ તો જીવનમાં જે અણદીઠા ફેરફાર થશે એ પોતાના અને જે પોતાના હોય એ બધાના જીવનમાં સુખની લહેર દોડાવશે એટલું નક્કી. આજના દિવસથી આવું કંઈક કરવાનો શિરસ્તો પાડીએ. વખાણ દિલથી કરીએ અને કોઈકનાં ચહેરા પર ખુશીનું સ્મિત ફરકાવવામાં નિમિત્ત બનીએ. એનાથી આપણો રાજીપો અવશ્ય વધશે.

**– કલ્પના જોશી**

### સ્ત્રી દર્પણ

બહેનો ! 'સ્ત્રી-દર્પણ' એટલે આપના વિચારોનું પ્રતિબિંબ. રૂચિકર લખાણ, જૈન રેસીપી, સૌંદર્યવર્ધક ટીપ્સ, અજમાવી જુઓ વગેરે લખીને મોકલાવો. ભાઈઓને પણ લખવાની છૂટ છે. તો ઉઠાવો કલમ... ને આપો આપના વિચારોને પાંખો.

સરનામું : નિરંજના જિતેન્દ્ર શાહ,
૩૦૪, ધનલક્ષ્મી,
૭૮, આર.બી.મહેતા રોડ,
ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૭૭.

## વાનગી

### મગની દાળની કઢી

**સામગ્રી :** ૧ નાની વાટકી છોતરાવાળી મગની દાળ, ૨ા વાટકી ગરમ કરેલી ઘટ્ટ છાશ, ૧/૪ ચમચી મીઠું, ૧/૪ ચમચી હીંગ, ૧/૪ ચમચી હળદર, ૧/૨ ચમચી મરીના ફાડા.

**રીત :** દાળને પાણીમાં ત્રણથી ચાર કલાક પલાળી પછી તેનાં ફોતરા કાઢી મીક્સરમાં વાટી લેવી.

વાટેલી દાળમાં ગરમ કરેલી છાશ મેળવી ગરમ કરો. સતત હલાવતા રહેવું. કઢી જેવું ઘટ્ટ થાય તેમાં મીઠું, હળદર, હીંગ, મરી નાખી બરાબર હલાવી ગેસ બંધ કરી દેવું. આ કઢી ઠંડી થાય એટલે ઘટ્ટ થઈ જશે. બાજરાના રોટલા સાથે ઠંડી કઢી સારી લાગે છે.

### લાલ મોટા મરચાં

**સામગ્રી :** ૨૦૦ ગ્રામ લાલ મરચા વચમાંથી આડી ચીર કરવા, ૩ ટે. સ્પુન રાઈ, ૨ ટે. સ્પુન મેથી, ૩ ટે.સ્પુન જીરું, ૩ ટે. સ્પુન વરિયાળી, ૧ ટે. સ્પુન કલુંજી, ૧ કપ તેલ, મીઠું સ્વાદ અનુસાર, ૧/૨ ચમચી હળદર, ૧/૨ ચમચી હીંગ, ૨ ચમચો આમચુર પાવડર.

**રીત :** મરચાંને ધોઈ કોરા કરી મીઠું અને હળદર ભરીને ચાર-પાંચ કલાક રહેવા દેવા. પછી તેને ચાળણીમાં મુકી અડધો કલાક તડકે રાખવા.

મેથી, જીરું, વરીયાળી, રાઈ, કલુંજીને કોરાકોરા એક મિનિટ ધીમા તાપે શેકવા તેથી ભેજ નીકળી જાય. ઠંડા પડે પછી અધકચરા વાટી લેવા. તેમાં હીંગ અને મસાલા પુરતું મીઠું નાખવું. આમચુરનો ભુક્કો નાખવો.

તેલને ગરમ કરી ઠંડુ પાડી લેવું. પછી મરચામાં બનાવેલો મસાલો ભરી બરણીમાં ભરી દેવો. ઉપર તેલ રેડવું. બીજે દિવસે મરચાં ખાવાના ઉપયોગમાં લઈ શકાય.

**– પૂર્ણિમા રોહિત શાહ**

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)


Reliance
PACKAGING INDUSTRIES
INDUSTRIAL PACKAGING PRODUCTS
CELLO TAPES
STRETCH ROLL
BUBBLE ROLL
BUBBLE BAG
HM / LD LINER BAGS
HM/ LD/ PP PACKING BAGS
COURIER BAGS
LD/PP/BOPP GARMENT TAPE BAG
ZIPLOCK BAGS
AMANZON/ MYNTRA/ FLIPKART COURIER BAGS
PROMOTIONAL BAGS
OFFICE ADD : Gala No.3, Navnandanvan Industrial Estate, Opp. FedEx Courier, Nr. Marathon Montevista, Mulund West, Mumbai - 400 080.
FACTORY ADD : Gala No.1 & 2, Building No. E-13, Harihar Complex, Mankoli Naka, Dapoda, Bhiwandi - 421302.
CONTACT DETAILS :
+91 98201 45483
+ 91 98199 75520
Email : harshal@relpkg.com

SHREE KUTCH VISA
SHRIMALI OSWAL GURJAR
JAIN GNATISAMAJ, MUMBAI
Public Trust Regn. No. A-2215 (B)

Air Conditioned Banquet Hall & Conference
Hall with Modern Facilities For Wedding / Parties

Sumati Gurjar Bhavan, 12/13, Swasti Park, Chembur, Mumbai - 400 071.
Tel.: 022-2524 4704 / 3552 2701 ©: 9136094003 E : kvsomumbai@yahoo.co.in

## ગ્રુપ મેડીક્લેમ ઈન્સ્યુરન્સ સ્કીમ

તા. ૦૧.૦૨.૨૦૨૩

જય જીનેન્દ્ર,

શ્રી કચ્છી વિશા શ્રીમાળી ઓસવાલ ગુર્જર જેન જ્ઞાતિ સમાજ મુંબઈ તરફથી ચાલની અનેક કલ્યાણકારી યોજનાઓમાંથી એક એવી યોજના "ગ્રુપ મેડીકલ ઈન્સ્યુરન્સ સ્કીમ" છે.

આર્થિક રીતે સાધારણ પરિવારોમાંથી કોઈ બીમાર પડે ત્યારે આજની ખર્ચાળ તબીબી સારવાર ખર્ચને પહોચી વળવુ તેમના માટે આવશ્યક બની રહે છે, આવા મુશ્કેલીના સમયમાં તેમને મદદરૂપ થવા એપ્રીલ ૨૦૦૮ તી યોજના અસ્તિત્વમાં આવી આ યોજનામાં જરૂરીયાતમંદ કુટુંબોને રૂા. ૧૦૦૦૦૦/- (એક લાખ) નું મેડીક્લેમ છત્ર પુરૂ પાડવામાં આવે છે અને આ આપણો સમાજ ભરે છે, વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં ૨૦૮ પરિવારોના ૫૮૫ સભ્યો આ પોલીસીનો લાભ લીધેલ છે. આ પોલીસી ૩૦.૩.૨૦૨૩ માં પુરી થાય છે, જેથી રીન્યુઅલ માટે લાભ લેનાર દરેક કુટુંબ અને નવા જરૂરીયાતમંદ સભ્યોએ આપણા સમાજની વેબસાઈટ www.kvso.in અથવા Whatsapp ગ્રુપ પરથી ફોર્મ ડાઉનલોડ કરવાનું રહેશે. પોલીસી કુટુંબદીઠ એક લાખ સુધી મર્યાદીત રહેશે, ફોર્મમા સંપુર્ણ વિગત ઈંગલીશ - કેપીટલ-સ્વચ્છ અક્ષરે, છેક છેક વગર ભરવાની રહેશે. ફોર્મ તા. ૨૮.૦૨.૨૦૨૩ સુધીમાં સમાજની ચેમ્બુર ઓફીસે મોકલવાના રહેશે તથા વ્યક્તિ દીઠ રૂા. ૧૦૦/- ટોકન ભરવાના રહેશે. છેલ્લા ૧૪ વર્ષથી ચાલની આ યોજનાને પુરજોશમાં ધબકતી રાખવા દાનની ગંગા વહેવડાવનાર ઉદાર દાતાઓનો ખુબ ખુબ આભાર.

### આ મેડીક્લેમ યોજનાના વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ના દિલેર દાતાઓ નીચે મુજબ છે.

૧. શ્રીમાન રમેશભાઈ પ્રેમચંદ મહેતા ગામ કચ્છ બિદડા, હાલે ઘાટકોપર મુંબઈ — રૂા. ૫,૦૦,૦૦૦
૨. સ્વ. હરિલાલ પરશોત્તમ ઓધવજી શાહ ના સ્મરણાર્થે — રૂા. ૧,૧૧,૧૧૧
હસ્તે. હસમુખ હરિલાલ શાહ અને સુરેશ હરિલાલ શાહ, ભુજ હાલે મુલુંડ

**સમાજને રૂા. ૧,૦૦,૦૦૦ અર્પણ કરનાર દાતાઓની યાદી**

૩. શ્રી સુમતિચંદ્ર હેમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ
૪. માતુશ્રી રમીલાબેન નગીનલાલ વોરા પરિવાર, ભુજ હાલે ઘાટકોપર
૫. માતુશ્રી રંજનબેન ભુપેનદ્રભાઈ વોરા પરિવાર, અંજાર હાલે ઘાટકોપર
૬. શ્રી વિનાદભાઈ વૃજલાલ દોશી, મુંદ્રા હાલે વાલ્કેશ્વર
૭. માતુશ્રી રમીલાબેન રવિલાલ શાહ, હસ્તે નિરૂપમાબેન બિહારીલાલ શાહ, અંજાર હાલે સાંતાક્રુઝ
૮. સ્વ. મણીલાલ લક્ષ્મીચંદ વોરા, હસ્તે મીનાબેન પ્રકાશ શાહ, મુંદ્રા, હાલે જુહુ
૯. માતુશ્રી વાસંતીબેન પૂનમચંદ શાહ, હસ્તે કેલાશભાઈ, ભુજ હાલે વડાલા, મુંબઈ
૧૦. શ્રીમાન પ્રદીપભાઈ ભઈલાલભાઈ શાહ, માંડવી હાલે યુએસએ
૧૧. માતુશ્રી કંચનબેન કરસનજી મહેતા, હસ્તે ધીરજભાઈ ગોધરા હાલે ઘાટકોપર
૧૨. માતુશ્રી જયાબેન મોહનલાલ દેવશી શાહ પરિવાર, અંજાર કચ્છ હાલે ઘાટકોપર

**સમાજને રૂા. ૫૧,૦૦૦ અર્પણ કરનાર દાતાઓની યાદી**

૧૩. શ્રીમતી શીતલબેન નરેન્દ્રભાઈ ગાંધી પરિવાર, અંજાર હાલે અંધેરી
૧૪. શ્રી ઝેવીરલાલ અનોપચંદ શાહ પરિવાર, ભુજ હાલે નવી મુંબઈ
૧૫. શ્રીમાન દિનેશભાઈ મુલચંદ મહેતા, ગોધરા હાલે ઘાટકોપર
૧૬. શ્રી સેવંતીલાલ ચુનીલાલ શાહ, હસ્તે મીનાબેન વિરાટ શાહ, માંડવી હાલે માટુંગા
૧૭. શ્રીમાન રાજેન્દ્ર હરીલાલ શાહ, માંડવી હાલે ઘાટકોપર
૧૮. શ્રીમતી જયશ્રીબેન રાજેન્દ્ર હરીલાલ શાહ, માંડવી હાલે ઘાટકોપર

દરેક માનનિય દાતાઓને અમો સમાજ વતી હૃદયપર્વક આભાર માનીએ છીએ તમારો આવોજ સહયોગ સદાય સમાજને મળતો રહે એવી અભિલાષા

✶ અનુદાન KVSO Trust and Kalyan Trust માં લેવાય છે. આ યોજના સાકાર કરવા ઉદાર હાથે ફાળો આપનાર સર્વદાતા પરિવારોનો સમાજ આભાર માને છે. દર વર્ષે પ્રિમીયમની રકમમાં વધારો થતો જાય છે, જેથી નવા દાતાઓની જરૂર છે, જેમને આ યોજનામાં લાભ લેવાની ઈચ્છા હોય તેઓનુ અનુદાન સ્વીકાર્ય છે. રૂા. ૫૦,૦૦૦/- (પચાસ હજાર) અથવા એનાથી વધારેના દાતાનું સન્માન કરવામાં આવશે તથા દરેક દાતાઓનું નામ વોટ્સએપ ગ્રુપમાં મુકવામાં આવશે.

શ્રી સંદીપ નગીનલાલ વારે "ગ્રુપ મેડીક્લેમ સમિતી" ના કન્વીનર તરીકે બહુજ સુંદર અને સારી રીતે સંચાલન કરી રહ્યા છે.

**ખાસ નોંધ:**
૧. જે કુટુંબના બધા સભ્યોની કુલ વાર્ષિક આવક રૂા. ૨,૬૦,૦૦૦ સુધી હશે તેવા જ સભ્યો આ યોજનામાં ભાગ લઈ શકશે.
૨. આ યોજના શ્રી કચ્છ વીસા શ્રીમાળી ઓસવાળ ગુર્જર જૈન જ્ઞાતિસમાજ, મુંબઈ ના સભ્યો માટે છે.

સમગ્ર ટ્રસ્ટ મંડળ તથા કાર્યવાહક સમિતિ વતી



**GROUP MEDICLAIM INSURANCE COMMITTEE**

**Convener : Sandip Naginlal Vora Mob.: 9821046730 (4pm to 10pm)**

Dilip P. Sanghvi (President)
Mob.: 98206 26767

Mulchand K. Sanghvi (Managing Trustee)
Mob.: 92234 33661

Mahesh Liladhar Mehta (Vice President)
Mob.: 98200 35493

Mahendra Karamchand Mehta
Mob.: 93248 25615

Dhirajlal K. Mehta
Mob.: 98200 79964

Paresh Mohanlal Vora
Mob.: 98200 89746

Sheetal Narendra Gandhi (Special Invitation)
Mob.: 98339 46828

Since - 1973
હસ્તકલાના હૃદયસમાન... !
રૂપાલી®
કચ્છી હેન્ડીક્રાફ્ટ્સ
શો રૂમ
કે.ટી. શાહ રોડ, માંડવી-કચ્છ.
☎ (૦૨૮૩૪) ૨૨૩૪૫૮
▲ dipeshvdoshi@gmail.com
■ roopaleehandicrafts
● roopalee handicrafts.com

*With Best Compliments :*
ANIL AGENCIES
402, Akanksha Apt.,
V. N. Purav Marg,
Chunabhatti,
Mumbai - 400 022.
E-mail :
anilagencies@hotmail.com
Mo. 9821055224
9082115260
Resi : 2405 4949

With Best Compliments from
DARSHAN MEHTA
DM CONSULTANCY
ONE STOP TAX SOLUTIONS
Solutions Provided By us :
• Income Tax • GST
• TDS • Internal Audit
147, Shree Naman Plaza,
Near Flyover, Kandivali
(W), Mumbai - 400 067.
Tel. : 022 42660056
022 28620056
Cell : 93226 96162
Email: darshan@dmconsultancy.net
Website : www.dmconsultancy.net
(July-2023)

M. MANILAL
& CO.
'Manubhai'
suppliers :
Whole Sale
Dry Fruits, Dry Dates
& Kirana Merchants
Address :
E/30, APMC Market I,
Moodi Bazar, Turbhe, Vashi,
Navi Mumbai - 400 705.
☎
(O) 5590 2181 / 5590 7271
Mobile : 9820287389

Since 1985
Haresh Mehta
Cell : 98202 40600

Virag Vision
A Professional Touch
EVERYTHING IN VIDEO SHOOTING & PHOTOGRAPHY
CINEMATOGRAPHY ● CANDID PHOTOGRAPHY
Office No. 13, Chamunda Heritage, Sai Mandir Marg,
Behind Jeevan Vikas Hospital, Andheri (E), Tel : 022 - 2683 1343
Website : www.viragvision.com ● E mail : viragvision@gmail.com
Like us on www.facebook.com/viragvision

Girish R. Bhansali
98410 88515
Vinith G. Bhansali
98403 17701
BHAVYA
DIAMOND
Loose Diamonds &
Manufacturer of
Diamond Studded Jewellery
'PANNA ARCADE',
Shop No. 7, 1st Floor,
# 3, Thulasingam Street,
1st Lane, Sowcarpet,
Chennai - 600 079.
Ph : 044-42802446
Off : 9840317701
Centrex : 8446

Kerala Rajasthan Kutch Uttranchal Karnataka Leh Ladakh Himachal Kolkata Germany Dubai Japan China New Zealand Egypt Switzerland Europe Bali Indonesia Greece
CAPRI TOURS
South Africa Malaysia
Rann Utsav Lonavala Mahabaleshwar Chardham Maharashtra Matheran Jal Mahotsav Nepal Kashmir Madhya Pradesh Gujarat Spain Saputara Bhutan London Singapore Canada Turkey Australia Macau Thailand Hong Kong USA Kenya Russia Italy Cruises

Explore World With Us...
SAMEER VORA
9967554452 / 8898893975
holidays@capritours.in | www.capritours.in
Shop no. F-29, Moksh Plaza, S.V. Road
Borivali West, Mumbai : 400 092. India

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

## ઓવર આર્મ ક્રિકેટ ટુર્નામેન્ટ

**માકપટ :** શ્રી માકપટ જૈન ગુર્જર સમાજ – કચ્છ દ્વારા સમાજના યુવા ક્રિકેટરો માટે ઓવર આર્મ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન વિશ્વેશ્વર ક્રિકેટ ગ્રાઉન્ડ – માનકુવા મધ્યે કરવામાં આવ્યું હતું. ચાર રવિવાર દરમ્યાન રમાનાર આ 'શેઠ કપ' ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ભડલી સ્ટાઈકરે ટૉસ જીતીને બેટિંગ કરતાં ૬૪ રનનું ટાર્ગેટ આપ્યું હતું. જેને આદીનાથ ઈલેવન દ્વારા ૯ ઓવરમાં પૂરું કરી ફાઈનલ મેચમાં જીત મેળવી હતી.

માકપટ ક્રિકેટ લીગ – શેઠ કપના મેઈન સ્પોન્સર માતુશ્રી દિવાળીબેન કરશનજી શેઠ (સામત્રા – ગાંધીધામ) રહ્યા હતા, જ્યારે લોગો સ્પોન્સર મિત્સુ ફેશન–ભુજ, મેન ઓફ ધ મેચના સ્પોન્સર સિદ્ધાર્થ પાવર સોલ્યૂશન–ગાંધીધામ, મેન ઓફ ધ સિરીઝના સ્પોન્સર ભાવના ઓટો પાર્ટ્સ–ભુજ, સ્લીવના સ્પોન્સર માતુશ્રી પ્રેમિલાબેન પ્રેમચંદ સંઘવી પરિવાર–ભુજ તથા માતુશ્રી વીણાબેન વાડીલાલ શેઠ પરિવાર – ગાંધીધામ, બેસ્ટ ફિલ્ડરના સ્પોન્સર શેઠ હીરાલાલ મગનલાલ –માનકુવા, બેસ્ટ બોલરના સ્પોન્સર શાહ ટોકરશી સોમચંદ પરિવાર નખત્રાણા– ભુજ, બેસ્ટ વિકેટ કીપરના સ્પોન્સર શાહ વિરસેનભાઈ ખેંગારભાઈ પરિવાર–ભુજ, બેસ્ટ બેટ્સમેનના સ્પોન્સર શાહ ચમનલાલ મગનલાલ પરીવાર– માનકુવા રહ્યા હતા.

ફાઈનલ મેચના મેન ઓફ ધ મેચ અક્ષય શાહ, જ્યારે ટુર્નામેન્ટના મેન ઓફ ધ સિરીઝ અક્ષય શેઠ, બેસ્ટ બોલર ચૈત્ય મહેતા, બેસ્ટ બેટ્સમેન મૌલીક શાહ, બેસ્ટ વિકેટકીપર કેવલ શેઠ, બેસ્ટ ફિલ્ડર હર્ષ શાહ રહ્યા હતા.

આ આયોજનમાં માકપટ જૈન સમાજના પ્રમુખ શ્રી વિનોદભાઈ શેઠ, મંત્રીશ્રી વિનેશભાઈ શાહ, હિતેન્દ્રભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ શાહ, સંજય મહેતા, જીજ્ઞેશભાઈ શાહ, નરેન્દ્રભાઈ મહેતા સાથે સમાજના સલાહકારશ્રીઓ કમલેશભાઈ સંઘવી ગાંગજીભાઈ શેઠ, જયેન્દ્રભાઈ શાહ, સુરેશભાઈ શેઠ તેમજ દરેક સમિતિના કન્વીનરશ્રીઓ, કારોબારી સભ્યો સાથે બહોળી સંખ્યામાં સમાજના સભ્યો જોડાયા હતા. ભોજનની વ્યવસ્થા ભાવેશ શાહ, સેવંતી મહેતાએ સંભાળી હતી

આ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન સ્પોર્ટ્સ કન્વીનર અલ્પેશ શાહ, સેતુ શાહ સાથે પ્રોજેક્ટ ચેરમેન આશવ શાહ, રૂજુલ શાહ સાથે તેમની સંપૂર્ણ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સમાચાર

## ડાયાબિટીસનો નિઃશુલ્ક કેમ્પ

**માંડવી :** સ્થાનકવાસી છ કોટી જૈન લીંબડી અજરામર સંપ્રદાય પ્રેરિત માંડવી છ કોટી સ્થાનકવાસી જૈન સંઘ આયોજિત ગચ્છાધિપતિ આચાર્ય ભાવચંદ્રજી સ્વામી ડાયમંડ જ્યુબિલી (૫૦) સંયમોત્સવ વર્ષ, ગુરુદેવ ભાસ્કરજી સ્વામી અમૃત (૭૫) જન્મોત્સવ વર્ષ નિમિત્તે તા. ૨૫–૧૨ના રવિવારના માંડવીની ભાટિયા હોસ્પિટલમાં ડાયાબિટીશનો નિઃશુલ્ક મેડીકલ કેમ્પ યોજાયો હતો.

છ કોટી જૈન સંઘના પ્રમુખશ્રી પુનિતભાઈ શાહ (ભાછ્છા)એ દીપ પ્રગટાવી કેમ્પને ખુલ્લો મુકતા જણાવેલ કે માંડવી છ કોટી જૈન સંઘ, મેડીકલ કેમ્પો ગોઠવવામાં હંમેશા સહયોગી બનશે.

પ્રમુખસ્થાનેથી ભાટિયા હોસ્પિટલના ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ વેદે, ડૉ. જય કે. મહેતા અને સામાજિક અગ્રણી શ્રી દિનેશભાઈ શાહને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રારંભમાં શ્રી દિનેશભાઈ શાહે સૌને આવકારી જણાવેલ કે વરિષ્ઠ ગુરુદેવ ભાસ્કરજી સ્વામી હાલમાં માંડવી ન હોવા છતાં પણ માંડવીની ચિંતા કરે છે જે માંડવી માટે આનંદની વાત છે.

આ કેમ્પમાં સેવા આપતા ડૉ. જય કે. મહેતાએ નિઃશુલ્ક કેમ્પ યોજવા બદલ સંઘ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરેલ. ભાટિયા હોસ્પિટલમાં આજ સુધી કુલ ૨૧૮ મેડીકલ કેમ્પો સંપન્ન થયા છે.

**અગત્યનું :** NEFTથી મોકલેલ રકમોની વિગતો બેંક સ્ટેટમેન્ટમાં અધૂરી હોય છે અથવા આવતી જ નથી. માટે આપ જ્યારે પણ NEFTથી રકમ મોકલાવો તો તેની પૂર્ણ વિગત સ્ક્રીનશોટ અથવા લખીને WhatsApp દ્વારા ૯૩૨૨૮૮૦૫૫૫ પર અથવા ઈ–મેઈલ દ્વારા kutchgurjari@gmail.com ભૂલ્યા વગર મોકલાવશો, જેથી રકમ આપના નામ પર જમા કરી શકીએ તેમજ **આપનો પેનકાર્ડ નંબર જરૂરથી મોકલાવવો.**

## વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ

**અમદાવાદ :** શ્રી કચ્છી જૈન ગુર્જર મંડળ–અમદાવાદનો વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ રવિવાર તા. ૧૮–૧૨–૨૦૨૨ના યોજવામાં આવ્યો હતો. આશરે ૧૧૦ પરિવારોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બપોરે ૩.૦૦ વાગ્યે અર્લી બર્ડ રજિસ્ટ્રેશનથી શરૂઆત થઈ, ત્યારબાદ હાઈ ટીનો સર્વે સભ્યોએ લાભ લીધેલ.

ત્યારબાદ નાના બાળકોએ રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની શરૂઆત કરેલ, જેને સર્વે હાજર સભ્યોએ ઉભા થઈ સન્માન આપેલ. ત્યારબાદ હાઉસી ગેમ રમાડવામાં આવેલ જેમાં નાના–મોટા સહુએ ખુબ જ આનંદ પુર્વક ભાગ લીધો હતો.

ત્યારબાદ જાન્યા મનનભાઈ શાહ દ્વારા નવકાર મંત્ર પર કલાસિકલ નૃત્યથી સ્ટેજ પ્રોગ્રામની શરૂઆત કરેલ. માનદ્‌મંત્રી શ્રી નિમેષભાઈ ધીરજલાલ સંઘવીએ મંડળની પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપી હતી તથા સભ્યોને ઉત્સાહપુર્વક ભાગ લેવા માટે ધન્યવાદ આપેલ. પ્રમુખ શ્રી કિરણભાઈ ભોગીલાલ મહેતાએ સહુના સહયોગથી મંડળ જાન્યુઆરી ૨૦૨૩ના ૨૦ વર્ષ પુરા કરશે. એમ જણાવેલ. મંડળે કરેલી પ્રગતિ બદલ સભ્યોએ આપેલ સહયોગ માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ત્યારબાદ મંડળ પરિવારના કેજીથી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના વિદ્યાર્થીઓનું સન્માન કાયમી દાતા પરિવાર દ્વારા કરવામાં આવેલ અને વર્ષ દરમ્યાન સભ્યોએ કરેલી તપસ્યા માટે તેઓનું બહુમાન કાયમી દાતા પરિવાર દ્વારા કરવામાં આવેલ. ભૂતપૂર્વ માનદ્‌મંત્રી શ્રી રજનીકાંત ધરમશી પારેખે ભવિષ્ય માટેના મહત્વપૂર્ણ સૂચનો કરેલ તથા મોટા સમાજની ઉપયોગી યોજનાઓનો લાભ લેવા જણાવેલ. છેલ્લે સ્વાદિષ્ટ સ્વરૂચી ભોજનનો લાભ લઈ સહુ છુટા પડેલ.

સર્વે જ્ઞાતિજનોને આપણા સમાજની Mobile App ડાઉનલોડ કરવા વિનંતી.

## ગુજરાત ગૌરવ ગિરનાર એવોર્ડ



**શ્રી સુધીરભાઈ છગનલાલ વોરા**

**બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા ગુજરાત ગૌરવ ગિરનાર એવોર્ડ શ્રી સુધીરભાઈ છગનલાલ વોરાને તેમની સમાજ સેવા માટે ૭ જાન્યુઆરી-૨૦૨૩ના રોજ યોગી સભાગૃહ ખાતે આપવામાં આવ્યો હતો.**

હાલ ઘાટકોપર-મુંબઈ, મૂળવતન માંડવીના શ્રી સુધીરભાઈ છગનલાલ વોરાએ શ્રી કચ્છ વીસા શ્રીમાળી ઓસવાળ જ્ઞાતિ સમાજ, મુંબઈને છેલ્લા ૩૦ વર્ષથી અવિરતપણે સેવા આપી છે. કમિટિ મેમ્બર, સેક્રેટરી, મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખના હોદ્દાઓ દીપાવ્યા છે. છેલ્લા છ વર્ષ સમાજના પ્રમુખ હતા. આ નિઃસ્વાર્થ સેવાભાવ એમના પિતાશ્રી છગનલાલ કુશલચંદ વોરા પાસેથી મળ્યો છે. છગનભાઈએ આઝાદીની લડતમાં ભાગ લીધો હતો. પિતાજી ખાસ તેમને ભણાવવા મુંબઈ આવ્યા હતા. પિતાજીમાં આવડત ઘણી હતી પણ ડિગ્રી ન હોવાથી મુશ્કેલી ન પડે એ માટે બધાને ઉચ્ચ અભ્યાસ કરાવ્યો.

ગુર્જર સમાજને આગળ લાવવા સુધીરભાઈનો બહુ જ મોટો ફાળો છે. સમાજના યુવાનો શિક્ષણથી વંચિત ન રહી જાય. સમાજ તંદુરસ્ત રહે, સમાજમાં કોઈને આર્થિક તકલીફ ન રહે, સમાજના સભ્યોને મેડીકલની કોઈ તકલીફ ન રહે એના માટે સતત પ્રયાસો કર્યા છે. સમાજના યુવાધનને આગળ લાવવા યુથ ફોરમની રચના કરી, મેડીકલ કેમ્પનું આયોજન, યુવક-યુવતીઓના લગ્ન થાય એના માટે પરિચય મિલનનું આયોજન, દર વર્ષે 'ગ્રાન્ડ ટેલેન્ટ શો', વડીલ વંદના, વુમન્સ ડે, સરસ્વતી વંદના, Blood Donation Camp યોજના, સમાજના સભ્યો માટે 'શુભ મંગલ લગ્ન યોજના' કરી, જેમાં બંને પક્ષના ૩૦૦ જણના લગ્ન સારી રીતે કર્યા. આ યોજનામાં બંને પક્ષ મળીને રૂા. ૧,૧૧,૧૧૧- આપવાના હતા.

બે વર્ષ કોરોના કાળ દરમિયાન ગુર્જર સમાજના સભ્યો માટે ખડે પગે રહ્યા છે અને ખૂબ સેવા આપી છે. કોરોના કાળ દરમિયાન સમાજના સભ્યોને હોસ્પિટલમાં બેડની જરૂરત હોય, કોવિડ સેન્ટરમાં દાખલ થવું હોય, દવા-ઈન્જેક્શન જોઈતા હોય, બ્લડની જરૂરત હોય એના માટે ઘણો જ ભોગ આપ્યો છે. અઢાર મહિના જરૂરતમંદ પરિવારોને દર મહિને સમાજના માધ્યમથી રૂા. ૨,૫૦૦/-એમના ખાતામાં RTGS/NEFTથી મોકલ્યા છે. દવા, અનાજ, શિક્ષણ ફી, મેડીક્લેમ, મેડીકલ સહાય સમાજના સભ્યો માટે ઉપલબ્ધ કરાવ્યા છે. સમાજના બધા રૂમો કોરનટાઈન માટે આપ્યા. Oxygen Concentrator વસાવી સમાજના સભ્યોને ફ્રી વાપરવા આપ્યા. સમાજના ૧૩ ડોક્ટરની પેનલ બનાવી સભ્યોને ફોન ઉપર Free Medical Treatment અને Adviceની ગોઠવણ કરી. કોઈપણ સભ્યો ૨૪ કલાકમાં કોઈપણ સમયે સુધીરભાઈનો સંપર્ક કરી શકતું.

કોરોના કાળમાં ભારતભરના આપણાં સમાજના સભ્યો પોતાના સ્વજનોને ગુમાવ્યા તેમને બધાને શ્રદ્ધાંજલિ 2 Video બનાવીને આપી. સમગ્ર વિશ્વ અને ભારતભરમાં આપણા સમાજના યુવક-યુવતી માટે સગાઈ કે લગ્ન થાય તેના માટે 3 KVSO BIODATA ગ્રુપ, Whatsapp ઉપર ખોલ્યા.

છેલ્લે સમાજનું ચેમ્બુર સ્થિત સુમતિ ગુર્જર ભવન'નો ગ્રાઉન્ડ ફ્લોરનો ભાગ બૃહદ મુંબઈ મહાનગર પાલિકા (BMC)ને પાંચ મહિના માટે Vaccination Centre ચલાવવા Free of Charge આપ્યો. દેશ સેવા અને ચેમ્બુર સ્થિત આજુબાજુ વસતા કોઈપણ જાતિના લોકો તથા સમાજના સભ્યોને વેક્સીનેશન સારી રીતે અને મફત થાય એવા પ્રયત્નો કર્યા અને સુધીરભાઈ પાંચ મહિના વેક્સીનેશન સેન્ટર પર પૂરો દિવસ હાજરી આપી સાચા દિલથી સેવા આપી હતી. તેઓ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. ઘાટકોપરમાં છેલ્લા આઠ વર્ષથી નિઃસ્વાર્થભાવે કમિટિ મેમ્બર તરીકે સેવા આપી રહ્યા છે.

## ૧૧મો ધ્વજારોહણ ઉજવાયો

**માંડવી :** માંડવી તપગચ્છ જૈન સંઘના ઉપક્રમે, મહાવીર સ્વામી જિનાલયમાં ૧૧મો ધ્વજારોહણ તા. ૨૮-૧૨-૨૨ના રોજ ભક્તિભાવ પૂર્વક ઉલ્લાસભેર રંગેસંગે ઉજવાયો હતો.

સવારના ૯.૩૦ કલાકે માંડવીના બહેનોના શિતલમંડળ, કુશળ મંડળ- શ્રાવિકા મંડળ અને ત્રિજલા મંડળ એમ કુલ ૪ મંડળના બહેનોએ ભણાવેલ. સત્તરભેદી પૂજામાં પાંચે ગચ્છના બહેનો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

મહાવીર પ્રભુજીની ધ્વજા લહેરાવવાનો લાભ માતુશ્રી સુરજબેન હેમચંદ બોરીચા હ. ભરતભાઈ બોરીચાએ લીધો હતો. જ્યારે અન્ય લાભો પ્રભુજીની ધ્વજા લઈને પ્રદક્ષિણા કરવાનો લાભ માતુશ્રી પુષ્પાબેન પ્રભુલાલ વલમજી સંઘવીએ, પ્રભુજીની ધ્વજા આગળ ધૂપ લઈને ફરવાનો લાભ માતુશ્રી મીઠીબેન ગોકુલદાસ શાહ પરિવારે, પ્રભુજીની ધ્વજા આગળ દિપક લઈને ફરવાનો લાભ શાહ હેતલભાઈ ભરતભાઈ પરિવારે, પ્રભુજીની ધ્વજાની જમણી બાજુએ ચામર ઢાળવાનો લાભ મહેતા તરૂણભાઈ રમણીકલાલ પરિવારે, પ્રભુજીની ધ્વજાની ડાબી બાજુ ચામર ઢાળવાનો લાભ શાહ વાડીલાલ હંસરાજ પરિવારે, આરતીનો લાભ માતુશ્રી સુરજબેન હેમચંદ બોરીચા હ. નવિનભાઈ બોરીચાએ મંગલ દીવાનો લાભ ત્રણ બહેનો પુષ્પાબેન, કલ્પનાબેન અને હંસાબેને જ્યારે શાંતિ કળશનો લાભ સંઘવી હીરજીભાઈ વલમજીએ લીધેલ.

ધ્વજારોહણ બાદ જૈનપુરી મધ્યે મહાવીર સ્વામી જિનાલયની આજુબાજુ રહેતા પરિવારો તરફથી માંડવી જૈન સમાજના પાંચેગચ્છ માટે સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ યોજાયો હતો. અત્રે એ ઉલ્લેખનિય છે કે છેલ્લા ૧૧ વર્ષથી દર વર્ષે ધ્વજારોહણ પ્રસંગે આ પરિવારો તરફથી સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ યોજવામાં આવે છે.

# હરિપ્રભા અનુમોદના ટ્રસ્ટ દ્વારા માંડવી મધ્યે બે સેવાભાવી વ્યકિતઓનું સન્માનપત્ર આપી અભિવાદન કરાયું

**માંડવી :** શ્રી હરિ પ્રભા અનુમોદના ટ્રસ્ટ ભુજ દ્વારા બે કર્મઠ સેવા ભાવી વ્યક્તિ વિશેષ શ્રી વિજયભાઈ છેડા ચેરમેન બિદડા સર્વોદય ટ્રસ્ટ તથા શ્રી ડો. હર્ષદભાઈ ઉદેશી માંડવીના કાર્યની અનુમોદના અર્થે પ્રિતમ ગુર્જર ભવનના હોલ માંડવી મધ્યે અમેરિકા વસતા મૂળ માંડવીના જૈનરત્ન ડો. ધીરજભાઈ શાહના અધ્યક્ષ સ્થાને અને માંડવીના ધારા સભ્ય શ્રી અનિરૂદ્ધભાઈ દવેના અતિથિ વિશેષ પદે સન્માનનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયેલ હતો.











ધારાસભ્ય અનિરૂધ્ધભાઈનું પુષ્પ, શાલ-માળા અને મોમેન્ટોથી, અને વિજયભાઈ છેડા તથા ડો. હર્ષદભાઈ ઉદેશીનું સન્માનપત્ર, શાલ-માળાથી ડો. ધીરજભાઈ શાહે સન્માન કરેલ.

હરિભાઈ અને પ્રભાબેનની તસ્વીર પાસે મંચસ્થો દ્વારા દિપ પ્રાગટયથી શરૂ કરવામાં આવેલ કાર્યક્રમમાં સંસ્થાના અધ્યક્ષ ડો. ધીરજભાઈ શાહે દરેક ભારતીય પોતાની સંસ્કૃતિને યાદ રાખે છે. તે વિશ્વના ગમે તે ખૂણે હોય પણ સનાતન ધર્મની સંસ્કૃતિને સેવાની જ્યોત પ્રગટાવી માતૃભુમિનું ઋણ ચૂકવવું એ આપણી ફરજ છે. આપણી સાંસ્કૃતિક વિરાસતમાં સામાજિક વિકાસ માટે કર્મઠ લોકો એક યા બીજા સ્વરૂપે કચ્છ અને કચ્છ માટે કાર્ય કરતા નિષ્ઠાવાન લોકોની પીઠ થાબડવી એને ફરજ સમાન લેખાવી સંસ્થા દ્વારા દર વર્ષે ૨-૩ વિશિષ્ટ વ્યકિતઓના સન્માન કરવાનું નક્કી કરેલ છે.

માંડવીની અભ્યાસ પ્રત્યેની મહત્તા અમેરિકા ખેંચી ગયાનું જણાવી વિયેટવોરમાં જવાના પ્રસંગ માટે અહિંસક વિચારસરણી ધરાવતા જૈન ધર્મ માટે કાયદો પસાર કરાવેલ કે જૈનની ઈચ્છા વિરૂદ્ધ અમેરિકાની મીલીટ્રીમાં કોઈ પણ ભરતી કરાશે નહીં. તેમજ ૧૯૯૩માં અમેરિકામાં દરેક ધર્મો પોતાની પ્રણાલી પ્રમાણે ધર્મ સ્થાનો બાંધી શકવાનો, અમેરિકા સર્વ ધર્મનો દેશ હોવાનો કાયદો પસાર કરાવેલ. અહિંસા, અનેકાંતવાદ, અનુકંપા સંસ્કારોનું સીંચન માતૃભુમિ માંડવીમાંથી મળ્યાનો આનંદ વ્યકત કરી આ ગુણધર્મોથી અમેરિકામાં કરેલ અનેક કાર્યોના દ્રષ્ટાંતોથી ઉપસ્થિતોને ભાવ વિભોર કરી મૂકેલ હતા.

અનિરૂદ્ધભાઈ દવેએ કર્યું, કરાવ્યું અને અનુમોદયું એના નામ પ્રમાણે હરિપ્રભા અનુમોદના ટ્રસ્ટની કામગીરીને બિરદાવી, અભ્યાસ માટે સરકારી કોલેજોમાં જે વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે. તેની પાછળ સરકાર કરોડો રૂપિયા ખર્ચે છે, એ રૂપિયા આપણે જે ટેક્ષ ભરીએ છીએ તે રકમમાંથી ખર્ચ કરે છે. તે ઋણ ચૂકવવા દરેક કચ્છી તત્પર હોય છે. તેઓએ પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા, ગોકલદાસ ખીમજી પરિવાર, ડો. નવીનભાઈ મહેતા, ડો. ધીરજભાઈ શાહ વિગેરે અનેક કચ્છીઓની સેવા ભાવનાને બિરદાવી રાષ્ટ્રદૂત તરીકે અનુમોદના કરેલ.

સન્માનીત શ્રી વિજયભાઈ છેડાએ આભારની લાગણી સાથે પોતાની પ્રગતિમાં ડો. ધીરજભાઈનો અનન્ય સહયોગ મળ્યાનું જણાવી ગેસ્ટ્રોકોપીના મશીન ઉપરાંત સમયે સમયે બિદડા સર્વોદય ટ્રસ્ટને મદદ રૂપ થવામાં તેમનો સિંહ ફાળો હોવાનું લેખાવી ડો. ધીરજભાઈ અમેરિકામાં જૈનાના પ્રમુખ હતા ત્યારે મેં બિદડા સર્વોદયમાં કાર્ય શરૂ કરેલ. આજે ૫૦ મો વર્ષ હોસ્પિટલનો ચાલે છે તેમાં ૬૦ લાખ લોકોની સારવાર તથા બે લાખ લોકોના ઓપરેશનો થયાનું જણાવેલ. અનુમોદના ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં પોતાના સહયોગની ખાત્રી ઉચ્ચારેલ. સન્માનીત ડો. હર્ષદભાઈ ઉદેશીએ લોકોની સેવા કેમ કરાય તે માટે મસ્કા ટીબી કલીનીકને પોતાનો પ્લેટફોર્મ હોવાનું જણાવેલ. પોતાની ૭૦વર્ષની વયમાં ૪૫ વર્ષથી પ્રેકટીશ કરી રહ્યા છે. તેઓએ રીટાયર્ડ નહિ 'રી-ટ્રાય' ના સિદ્ધાંતથી આગળ વધવાની નેમ વ્યકત કરી હરિ પ્રભા અનુમોદના ટ્રસ્ટનો આભાર વ્યકત કરેલ. સિધ્ધાર્થભાઈ લક્ષ્મીકાંત શાહે સ્વાગત પ્રવચન કરેલ. જ્યારે જયેશ જી. શાહે પ્રસંગ પરિચય આપેલ, જૈન બેનાત જ્ઞાતિના પ્રમુખ હરનીશભાઈ શાહે બંને સન્માનીત વ્યકિતઓના સન્માનપત્રનું વાંચન કરેલ.

કાર્યક્રમમાં ડો. પુલીનભાઈ વસા, ડૉ. સંજયભાઈ કોઠારી, ડો. કૌશીકભાઈ શાહ, ચંદ્રેશભાઈ શાહ, મહેશભાઈ, મયુરભાઈ, અશોકભાઈ, પરેશભાઈ, રાજુભાઈ, મેહુલભાઈ, પુનીતભાઈ, કિરણભાઈ, વાડીલાલભાઈ દોશી, ભરતભાઈ વૈદ, વિરેનભાઈ, કવીભાઈ, દિનેશભાઈ એમ.શાહ, હરકાંતભાઈ, ભરતભાઈ, અમુલભાઈ, વસંતબેન, અપર્ણાબેન, શીલાબેન, ગીતાબેન વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. શહેરના દરેક જૈન સંઘના આગેવાનો, સ્વૈચ્છીક સંસ્થાઓના હોદેદારો ઉપસ્થિત રહી કાર્યક્રમને શુભેચ્છા પાઠવેલ.

રોટરી કલબ માંડવી, ભરતભાઈ શાહ મિત્ર વર્તુળ, ઈનર વ્હીલ કલબ, છ કોટી જૈન સંઘ, આઠ કોટી જૈન સંઘ, જેજેસી લેડીઝ વીંગ, સીનીયર સીટીજન ફોરમ, જીટી હાઈસ્કુલ ૧૯૬૯ ગ્રુપ, આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ, આઠ કોટી મોટી પક્ષ જૈન સંઘ, વીઆરટીઆઈ વગેરેએ ડૉ. ધીરજભાઈ શાહનું બહુમાન કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન દર્શનાબેન શાહે જ્યારે આભાર વિધી નલીનભાઈ પટવાએ કરેલ હોવાનું જયેશ જી.શાહે જણાવેલ.

## હરિપ્રભા અનુમોદના ટ્રસ્ટ આયોજીત મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો





**માંડવી :** બંદરીય માંડવી શહેરમાં હરિપ્રભા અનુમોદના ટ્રસ્ટ આયોજિત મેડીકલ ચેકઅપ કેમ્પમાં માંડવીના પાંચે ગચ્છના સમસ્ત જૈન સમાજના ૩૫ થી ૮૫ વર્ષની વયના કુલ ૨૨૨ વ્યક્તિઓનું નિઃશુલ્ક ચેકઅપ કરી અપાયું હતું.

માંડવીના વતનપ્રેમી અમેરિકા નિવાસી દાતા ડૉ. ધીરજભાઈ એચ. શાહના સૌજન્યથી યોજાયેલા આ નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પનું સંચાલન માંડવીના શ્રી સેવા મંડળે કરેલ જ્યારે ડો. પુલિનભાઈ વસાએ સેવા આપી હતી.

માંડવીના પાંચે ગચ્છના સમસ્ત જૈન સમાજના ૩૫થી ૮૫ વર્ષની વયના કુલ ૨૨૨ વ્યક્તિઓનું ચેકઅપ કરી અપાયું હતું. દરેક વ્યક્તિને સવારે ૭-૩૦ થી ૯-૦૦ દરમિયાન ભૂખ્યા પેટે સેવામંડળ સંચાલિત લેબના ટેકનીશયન મિહીરભાઈ આર. શાહ દ્વારા મંછારામ બાપાના વાડામાં બોલાવીને સી.બી.સી, બ્લડ સુગર, કોલેસ્ટ્રોલ, એસ. ક્રીએટીનાઈન, યુરીન રિપોર્ટ કરી કુલ ૧૩૩૨ રિપોર્ટ કરવામાં આવ્યા હતા. તે દરેક રિપોર્ટનું ડો. પુલિનભાઈ વસાએ કન્સલ્ટીંગ વર્ક કરી આપેલ હોવાનું શ્રી સેવા મંડળના ટ્રસ્ટી જયેશભાઈ જી. શાહે જણાવ્યું હતું. તા. ૨૧-૧૨-૨૦૨૨ થી પ્રારંભ થયેલા કેમ્પનું તા. ૧૨-૧-૨૦૨૩ના સમાપન કરવામાં આવેલ હતું.

માંડવીના મણીભવનમાં તા. ૧૫-૦૧ ને રવિવારના રોજ મેડીકલ ચેકઅપ કેમ્પનો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. પ્રમુખ સ્થાનેથી અમેરિકા નિવાસી માંડવીના દાતા ડો. ધીરજભાઈ એચ. શાહે દિપ પ્રાગટય કરી સમાપન કાર્યક્રમને ખુલ્લો મૂકી શ્રી સેવા મંડળ અને માંડવીના પાંચે ગચ્છ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે આવતા વર્ષથી જાન્યુઆરી માસની ૧ થી ૧૫ તારીખ દરમિયાન પોતાના માતા-પિતાની તિથિ હોઈ સેવા મંડળના નેજા હેઠળ માંડવીના પાંચે ગચ્છના સમસ્ત જૈન સમાજ માટે જુદા જુદા નિઃશુલ્ક મેડીકલ કેમ્પો યોજવાની ઘોષણા કરી હતી અને રૂા. એક લાખનો ચેક શ્રી સેવા મંડળના ટ્રસ્ટીઓને અર્પણ કરેલ.

આ પ્રસંગે સમારોહના પ્રમુખ ડો. ધીરજભાઈ શાહનું શ્રી સેવામંડળના પ્રમુખ અશોકભાઈ શાહ અને જયેશભાઈ જી, શાહે, દાતાના ભાઈ શ્રી નિતીનભાઈ શાહ (ભુજ)નું શ્રી સેવા મંડળના ટ્રસ્ટી ચંદ્રકુમાર શાહે અને કેમ્પમાં સેવા આપનાર ડો. પુલિનભાઈ વસાનું ટ્રસ્ટી ભાવિનભાઈ શાહે સન્માન કર્યું હતું.

આ પ્રસંગે ડો. પુલિનભાઈ વસાએ આરોગ્યલક્ષી વિગતે પ્રવચન કરી જીવન શૈલીમાં પરિવર્તન કરવા અને માનસિક શાંતિ જાળવવા અનુરોધ કર્યો હતો. તેમણે દરરોજ ચાલવા, પાણી વધુ પીવા અને પેશાબને ન રોકવા અનુરોધ કર્યો હતો. ડાયાબીટીસનું રેગ્યુલર ચેકઅપ કરવા પણ અનુરોધ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અપર્ણાબેન વ્યાસે કરેલ હતું જ્યારે સેવામંડળ માંડવીના પ્રમુખ શ્રી અશોકભાઈ શાહે આભારવિધિ કરી હતી.

કેમ્પને સફળ બનાવવા ડો. પુલિનભાઈ વસા, મિહીરભાઈ આર. શાહ, રમેશભાઈ સલાટ, દિપકભાઈ સોની, ડોલીબેને ટ્રસ્ટી ચંદ્રસેનભાઈ શાહની રાહબરી હેઠળ જહેમત ઉઠાવેલ.

સમાપન કાર્યક્રમમાં પૂર્વ નગરપતિ મેહુલભાઈ શાહ, નગરસેવક લાંતીકભાઈ શાહ, જૈન બેનાત જ્ઞાતિ પ્રમુખ હરનીશભાઈ શાહ તેમજ રાજેન્દ્રભાઈ આર. શાહ, વિરલભાઈ વી. શાહ, તરૂણભાઈ મહેતા, મયુરભાઈ શાહ, પરેશભાઈ સંઘવી, પુનિતભાઈ શાહ, દિનેશભાઈ એમ. શાહ, રીકીનભાઈ શાહ, પાંચે ગચ્છના આગેવાનો, ડો. પ્રાચીબેન પંડયા, ડૉ. રાજવીબેન મામતોરા સેવા મંડળ સ્ટાફ ગણ ઉપસ્થિત રહેલ.

**શ્રી ગુર્જર જૈન સંઘ, રાઉરકેલા, ઓરીસ્સાના સર્વે સભ્યો વતી ખૂબ ખૂબ અભિનંદન. જૈન દર્શન સ્વાધ્યાય સંઘ દ્વારા શ્રેણીની પરીક્ષામાં શ્રીમતી પ્રીતીબેન બી. ફોફળીયા, શ્રેણી ૮ ની પરીક્ષામાં ઓલ ઈન્ડિયા લેવલ પર પ્રથમ આવેલ છે તથા મુકેશભાઈ એન. સંઘવી શ્રેણી ૪ માં દ્વિતીય આવેલ છે. હર્ષ હર્ષ જય જય.**

## માંડવીનું ગૌરવ



**નીપા જયેશ શાહ (આસીસ્ટન્ટ પ્રોફેસર)**

આસીસ્ટન્ટ પ્રોફેસર બનવાની લાયકાત ધરાવવા માટે રાજ્યમાં 'જી સેટ'ની પરીક્ષા દર વર્ષે લેવામાં આવે છે. જેમાં કચ્છમાંથી ૫૦ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે. તેમાં માંડવીની નીપા જયેશભાઈ શાહે ઉત્તીર્ણ થઈ માંડવીનું ગૌરવ વધારેલ છે.

રાજ્યમાં કુલ ૩૦,૦૭૫ વિદ્યાર્થીઓએ 'જી સેટ'ની પરીક્ષા આપી હતી, જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૨૧૭૭ ઉમેદવારો પાસ થતાં ૭.૨૪ ટકા પરિણામ આવેલ. નીપા શાહે કચ્છ યુનિવર્સિટીમાં એમ.બી.એ. માં એ+ સાથે ૨૦૨૦માં ઉત્તીર્ણ થઈ અને અભ્યાસ પ્રત્યેની રૂચિ કાયમ રાખી જી સેટ માં ઉતીર્ણ થતાં તેમને ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

'કચ્છ ગુર્જરી'ના હાર્દિક અભિનંદન.

## માંડવી મહિલા મંડળ

**મુંબઈ :** ૭ જાન્યુઆરી ૨૦૨૩ના માંડવી મહિલા મંડળ દ્વારા યોજાયેલ જાત્રા સાથે પિકનિકનો પ્રોગ્રામ ખુબ જ સરસ રહ્યો. બધા મેમ્બરોએ ભારે ઉત્સવ બતાવ્યો. કાર્યક્રમને સફળ બનાવવા બદલ આપ સૌનો આભાર.

૨૦૨૩માં ઘણા નવા મેમ્બરો બન્યા છે એમનો પણ ખૂબ ખૂબ આભાર. હજુ પણ કોઈને મેમ્બર બનવાની ભાવના હોય તો રૂા. ૫૦૦ કમિટી પાસે જમા કરાવી મેમ્બર બની શકે છે. જેમાં વર્ષના બે પ્રોગ્રામ આપવામાં આવશે.

રીટા સંઘવી (ઘાટકોપર) ૮૩૯૯૯ ૭૨૪૪૨
દિપીકા વસા(ઘાટકોપર) ૯૧૬૭૩ ૩૭૩૫૦
પ્રીતિ શાહ (ડોંબીવલી) ૮૧૬૯૩ ૯૭૩૪૫
દીના શાહ (સાયન) ૯૯૨૦૦૪૦૨૫૫

## શ્રી માકપટ જૈન ગુર્જર સમાજ

**માકપટ-કચ્છ :** સમાજનું ૨૭મું સરસ્વતી સન્માન તથા સ્નેહમિલનનું આયોજન શ્રી પાર્શ્વ વલ્લભ ઈંદ્રધામ તીર્થ-યક્ષ મધ્યે કરવામાં આવ્યું હતું.

નવકાર મહામંત્ર સ્મરણ સાથે સવારે સમાજમાંથી LKG થી ગ્રેજ્યુએટ- પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલ વિદ્યાર્થીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે સ્ટુડન્ટ ઓફ ધ યરમાં ડો. કૃણાલ ગિરીશભાઈ શેઠ, ડો.વિરાટ જીજ્ઞેશભાઈ શાહ, ડો.રાહુલ પ્રકાશભાઈ સંઘવીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેનું આયોજન શિક્ષણ સમિતિના કન્વીનર ઉમેશભાઈ ગાંધી, કેતનભાઈ શાહ સાથે તેમની ટીમ અને સંચાલન દૃષ્ટિ શેઠ અને દૃષ્ટિ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

બાળકો માટે ફેંસી ડ્રેસ કોમ્પિટિશન તથા કૌન બનેગા જ્ઞાની પ્રોગ્રામે ખાસ આકર્ષણ જમાવ્યું હતું. જેનું આયોજન કલચરલ સમિતિના કન્વીનર નીરવ મહેતા, દર્શન શાહ સાથે તેમની ટીમ અને સંચાલન ક્રિયા મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજના ૪૦ વર્ષથી મોટી ઉમરના સભ્યો માટે બોન મિનરલ ડેન્સીટી ચેક અપ કેમ્પનું આયોજન મેડિકલ કમિટીના કન્વીનર ડો. રૂપેશભાઈ શેઠ તથા ડો. ચિંતનભાઈ શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું.

માસક્ષમણ, સિદ્ધિતપ, ઉપધાન તપ, ૯૯ યાત્રા જેવી કઠીન તપસ્યા કરનાર સમાજના ૧૦૭ તપસ્વી રત્નોના તથા સમાજના રત્નકુક્ષી માતા-પિતા અને ભાઈ-બહેનોનું સન્માનનું કાર્યક્રમ ધાર્મિક કમિટીના કન્વીનર વિરલભાઈ શેઠ, મલયભાઈ શાહ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

સમગ્ર આયોજનમાં રસોડાની વ્યવસ્થા ભોજન કમિટીના કન્વીનર હેમાંગ શાહ, જીત શાહ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

આ સમગ્ર આયોજનના મુખ્ય દાતા તરીકે ગોવાલજીભાઈ ઈંદરજીભાઈ શાહ પરિવાર, દિવાળીબેન કરશનજી શેઠ પરીવાર, ધનુબેન લાલજીભાઈ શાહ પરિવાર, મીનાબેન હીરાલાલ મહેતા પરિવાર, મોહનલાલ મુળજીભાઈ શાહ પરિવાર, વાલુબેન ખેંગારભાઈ શાહ પરિવારનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ હતો.

માકપટ જૈન ગુર્જર સમાજના પ્રમુખશ્રી વિનોદભાઈ શેઠ, મંત્રીશ્રી વિનેશભાઈ શાહ, શ્રી પાર્શ્વ વલ્લભ ઈંદ્રધામના પ્રમુખશ્રી વિરસેનભાઈ શાહ, મંત્રીશ્રી ભરતભાઈ શેઠ તથા સમાજના હોદ્દેદારશ્રીઓ હિતેન્દ્રભાઈ શાહ, ચંદ્રકાન્તભાઈ શાહ, સંજયભાઈ મહેતા, જીજ્ઞેશભાઈ જૈન, નરેન્દ્રભાઈ મહેતા સાથે સમાજના સલાહકારશ્રીઓ કમલેશભાઈ સંઘવી, ગાંગજીભાઈ શેઠ, જયેન્દ્રભાઈ શાહ, સુરેશભાઈ શેઠ તેમજ દરેક સમિતિના કન્વીનરશ્રીઓ, કારોબારી સભ્યો સાથે બહોળી સંખ્યામાં સમાજના સભ્યો જોડાયા હોવાનું સમાજના મીડિયા કન્વીનર પિંકેશ શાહ તથા રોનિત શાહે જણાવેલ.

## ખરતરગચ્છ જૈન સંઘ

**માંડવી :** જીનદત નગર દાદાવાડીમાં નૂતન ઉપાશ્રય, ગોચરી રૂમ, સ્ટાફ કવાર્ટસ માટે જુદા જુદા દાતાઓ તરફથી રૂા.૩૫,૧૭,૯૧૭/-નું અનુદાન મળેલ છે. ખરતરગચ્છ જૈન સંઘ તરફથી આભાર માનવામાં આવેલ એમ ખરતર ગચ્છ સંઘના પૂર્વ ટ્રસ્ટી શ્રી જુમખલાલ સી. શાહે જણાવેલ.

## તેજસ્વી તારલા



**ભવ્ય વિપુલ ફોફડિયા**
મુલુંડ (ભુજપુર) C.A. Final

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

## શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર

**કલીકટ :** કમિટિ મેમ્બર્સ વર્ષ ૨૦૨૨-૨૦૨૪.

પ્રમુખશ્રી – શ્રીમતી આરતી ભુલાણી, ઉપપ્રમુખ – શ્રી નિપુણ વી. શાહ, મંત્રી – શ્રીમતી જયશ્રી કે. શાહ, સહમંત્રી – શ્રી કૈલાસ એલ. સંઘવી, ખજાનચી – શ્રી જિનેશ આર. સંઘવી.

કમિટી મેમ્બર્સ : સર્વશ્રી ગૌતમ આર. મહેતા, મેહુલ પી. મહેતા, જગદીશભાઈ શાહ, શ્રીમતી સોનાલી એસ. મહેતા, શ્રીમતી બીના ડી. મહેતા.

વીરપસલીની ઉજવણી તા. ૬-૮-૨૦૨૨ના દિવસે મહાજનવાડી હોલમાં યોજેલ હતો. રૂા. ૧૨૫/- ચાર્જ રાખેલ. જેમાં ૬૩ બહેનોએ ભાગ લીધેલ. સૌ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

વીર પસલીની વાર્તા હાઉસી હાઉસીની જેમ શબ્દોની ટીકીટ બનાવેલ. વિજેતાઓને ઈનામ આપેલ. વાર્તાની હાઉસીની રમત શ્રીમતી જયશ્રી કે. શાહે બનાવી અને રમાડી હતી.

તા.૧૫-૮-૨૦૨૨ના દેશનો અમૃતોત્સવ હોવાથી ઝંડો લહેરાવી દરેક મેમ્બર્સે ત્રિરંગી ઝંડો ડ્રેસ પર પહેરી દેશભક્તિના ગીતો ગાઈને ઉજવેલ.

રાખડી બનાવવાની હરિફાઈમાં મોટી બહેનોમાં શ્રીમતી મંજરી પી. શાહ, શ્રીમતી વર્ષાબેન મહેતા, શ્રીમતી અરૂણા કે. શાહ અને શ્રીમતી ઉચિતા પી. મહેતાને ઈનામ મળેલ.

નાની બાળાઓમાં કુ. જીયા પી. મહેતા અને કુ. પરીના પી. શાહને ઈનામ મળેલ. પેંડા બનાવવાની હરિફાઈમાં શ્રીમતી વિરાલી આર. મહેતા, શ્રીમતી નીતાબેન મહેતા અને શ્રીમતી મંજરી પી. શાહને ઈનામ મળેલ. ઉપરોક્ત બંને હરિફાઈનું આયોજન શ્રીમતી બીના ડી. મહેતા અને શ્રીમતી સોનાલી એસ. મહેતાએ સુંદર રીતે કરેલ.

કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્રથી કરી પ્રમુખ શ્રીમતી આરતી ભુલાણીએ સ્વાગત પ્રવચન અને મંત્રી શ્રીમતી જયશ્રી કે. શાહે આભારવિધી કરેલ. સ્વાદિષ્ટ ભોજન માણી સૌ છૂટા પડેલ.

## દિવાળી તથા નવા વર્ષની ઉજવણી





**કલીકટ :** તા. ૨૦-૧૧-૨૦૨૨ના રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે શ્રી જૈન મહાજન વાડી હોલમાં કાર્યક્રમ યોજેલ. દિવાળી તેમજ નવાવર્ષને આવકારેલ. જેમાં ૧૧૫ સભ્યોએ ભાગ લીધેલ.

જિનેશ્વર ભગવંત પાસે દીપ પ્રગટાવી, નવકાર મંત્રની સાથે કાર્યક્રમની શરૂઆત થયેલ. પ્રમુખશ્રીએ સ્વાગત પ્રવચન તથા સેક્રેટરીએ અહેવાલ વાંચેલ. કુ. જીયા પારસ મહેતાએ દિવાળીની ઉજવણી અને મહત્ત્વ સમજાવેલ. શ્રીમતી વીરાલી રાહુલ મહેતાએ નાના બાળકો માટે રમતગમતનું આયોજન કરેલ. પાંચ લકી ડ્રો રાખેલ અને હાઉસીની રમત રાખેલ.

કાર્યક્રમનું આકર્ષણ અંતાક્ષરી રહેલ જેમાં મેમ્બરોએ ભાગ લીધેલ. અંતાક્ષરી શ્રીમતી જયશ્રી કે. શાહ સાથે કુ. દીપીકા ડી. શાહએ રમાડેલ.

નવું વર્ષ સૌની સાથે આનંદપૂર્વક શરૂ થયું. સ્વાદીષ્ટ ભોજન આરોગી સૌ છૂટા પડેલ.

દિવાળી ઉજવણીના પુરા કાર્યક્રમનું સંચાલન શ્રી ગૌતમ મહેતા અને શ્રીમતી એકતા ભુલાણીએ કરેલ.

## મકર સક્રાંતિનો તહેવાર ઉજવાયો

**માંડવી :** શ્રી ગુર્જર જૈન સમાજ જાગૃતિ અભિયાન મંચે જીવદયા–માનવસેવા અને ધાર્મિક કાર્યો કરીને મકર સક્રાંતિના તહેવારની ઉજવણી કરી હતી.

માંડવીના એકસો દરિદ્રનારાયણોને એક એક કિલોગ્રામ ખાંડનું વિતરણ કરેલ. જૈન આશ્રમના ૧૧૦ માનસિક વિકલાંગોને મિષ્ટાન ભોજન કરાવાયું હતું. ૭૨ જિનાલયની ગૌશાળામાં મુંગા પશુઓને ૪૦૦ કિલોગ્રામ લીલાચારાનું નિરણ કર્યું હતું. માંડવીના સુમતિનાથ જિનાલય પાસે, દાદાવાડી પાસે, જૈન આશ્રમ પાસે અને ૭૨ જિનાલય પાસે પક્ષીઓને ૧૨૦ કિલો ચણ અને શ્વાનોને ૨૦ કિલોગ્રામ બિસ્કીટ આપેલ. પ્રભુભક્તિ સ્વરૂપે જૈન આશ્રમ અને માંડવીના સાત દેરાસરોમાં દેશી ઘી, અંગલુછણા અને અગરબત્તીના પેકેટ અર્પણ કરેલ. માંડવીના ખરતર ગચ્છ જૈન સંઘના દાદાવાડીમાં ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરમાં અષ્ટમંગલ મીનાકારી તોરણ અર્પણ કરેલ. આ ઉપરાંત માંડવી શહેરના અત્યંત જરૂરતમંદ સાધર્મિક પરિવારોને ખાંડ, ગોળ અને પાંચ જાતની દાળની કીટ આપવામાં આવેલ.

આ કાર્યો માટે અચલગચ્છ જૈન સંઘ, માંડવી, દર્શનભાઈ ઈશ્વરભાઈ શાહ, મુક્તિકુમાર અભયભાઈ શાહ (હ. માંડવીના પૂર્વનગરપતિ મેહુલભાઈ શાહ), સંજયભાઈ ગોકલદાસ શાહ અને એક સદ્‌ગૃહસ્થ હ. નિરવભાઈ શાહનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ સેવાકાર્યમાં સંસ્થાના અગ્રણી નરેશભાઈ શાહ સાથે રાજીવભાઈ શાહ, અજીતભાઈ પટવા, લહેરીભાઈ શાહ, કિર્તીભાઈ વસા અને એડવોકેટ ઉદયભાઈ જોડાયેલ.

## સરનામું બદલાયું

**Paresh Shah**
1201, 12th Floor, Uniue Auram II,
'E' Wing, Poonam Garden,
Off. Mira-Bhayender Road,
Mira Road-East,
Dist : Thane. 401 107.
Mo. 96194 42557 / 9869042557

## ખરતરગચ્છ જૈન સંઘ, માંડવી



**માંડવી : જિનદત નગર દાદાવાડીમાં નૂતન ઉપાશ્રય, ગોચરી રૂમ, સ્ટાફ કવાર્ટર્સ વગેરે માટે રૂા. ૩૫,૧૭,૯૧૭/- નું અનુદાન જુદા જુદા દાતાઓ તરફથી મળેલ છે. ખરતરગચ્છ જૈન સંઘ તરફથી આભાર માનવામાં આવેલ હતો એમ ખરતર ગચ્છ સંઘના પૂર્વ ટ્રસ્ટી શ્રી જુમખલાલ સી.શાહે જણાવેલ.**

**માંડવી :** ડૉ. મહેશભાઈ શાહ તથા એમના ધર્મપત્નીએ નૂતન દાદાવાડી ઉપાશ્રય-૧ના દાતા તરીકે રૂા. ૬,૩૧,૧૩૧/-નો નકરો અર્પણ કરેલ છે. જેમનું સન્માન ધર્મભુવન હોલમાં કરવામાં આવેલ.

દાતાશ્રીનું સન્માન પ્રમુખશ્રી રાજુભાઈ શાહે તિલક દ્વારા કરેલ. મંત્રીશ્રી નિખિલભાઈએ માળા પહેરાવીને સન્માન કરેલ તથા ઉપપ્રમુખશ્રી લીનેશભાઈએ શ્રીફળ અર્પણ કરી સન્માન કરેલ તથા દરેક કારોબારી સભ્યો લહેરી શાહ, અજીતભાઈ, મનિષભાઈ, સંદીપભાઈ, મીતલભાઈ, પ્રશાંતભાઈ તથા સુનિલભાઈએ શાલ પહેરાવી સન્માન કરેલ.

શ્રી જીનદત્ત નગર-શ્રી દાદાવાડીમાં નૂતન નવિનીકરણ ઉપાશ્રયના દાતાશ્રીઓની નામાવલીઃ

૧) મુખ્ય સંકુલનો નકરો રૂા. ૧૧,૩૧,૧૩૧/- ધનવંતીબેન રમણીકલાલ દામજી શાહ હ. શીલ્પાબેન જયેશભાઈ શાહ (જેઆરડી).

૨) ઉપાશ્રય-૧નો નકરો રૂા. ૬,૩૧,૧૩૧/- પ્રેમીલાબેન જેન્તીલાલ શેઠ, માંડવી-ચેન્નાઈ હ. ખુશાલ અમૃતલાલ શાહ

૩) ઉપાશ્રય-૨નો નકરો રૂા. ૬,૩૧,૧૩૧/- મગનલાલ રાજપાર શાહ -અમેરિકા હ. ડૉ.મહેશભાઈ શાહ, ડો. નલીનભાઈ શાહ.

૪) ગોચરી રૂમ-૧નો નકરો રૂા. ૩,૩૧,૧૩૧/- શ્રીમતી ભાગ્યવંતીબેન પ્રવીણચંદ્ર શાહ હ.ખુશાલભાઈ અમૃતલાલ શાહ.

૫) ગોચરી રૂમ-૨નો નકરો રૂા. ૩,૩૧,૧૩૧/- માતુશ્રી ભાનુબેન ભવાનજી ખીમજી સાવલા, તલવાણા. તા. માંડવી-કચ્છ.

૬) ગરમ પાણી રૂમ નકરો રૂા. ૩,૩૧,૧૩૧/- પ્રવિણભાઈ મગનલાલ શાહ, કોચીન.

૭) સ્ટાફ રૂમ-૧નો નકરો રૂા. ૩,૩૧,૧૩૧/- એક સદ્ગૃહસ્થ તરફથી.

૮) સ્ટાફ રૂમ નં.૨નો નકરો રૂા. ૩,૩૧,૧૩૧/- બાકી છે. લાભ લેવા વિનંતી.

૯) સહયોગી દાતાશ્રીનો નકરો રૂા. ૧,૩૧,૧૩૧/- લાભ લેવા વિનંતી છે.

## જનકલ્યાણ મેડીકલ સોસાયટી

**દાતા નટવરલાલ સંઘવીનું માંડવીમાં સન્માન :** ઉપરોક્ત જનકલ્યાણ સોસાયટીને તા. ૨૦-૧-૨૦૨૩ના કેન્સર અને ડાયાલિસીસના ગરીબ દર્દીઓ માટે માંડવીના વતની હાલ મુંબઈ નિવાસી નટવરલાલ કેશવલાલ સંઘવીએ રૂા. ૨,૨૨,૨૨૨/-નું દાન આપતાં સંસ્થાના પ્રમુખ કિરણકુમાર સંઘવી, ખજાનચી નિશાંતભાઈ શાહ અને ટ્રસ્ટી તેમજ સંસ્થાના પ્રવક્તા દિનેશભાઈ શાહે તેમનું જૈનપુરીમાં યોજાયેલા કાર્યક્રમમાં શાલ ઓઢાડીને અભિવાદન કરેલ હતું.

## પુનઃ પ્રતિષ્ઠા પંચાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાયો

**નખત્રાણા :** ૧૭૯ વર્ષ પ્રાચીન શ્રી સુપાર્શ્વનાથ જિનાલયે તા. ૨૨-૧-૨૩થી ૨૬-૧-૨૩ ધ્વજારોહણ નૂતન ધ્વજ દંડ પુનઃ પ્રતિષ્ઠા પંચાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ રંગેચંગે ઉલ્લાસપૂર્વક યોજાયો હતો. ૧૭૯મી ધ્વજારોહણના લાભાર્થી માતુશ્રી લીલાવંતીબેન અમૃતલાલ ઈંદરજી મહેતા પરિવાર તરફથી અન્ય અનુષ્ઠાનો રાખવામાં આવેલ. જેમાં જિનાલયે પ્રભુજીના અઢાર અભિષેક, શ્રી માણીભદ્રવીર દાદાનું હવન-પરમાત્માનો શંકૂસ્તવ મહાપૂજન, સત્તરભેદી પૂજા, પ્રભુજી સાથે ધ્વજારોહણની ભવ્યાતિભવ્ય રથયાત્રા તા. ૨૫ના બપોર તેમજ સાંજનું સ્વામિવાત્સલ્ય તથા ૨૬ના બપોરનું સ્વામિવાત્સલ્યનો લાભ લીધેલ તેમજ શ્રી માણીભદ્રવીર ધ્વજાના લાભાર્થી માતુશ્રી મંજુલાબેન મોણશીભાઈ શાહ તરફથી મહાસુદ પાંચમના સવારની નવકારશીનો લાભ લીધેલ તથા શ્રી નખત્રાણા જૈન સંઘ તરફથી નૂતન ધ્વજદંડના નવગ્રહ-ધર્માધિપાલ-અષ્ટમંગલ પૂજન તેમજ નૂતન ધ્વજદંડના અભિષેક રાખવામાં આવેલ. વિધીવિધાન માટે ડિસાથી સાગરભાઈ શાહ વિધીકાર પધારેલ. મહોત્સવમાં વિનંતીને માન આપી ભક્તિ મહોત્સવમાં પાવન નિશ્રામાં આઠકોટી પક્ષના પ.પૂ.આ. ભગવંત પુનમચંદ સ્વામિના શિષ્યા-શ્રી પ્રતિભાબાઈ મહાસતી ઠાણા-૨ પધારેલ.

ટ્રસ્ટીઓ નરેન્દ્રભાઈ મહેતા, દિપકભાઈ શાહ, વિનેશભાઈ મહેતા, મહેન્દ્રભાઈ મહેતા, ગિતેશ મહેતા, કેવલ શેઠના માર્ગદર્શન સાથે યુવાનો, મહિલા મંડળે જહેમત ઉઠાવી હતી. ભુજથી દિપકભાઈ કોઠારી (વિધિકાર), સંગીતકાર સુશીલભાઈ શાહ (પાટણ) મહોત્સવને ચાર ચાંદ લગાડ્યા હતા. કાર્યક્રમમાં પાર્શ્વ વલ્લભ ઈન્દ્રધામ ટ્રસ્ટના મંત્રીશ્રી ભરતભાઈ શેઠ, માકપટ જૈન ગુર્જર સમાજના પ્રમુખ શ્રી વિનોદભાઈ શેઠ તેમજ ભુજ ગાંધીધામ-મુંબઈથી ભાવિકો પધારેલ તેમજ દરરોજ રાત્રે પ્રભુજીની ભક્તિભાવના કરવામાં આવેલ.

## માંડવીમાં જયેશભાઈ જેઆરડી શાહના પુસ્તકનું વિમોચન કરાયું



મૂળ માંડવીના હાલે વડોદરા રહેતા જયેશભાઈ રમણીકલાલ શાહ જેઓ જેઆરડી થી પ્રચલિત છે. તેઓએ માંડવીમાં તેમજ અનેક જગ્યાઓએ કરેલ સમાજ ઉત્કર્ષના કાર્યોમાંથી મળતી એક પ્રેરણા સ્વરૂપ JRD SHAH AN INSPIRATION બૂકનું વિમોચન જૈનપુરીના વિશાળ હોલમાં પાંચેય ગચ્છના હોદ્દેદારો તથા પરિવારજનોના હસ્તે કરવામાં આવેલ.

કટાર લેખીકા સુષ્માબેન શેઠે ઉપરોક્ત બુક લખનાર શીલ્પાબેન શાહનું તથા પ્રસંગ પરિચય આપતાં જણાવેલ કે તેઓ કદમાં નાના છે પરંતુ વ્યકિતત્વ ખુબ ઉંચું ધરાવે છે. તેઓએ જેઆરડીને અશકયને શકય કરનારી વ્યકિત હોવાનું જણાવી ૧૮૦ પાનાની બુકમાં સમાજના અનેક વિકાસના કાર્યોમાં બધાને સાથે રાખીને કરેલ કાર્યોને પ્રશંસનીય લેખાવેલ.

જૈન બેનાત જ્ઞાતિના પ્રમુખશ્રી હરનીશભાઈ શાહે પ્રેરણા પુરૂષ જેઆરડીના લેખીકા ધર્મપત્ની શીલ્પાબેન છે એમણે જન્મભૂમિને અદકેરો પ્રેમ કર્યો છે તે એમના કાર્યોમાં નજરે પડતો હોવાનું જણાવી તેઓ અતિ ઉત્સાહી છે અને આજના અવસરને પણ અલ્પવિરામની યાત્રા કહી તેમની યાત્રાની કામગીરી અવિરત ચાલુ જ રહે તેવી શુભેચ્છા સાથે પોતે અનેક વિકાસ કાર્યોના સાક્ષી હોવાનું જણાવેલ.

રાજુભાઈ આઈ. શાહે ૨૦૦૪થી જેઆરડીની સમાજના વિકાસની અવિરત યાત્રાના સાક્ષી હોવાનું જણાવી ફેઝ-ટુ માટે દાદાવાડીથી કાર્ય શરૂ કરવા જણાવેલ અને શીલ્પાબેનને ક્વોલીટી કામના આગ્રહી લેખાવેલ.

પત્રકાર અને લેખક જગદીશભાઈ શાહે જેઆરડીના જૂના સંભારણા યાદ કરી પુસ્તકમાં અઢી દાયકાનો ઈતિહાસ હોવાનું જણાવી પ્રેરણારૂપ પુસ્તક માટે જેઆરડી દંપતિને શુભેચ્છા પાઠવેલ.

ડો. પુલીનભાઈ વસાએ પુસ્તક માટે શુભેચ્છા આપતાં સારા કામ માટે દાન દેનાર અને લેનારા છે તેની વચ્ચેની કડી તરીકે જેઆરડી કાર્ય કરે છે તે માટે તેને લાઈટ હાઉસ કહેલ તેમજ શીલ્પાબેને પોતાના પતિ માટે કરેલ કામગીરીને બિરદાવેલ.

જેન્તીભાઈ શાહે જેઆરડી માટે સમાજના પૂર્વ પ્રમુખ શાન્તીભાઈએ સમાજનો હીરો શોધી આપ્યાનું જણાવી તેમના સહકારથી જૈન ગુર્જર બેનાત જ્ઞાતિની બધી મિલ્કતોનો આધુનીકરણ નવીનીકરણ કરવામાં આવેલ છે.

શીલ્પાબેન શાહે આ પુસ્તકમાં જૈન સમાજના ૨૦ વર્ષમાં થયેલ ડેવલપમેન્ટની ગૌરવગાથા લખી છે. તેમાં એક વ્યક્તિનું કામ નથી બધાનો સહયોગ મળ્યાનું જણાવેલ.

વાડીલાલભાઈ દોશીએ જયેશભાઈને સમાજનું હીરાજડિત ઘરેણું હોવાનું જણાવેલ.

મયુરભાઈ શાહે શીલ્પાબેનની પહેલી ઈનીંગની બુક અંગે જણાવેલ કે, વૉટ્સએપ ઉપર સતત મેસેજના આજના જમાનામાં પુસ્તક લખવું તે ખુબ સરાહનીય લેખાવેલ.

શાંતાબેન, દિનેશભાઈ, જયશ્રીબેન, કૈલાસભાઈ, મમતાબેન, સોનાલીબેન, ચંદ્રેશભાઈ, મયુરભાઈ, ભરતભાઈ, સંજયભાઈ (ડગાળાવાળા) મંજરીબેન મહેતા, ચિંતનભાઈ મહેતા, ડો. નવીનભાઈ ગોગરી વગેરેએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરેલ. આજના દિવસને ગૌરવશાળી દિવસ લેખાવેલ.

જયેશભાઈ શાહે આજના દિવસને શીલ્પાનો દિવસ લેખાવી પોતા ઉપર આટલી મોટી બુક લખવા બદલ આભારની લાગણી વ્યકત કરી સમાજના દરેક ક્ષેત્રના લોકોએ આપેલ શુભેચ્છા, સહયોગ બદલ આભાર વ્યકત કરેલ.

ચિરાયુ અને શ્રુતિબેન શાહે સ્વાગત પ્રવચન કરેલ. શ્રુતિબેન તથા સોનાલીબેને નવકાર મહામંત્રથી કાર્યક્રમની શરૂઆત કરાવેલ.

જૈન ગુર્જર સમાજ – મુંબઈ દ્વારા માંડવીના આઠ વ્યકિતઓને સમાજરત્ન આપવામાં આવેલ તેમાંથી પ્રભાબેન વસા અને જુમખભાઈ શાહ (સેવા મંડળવાળા) અરિહંતશરણ થતાં બાકીના ડૉ. કૌશીકભાઈ શાહ, વાડીલાલભાઈ દોશી, દિનેશભાઈ એમ. શાહ, રાજેન્દ્રભાઈ શાહ (ભાછા), જયશ્રીબેને સાથે મળી સમાજરત્ન જેઆરડીનું વિશિષ્ટ સન્માન કરેલ.

પૂર્વનગરપતિ મેહુલભાઈ શાહ, નગર સેવકો પારસભાઈ સંઘવી, લાંતીકભાઈ શાહ, જૈન બે નાત જ્ઞાતિ, તપગચ્છ જૈન સંઘ, ખરતર જૈન સંઘ, અચલગચ્છ જૈન સંઘ, બાબાવાડી જૈન સંઘ, આઠકોટી મોટીપક્ષ જૈન સંઘ, આઠકોટી નાનીપક્ષ જૈન સંઘ, છ કોટી જૈન સંઘ, શ્રી સેવા મંડળ, દર્શના પ્રિન્ટરી પરિવાર, વિનયભાઈ ટોપરાણી પરિવાર, કચ્છી દશા શ્રીમાળી વણીક જ્ઞાતિ, ચિંતનભાઈ મહેતા, શૈલેષભાઈ, જેજેસી લેડીઝ વીંગ, ડો. નવીનભાઈ ગોગરી પરિવાર, રૂપાલી પરિવાર, દિનેશભાઈ-કૈલાશભાઈ પરિવાર વિગેરેએ જેઆરડી તથા શીલ્પાબેનનું વિશિષ્ટ બહુમાન કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુનીલભાઈ જવાહર સંઘવી તથા ચિંતનભાઈ મહેતાએ કરેલ. નીશાબેન સંઘવી એન્ડ પાર્ટીએ સંગીતના સૂરોમાં સૌને ભીંજવી મુકેલ.

## ગરમ વસ્ત્રોની કીટ ભેટ અપાઈ

**માંડવી :** શ્રી ગુર્જર જૈન સમાજ જાગૃતિ અભિયાન મંડળ માંડવીના ઉપક્રમે માંડવી શહેરની તમામ ૧૮ સરકારી પ્રાથમિક શાળામાં પહેલા ધોરણમાં અભ્યાસ કરતાં કુલ ૪૦૦ વિદ્યાર્થીઓને ઠંડી સામે રક્ષણ મેળવવા ગરમ વસ્ત્રો (શાલ-હાથના મોજા-પગના મોજા અને ટોપી)ની કીટ અર્પણ કરવા તેમજ માંડવીના ધારાસભ્ય શ્રી અનિરુદ્ધભાઈ દવે અને મુંબઈ નિવાસી માંડવીના વતનપ્રેમી દાતા શ્રી નટવરલાલ કેશવલાલ સંઘવીનું વિશિષ્ટ અભિવાદન કરવા તા. ૪-૧-ના રોજ માંડવીની જૈનપુરી મધ્યે સમારોહ સંપન્ન થયો હતો.

માંડવીના પૂર્વનગરપતિ શ્રી મેહુલભાઈ શાહના પ્રમુખપદે અને ધારાસભ્ય શ્રી અનિરુદ્ધભાઈ દવે અને દાતા નટવરલાલ કેશવલાલ સંઘવીના મુખ્ય મહેમાનપદે યોજાયેલા સમારોહમાં માંડવી ત્રણ ગચ્છ જૈન સંઘ અને માંડવી અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ મયુરભાઈ શાહ, માંડવી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વાડીલાલભાઈ દોશી, માંડવીની જનકલ્યાણ સોસાયટીના પ્રમુખ કિરણભાઈ સંઘવી તથા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શ્રેષ્ઠ નિવૃત્ત શિક્ષક દિનેશભાઈ શાહ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલ.

શ્રી અનિરુદ્ધભાઈ દવેએ દીપ પ્રગટાવીને કાર્યક્રમને ખુલ્લો મુકી જણાવેલ કે જાગૃતિ અભિયાન મંચે તમામ ૧૮ સરકારી પ્રાથમિક શાળાના કુલ ૪૦૦ વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રોની કીટ આપેલ. સંસ્થાના અગ્રણી શ્રી નરેશભાઈ શાહ અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલ.

મંચસ્થ મહાનુભાવોના હસ્તે શહેરની સરકારી જૈન નૂતન પ્રાથમિક શાળા નં.૩ના પ્રતિકરૂપે દસ વિદ્યાર્થીઓને, શાળાના આચાર્ય પુનિતભાઈ વસાણી અને શિક્ષક મનુભા જાડેજાને ગરમ વસ્ત્રોની કીટ આપવામાં આવેલ.

પ્રારંભમાં જાગૃતિ અભિયાન મંચના અગ્રણી નરેશભાઈ શાહે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી સેવાકીય પ્રવૃત્તિઓની વિગતે માહિતી આપી હતી.

આ સમારોહમાં ધારાસભ્ય શ્રી અનિરુદ્ધભાઈ દવે અને દાતા નટવરલાલ સંઘવીનું મોતીની માળા, શાલ અને મોમેન્ટોથી અભિવાદન કરાયું હતું.

મંચસ્થ સમારોહના પ્રમુખ તેમજ અતિથિ વિશેષ સર્વે પ્રાસંગિક પ્રવચનમાં જાગૃતિ અભિયાન મંચની પ્રવૃત્તિઓની સરાહના કરી સંસ્થાની સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલ.

શહેરની ૧૮ સરકારી પ્રાથમિક શાળાઓના કુલ ૪૦૦ વિદ્યાર્થીઓને, ગરમ વસ્ત્રોની કીટ દાતા નટવરલાલ સંઘવી-મુંબઈ, લક્ષ્મણભાઈ ભોગીલાલ સંઘવી-વડોદરા અને જીતેશભાઈ પ્રભુલાલ શાહ-વડોદરાના સૌજન્યથી એનાયત કરાઈ હતી.

માંડવીના જૈન સમાજના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક રીતે નોટબુકો આપવા માટે નટવરલાલ સંઘવીએ જાગૃતિ અભિયાન મંચના અગ્રણી નરેશભાઈ શાહ અને તેમની ટીમને રૂા. ૫૨,૫૦૦/-ના દાનનો ચેક અર્પણ કરેલ.

***

૧૪મી જાન્યુઆરી, મકરસંક્રાંતિના દિવસે જીવદયા અને માનવસેવાની સેવાકીય પ્રવૃત્તિઓ કરવા માટે જાગૃતિ મંચને જુદા જુદા દાતાઓએ આ સમારોહમાં ૨૬,૦૦૦/-નું દાન નોંધાવેલ.

સમારોહને સુપેરે પાર પાડવા સંસ્થાના અગ્રણી નરેશભાઈ શાહ, રાજીવ શાહ, અજીત પટવા, લહેરીભાઈ શાહ, કીર્તિભાઈ વસા અને એડવોકેટ ઉદયભાઈ શાહે જહેમત ઉઠાવેલ.

આ સમારોહમાં માંડવીના જયેશ જી. શાહ, વિરલ વી. શાહ, ભરત શાહ, મયુરભાઈ શાહ, લહેરીભાઈ, અશોક શાહ, પુનિત શાહ, ભાવિન સંઘવી, ચેતન વોરા, નિશાંતભાઈ, એમ.જી. શાહ, જે.જી. શાહ,તરૂણ મહેતા, પારસ શાહ સહિત વિશાળ સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે નગર સેવા સદનના નગરસેવક પારસભાઈ સંઘવી અને લાંતિકભાઈ શાહનું પણ અભિવાદન કરાયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી નરેશભાઈ શાહે કરેલ. તમામ આમંત્રિતો માટે દાતાના સહયોગથી દૂધ અને ભોજનની વ્યવસાથા કરાઈ હતી.

## અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી, માંડવીને મળેલા દાનો

**માંડવી :** માંડવીમાં રહેતા હરસુખભાઈ શાહની પ્રેરણાથી માંડવીના પ્રેમી મુંબઈ નિવાસી દાતા શ્રી નટવરલાલ કેશવલાલ સંઘવીએ સોસાયટીને રૂા.૫૧,૦૦૦/-નું દાન આપેલ છે.

દાતા નટવરલાલભાઈ સંઘવી માદરેવતન માંડવી આવ્યા ત્યારે સોસાયટીના પ્રમુખ શાંતિલાલ ગણાત્રા, ઉપપ્રમુખ કમલેશભાઈ પાઠક, મંત્રીશ્રી દિનેશભાઈ શાહ, ખજાનચી શ્રી પ્રતાપભાઈ ચોથાણી અને સહમંત્રી સુલતાનભાઈ મીરને ૫૧,૦૦૦/-ના દાનનો ચેક અર્પણ કરેલ.

સંસ્થાના ટ્રસ્ટી મંડળે દાતા નટવરલાલભાઈ સંઘવી અને દાન માટે પ્રેરણા આપનાર હરસુખભાઈ શાહનો આભાર માનેલ.

**

માંડવીમાં રહેતા સેવાભાવી હરસુખભાઈ શાહની પ્રેરણાથી સ્વ. મનમોહનભાઈ પ્રેમચંદભાઈ શાહના સ્મરણાર્થે હ. પ્રફુલ્લભાઈ પી. શાહે (માંડવી હાલે વર્ધમાનનગર-ભુજ) સંસ્થાને રૂા. ૫૧,૦૦૦/-ના દાનનો ચેક આપેલ.

આ પ્રસંગે હરસુખભાઈ શાહ, મનુબેન શાહ, રમેશભાઈ કાંતિલાલ મહેતા, લોડાઈ હાલે વર્ધમાન નગર -ભુજ, નિમિષાબેન મહેતા અને નિયતિબેન ઉપસ્થિત રહ્યા હતા.

મસ્કત ગુજરાતી સમાજના મહામંત્રી અને સંસ્થાના ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંતભાઈ ચોથાણી, પ્રમુખ શાંતિલાલભાઈ ગણાત્રા અને સમગ્ર ટ્રસ્ટી મંડળ દાતા પરિવારનો આભાર માનેલ.

**

**રૂા. ૪૪,૦૦૦/-નું દાન :** શ્રી હરસુખભાઈની પ્રેરણાથી તેમના હસ્તે અંજારના સ્વ. પ્રભુલાલ દેવજીભાઈ શાહ, સ્વ.જીવતીબેન પ્રભુલાલ શાહ અને સ્વ. ચંદનબેન ગુણવંતલાલ દોશીના સ્મરણાર્થે દરેકના રૂા. ૧૧,૦૦૦/- લેખે કુલ ૩૩,૦૦૦/-નું અને માણેકબેન ભવાનજી શાહ તરફથી રૂા. ૧૧,૦૦૦/- મળી કુલ ૪૪,૦૦૦/-ના દાનનો ચેક હરસુખભાઈ શાહે સંસ્થાને અર્પણ કરેલ.

સંસ્થાના ટ્રસ્ટી મંડળે દાતા પરિવાર તેમજ દાન માટે પ્રેરણા આપનાર હરસુખભાઈનો આભાર માનેલ.

## શ્રી સેવા મંડળના વિદ્યાર્થીઓ દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી




**માંડવી :** શ્રી સેવા મંડળ માંડવી સંચાલિત નિઃશુલ્ક કોચીંગ ક્લાસીસના વિદ્યાર્થીઓ ધ્વારા ભારતના ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ મંછારામ બાપુના વિશાળ પટ્ટાંગણમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈને રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લીંબુ ચમચી, સંગીત ખૂરશી, ૧ મીનીટ ગેમ, વક્તવ્ય વગેરેનું આયોજન કરવામાં આવેલ હતું.

પ્રભાબેન વસાની પ્રેરણાથી ચાલતા કોચિંગ ક્લાસના માર્ગદર્શક અપર્ણાબેન વ્યાસે બાળકો તથા ઉપસ્થિત વાલીઓને સેવા મંડળના વિવિધ આયોજનની માહિતી આપી આયોજન ક્લાસીસના શિક્ષકો, ટ્રસ્ટીઓ તથા દાતા પરિવારની ભાવનાને બિરદાવેલ.

ટ્રસ્ટી જયેશભાઈ શાહે ક્લાસીસના વિદ્યાર્થીઓ નિયમીત આવે તે માટે વાલીઓને જાગૃત રહેવા તેમજ વિવિધ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી શિક્ષકોને અભિનંદન આપેલ.

કાર્યક્રમમાં સેવા મંડળના પ્રમુખ અશોકભાઈ શાહ, ટ્રસ્ટીઓ ભગવતી પ્રસાદ મોથારાઈ, ચંદ્રસેનભાઈ શાહ, અપર્ણાબેન વ્યાસ વગેરે ઉપસ્થિત રહેલ, કોચીંગ ક્લાસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતાના બાળકોના પરિણામમાં સુધારા થયાના પ્રતિભાવો વ્યક્ત કરેલ.

ટ્રસ્ટીઓ, શિક્ષકોના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામોથી નવાજવામાં આવેલ તેમજ તમામ વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજ અને ગીફ્ટ આપવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા શિક્ષકો, કિંજલબેન, બંસરીબેન, હેમાંગીબેન, રેખાબેન દ્વારા કરવામાં આવી હતી જ્યારે સંચાલન શિક્ષક ભુમિતભાઈ પીઠડીયાએ કર્યું હતું.

## શ્રી સેવા મંડળ માંડવીને વતનપ્રેમી દાતા પરિવાર તરફથી રૂા ૬ લાખનું દાન



**માંડવી :** જીવદયા, માનવસેવા, આરોગ્ય અને શૈક્ષણીક ક્ષેત્રે છેલ્લા ૫૩ વર્ષથી અવિરત કાર્ય કરતી માંડવીની શ્રી સેવા મંડળને ચંપાબેન વાડીલાલ સંઘવી તથા વાડીલાલ મોતીલાલ સંઘવીના સ્મરણાર્થે તેમના સુપુત્ર શ્રી ચેતનભાઈ તરફથી રૂા. એક લાખનું દાન મળેલ છે.

મૂળ માંડવીના હાલે મુંબઈ અમેરીકા વસતા ચેતનભાઈ અગાઉ પણ રૂા. ૭૫ હજારનું દાન આપેલ ઉપરાંત વાડીલાલભાઈ સંઘવીના ભાઈ જવાહરભાઈ સંઘવી તરફથી એક લાખનું દાન પ્રાપ્ત થયેલ. સ્વ. મણીબેન ચંદુલાલ મહેતા માંડવી હાલે અમેરિકાના સ્મરણાર્થે એજ્યુકેશન માટે રૂા. ૨ લાખ તેમજ મેડીકલ માટે રૂા. ૨ લાખનું ડોનેશન રોહિતભાઈ ચંદુલાલ મહેતા તથા નીલ રોહિતભાઈ મહેતા મારફત મળેલ છે. ડો. ધીરજભાઈ શાહ–માંડવી હાલ અમેરીકા તરફથી રૂા. ૧લાખનું ડોનેશન મળેલ છે. પ્રમુખ અશોકભાઈ શાહે દાતા પરિવારનો ઋણ સ્વીકાર કરતાં જણાવેલ કે દિલેર સખી દાતાઓના સહયોગથી સેવા મંડળની પ્રવૃતિઓ અવિરત ચાલતી રહે છે, અને સેવા કાર્યોને પ્રેરક બળ પૂરૂં પાડે છે.

શ્રી હરિપ્રભા સાર્વજનિક દવાખાના મધ્યે દરરોજ સરેરાશ ૧૪૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. હાર્ટ સ્પેશીયાલીસ્ટ અનુભવી ડો. પુલિનભાઈ વસા પાંચ વર્ષથી સંસ્થાને નિઃશુલ્ક સેવા આપી રહ્યા છે. તેમની સેવાને સેવા મંડળ ટ્રસ્ટી મંડળે તેમજ દાતા પરિવારે બિરદાવેલ. તાજેતરમાં ડો. મહેશભાઈ મગનલાલ પરિવારે તેમજ ડો. ધીરજભાઈ શાહ પરિવારે સેવા મંડળના વિવિધ વિભાગોની શુભેચ્છા મુલાકાત લીધેલ ત્યારે ટ્રસ્ટીઓ ચંદ્રસેનભાઈ શાહ, ભગવતી પ્રસાદ મોથારાઈ, જયેશભાઈ શાહે સંસ્થાની માહિતીથી વાકેફ કરતાં તેઓએ સંસ્થાની પ્રવૃતિઓને બિરદાવી, સહયોગની ખાત્રી ઉચ્ચારેલ.

આરોગ્ય ક્ષેત્રે અન્ય ડો. પ્રાચીબેન પંડયા, ડેન્ટલ વિભાગમાં ડો. રાજવીબેન મામતોરા પોતાની સેવા આપે છે. ટોકન ચાર્જથી ચાલતી લેબોરેટરીમાં લેબ ટેકનીશીયન મીહીરભાઈ શાહ સવારે ૯ થી ૧ અને બપોરે ૩ થી ૫ સેવા આપે છે. શૈક્ષણીક ક્ષેત્રે છાપરા શેરી મધ્યે ધો. ૫ થી ૯ના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કોચીંગ ક્લાસ ચાલે છે.

આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)

## બોક્સ ક્રિકેટ મેચ યોજાઈ

**માંડવી :** જૈનપુરીમાં જૈન અગ્રણી શ્રી પારસભાઈ વી. શાહની સ્પોન્સરશીપથી નવકાર ગ્રુપના ઉપક્રમે બોક્સ ક્રિકેટ મેચ રમાઈ હતી.

પૂર્વનગરપતિ મેહુલભાઈ શાહ, નગર સેવા સદનની ટાઈન પ્લાનીંગ સમિતિના ચેરમેન પારસભાઈ સંઘવી, નગરસેવક લાંતીકભાઈ શાહ અને મેચના સ્પોન્સરર પારસભાઈ વી. શાહે મેચનો પ્રારંભ કરાવ્યો હતો.

કુલ દસ ટીમોમાં ૮૦ ક્રિકેટરોએ મેચમાં ભાગ લીધો હતો. મેચમાં શ્રદ્ધા વોરીયર્સ ટીમ વિજેતા બની હતી. જ્યારે વી.બી.સી. સ્ટ્રાઈકરની ટીમ રનર્સઅપ થઈ હતી. બંને ટીમોને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને મેડલ આપીને પુરસ્કૃત કરેલ. મેન ઓફ ધ સિરિઝ મંથન શાહ, બેસ્ટ બોલર જય સંઘવી અને બેસ્ટ બેટ્સમેન મિહીર શાહ રહ્યા હતા. જ્યારે ફાઈનલ મેચમાં દર્પણ બાબરીયા મેન ઓફ ધી મેચ રહ્યા હતા.

વિશા શ્રીમાળી ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિએ મેચ રમવા માટે જૈનપુરી નિઃશુલ્ક રીતે આપેલ હોવાનું નિશાંતભાઈ શાહે જણાવેલ. મેચ સ્પોન્સર કરવા બદલ પારસભાઈ વી. શાહનો નવકાર ગ્રુપે આભાર માનેલ.

## વ્યસનમુક્તિ અભિયાન

**માંડવી :** કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘના પૂ. ધીરજલાલજી સ્વામીના શિષ્યરત્ન અને વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા (ભોજાય, તા. માંડવી)ના પૂ. નરેશચંદ્રજી 'આનંદ' મ.સા. અને તેમના શિષ્યરત્ન (બેરાજા, તા. મુંદ્રા)ના પૂ. ઓજસમુનિ 'મંગલ' મ.સા. છેલ્લા તેર વર્ષથી વ્યસનમુક્તિની ભારતયાત્રા કરી રહ્યા છે.

આ બંને કચ્છી જૈન સંતો હાલમાં દેવલાલી (મહારાષ્ટ્ર)માં બિરાજે છે.


આ વર્ષે આ બંને કચ્છી જૈન સંતોનું ચાતુર્માસ મધ્યપ્રદેશના ઈંદોર શહેરમાં નક્કી થયેલ છે.

ચાતુર્માસ દરમિયાન શહેરમાં ધાર્મિક અનુષ્ઠાનોની સાથે વ્યસનમુક્તિની પ્રવૃત્તિ પણ કરનાર હોવાનું પૂ. નરેશમુનિ પ્રેરિત અભિયાનના પ્રમુખ ડૉ. દિનેશભાઈ જોશી, ઉપપ્રમુખ જયેશભાઈ જી. શાહ અને મંત્રી તથા ખજાનચી શ્રી દિનેશભાઈ શાહે જણાવેલ.

આ બંને સંતો ૨૦૦૯ની સાલમાં મુંદ્રા તાલુકાના વાંકી ગામે ચાતુર્માસ કર્યા બાદ કચ્છ બહાર વિહાર કરી રહ્યા છે. આ વર્ષે ઈંદોરમાં ચાતુર્માસ કર્યા બાદ ૨૦૨૪ની સાલમાં કચ્છમાં ચાતુર્માસ કરશે.

૨૦૧૦ની સાલથી અનુક્રમે મુલુંડ-મુંબઈ, હૈદ્રાબાદ, આકોલા (મહારાષ્ટ્ર), કલકત્તા (બડા બજાર), ચેન્નાઈ, કલકત્તા (ભવાનીપુર), દાદાનગર (ઝારખંડ), ગદક (કર્ણાટક), મુલુંડ (મુંબઈ), ડોંબીવલી-ઈ, પંચગીની, બેંગ્લોર, હૈદ્રાબાદ (તેલંગણા)માં ચાતુર્માસ કરીને આ વર્ષે ૨૦૨૩માં ઈંદોર મધ્ય પ્રદેશમાં ચાતુર્માસ કરનાર હોવાનું પૂ. નરેશમુનિ પ્રેરિત વ્યસનમુક્તિ અભિયાનના શ્રી દિનેશભાઈ શાહે જણાવેલ

## શ્રદ્ધાંજલિ





**સ્વ. રમેશચંદ્ર ઝવેરીલાલ શાહ** — દેહવિલય : તા. ૪-૩-૧૯૯૨

**સ્વ. ભાગ્યવંતીબેન રમેશચંદ્ર શાહ** — દેહવિલય : તા. ૨૪-૨-૨૦૦૮

ધુલિયા (ભુજ)

•

**આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,**
**સ્મરણ તમારું થાય છે અમને, મન મૂકીને રડાવે છે અમને.**

•

**લિ. પુત્ર : જયેશ, નિતેશ * પુત્રવધૂ : નિરૂપા, શીતલ**
**પૌત્ર - પૌત્રવધૂ : દિપેશ - ઝીલ, દર્શન, દેવ * પૌત્રી : શીખા**
**શાહ એન્ટરપ્રાઈઝ (ધુલિયા-જલગાંવ) * વ્હી. એન. એન્ટરપ્રાઈઝ (મુંબઈ)**



## પુત્ર જન્મ

**અ.સૌ. દિવ્યા ગૌરવ ફોફરીયા**
મુલુંડ (ભુજપુર), તા. ૬-૧-૨૦૨૩

## પાછા આવેલ અંકોની યાદી

**ઑક્ટોબર-૨૦૨૨**
સંજય ચંદ્રકાંત શાહ - ભાંડુપ*
**ડિસેમ્બર ૨૦૨૨**
સુનિલ જયંતીલાલ મહેતા - ઘાટકોપર
**જાન્યુઆરી-૨૦૨૩**
રંજન એમ. વોરા - શાંતાક્રુઝ
ચંદુલાલ સી. શાહ - કર્નુલ
નરેન્દ્ર અમૃતલાલ શાહ - મુંબઈ
અતુલ બી. મહેતા - ચેન્નાઈ*
મનીષ જગદીશ શાહ - વડોદરા
દિનેશ ભોગીલાલ ગાંધી - બેંગ્લોર
રોહિત ભગવાનજી સંઘવી - બેંગ્લોર
લીલા જયસુખલાલ મહેતા - ઘાટકોપર
ચમનલાલ મણીલાલ સંઘવી - ઘાટકોપર
રાજેન મણીલાલ શાહ - સુરત
ધનેશચંદ્ર નેમીદાસ શાહ - ઘાટકોપર*
વિપુલ નાનાલાલ શાહ - સુરત

**નોંધ : જે સભ્યોના અંકો ત્રણથી વધુ વાર પાછા આવે છે, તેમને અંકો મોકલવાનું બંધ કરવામાં આવે છે અને નવું સરનામું મળ્યા બાદ ફરી શરૂ કરવામાં આવે છે.**

# સંસાર ચક્ર

## શ્રદ્ધાંજલિ

**હંસાબેન જગજીવન હરખચંદ શાહ**
ઉ.વ.૭૦,ભુજોડી(અંગિયા), તા.૨-૧-૨૦૨૩
**રાજેન્દ્રભાઈ ભગવાનજી લાલન**
ઉ. વ. ૭૪, વાપી (માંડવી), તા.૫-૧-૨૦૨૩
**હસમુખભાઈ મલુકચંદ બેચરભાઈ મહેતા**
ઉ.વ.૭૮,માધાપર(નખત્રાણા), તા.૬-૧-૨૩
**યશવંતલાલ ધનજીભાઈ મોરારજીભાઈ સંઘવી**
ઉ. વ. ૮૩, માંડવી (મુંદ્રા), તા.૭-૧-૨૦૨૩
**મગનભાઈ મોતીચંદ સંઘવી**
ઉ.વ. , અમદાવાદ, તા.૧૪-૧-૨૦૨૩
**શશિકાંતભાઈ ભોગીલાલ ભણસાલી**
ઉ.વ.૮૩,બંગલોર(અંજાર),તા.૧૫-૧-૨૩
**હિનાબેન વર્ધમાનભાઈ કાનજીભાઈ મહેતા**
ઉ.વ.૫૦, ભાંડુપ (વિથોણ),તા. ૧૫-૧-૨૩
**ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ**
ઉ.વ. ૯૦, વડોદરા (માંડવી),તા.૧૮-૧-૨૩
**કમળાબેન પોપટલાલ દેવચંદ શાહ**
ઉ.વ.૯૦, ભુજપુર (માંડવી),તા.૧૯-૧-૨૩
**જસવંતીબેન નવિનચંદ્ર ચુનીલાલ શાહ**
ઉ.વ.૮૧,મુલુંડ (ભુજ), તા. ૨૫-૧-૨૦૨૩
**નરેશકુમાર જેઠાલાલ દેવચંદ શાહ**
ઉ.વ.૬૭, ભુજ (અંજાર),તા. ૨૫-૧-૨૩
**ધનવંતીબેન વાડીલાલ દેવચંદ મહેતા**
ઉ. વ. ૭૧, ભુજ, તા. ૨૪-૧-૨૦૨૩
**રંજનબેન પ્રતાપકુમાર નારાણજી શાહ / લાલન**
ઉ.વ.૮૩, કાંદિવલી(માંડવી), તા.૨૭-૧-૨૩
**ઉર્મિલાબેન શાંતિલાલ વછરાજ દોશી**
ઉ.વ.૭૭, વડાલા (અંજાર), તા.૨૭-૧-૨૩
**મનસુખભાઈ અમૃતલાલ છગનલાલ શાહ**
ઉ. વ. ૮૦, માંડવી, તા. ૨૮-૧-૨૦૨૩
**લીલાવંતી લક્ષ્મીચંદ નાગજી શેઠ**
ઉ.વ.૮૭,મોટા કાંડાગરા,તા. ૩૦-૧-૨૦૨૩

## ભારતભરના કચ્છી ગુર્જર જૈન સમાજો, પેટા સમાજો અને સંસ્થાઓ જોગ...

સમસ્ત કચ્છી ગુર્જર જૈન જ્ઞાતિબંધુઓનો 'કચ્છ ગુર્જરી' માટેનો પ્રેમ, ચાહત અને લાગણીને સાર્થક કરવા ભારતભરના કચ્છી ગુર્જર જૈન સમાજો, પેટા સમાજો અને સંસ્થાઓનો સક્રિય સહકાર પણ જરૂરી છે. આપની સંસ્થા દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલ નિયમિત રીતે અમને મોકલાવશો તો દેશભરના વિવિધ શહેરોમાં તેમજ વિદેશ વસતા આપણા જ્ઞાતિબંધુઓને તેની જાણકારી મળતી રહેશે, જેને કારણે આપણે એકબીજાથી વધુ નજીક આવશું. આપના સભ્યોના કુટુંબોમાં થતાં જન્મ, વેવિશાળ, લગ્ન, દેહવિલય વગેરે સમાચારો પણ મોકલી શકો છો.

**'કચ્છ ગુર્જરી'માં મોકલવાની રકમ આપ NEFT / RTGS દ્વારા મોકલી શકશો.**
**તે માટેની જરૂરી વિગતો નીચે પ્રમાણે છે.**

A/c Name : Kutch Gurjari
Bank Name : The Greater Bombay Co-operative Bank Limited.
Branch : Wadala Branch
Branch Address : 198, D. S. Barretto Road, Wadala West, Mumbai 400031.
IFSC Code : GBCB0000003 * A/c No : 30201448203
**Request : Please forward payment details by email - (kutchgurjari@gmail.com) or WhatsApp 9322880555. Thanks.**

**અગત્યનું :** NEFTથી મોકલેલ રકમોની વિગતો બેંક સ્ટેટમેન્ટમાં અધૂરી હોય છે અથવા આવતી જ નથી. માટે આપ જ્યારે પણ NEFTથી રકમ મોકલાવો તો તેની પૂર્ણ વિગત સ્ક્રીનશોટ અથવા લખીને WhatsApp દ્વારા ૯૩૨૨૮૮૦૫૫૫ પર અથવા ઈ-મેઈલ દ્વારા kutchgurjari@gmail.com ભૂલ્યા વગર મોકલાવશો, જેથી રકમ આપના નામ પર જમા કરી શકીએ તેમજ **આપનો પેનકાર્ડ નંબર જરૂરથી મોકલાવવો.**

**આ અંકના સૌજન્યદાતા : માતુશ્રી ભાગ્યવંતીબેન પ્રભુલાલ નાનાલાલ શાહ પરિવાર, વડોદરા (માંડવી)**

VEEKAY
diamonds | jewellery | precious stones



| VEEKAY DIAMANTS | RAMANKANT & CO. | KAMLESH DIAMOND CO. | VEEKAY JEWELS BVBA | VARUNDIAM |
|---|---|---|---|---|
| Mumbai | Chennai | Bangalore | Antwerpen, Belgium | Antwerpen, Belgium |
| +91 22 4056 5454 | +91 44 4276 1121 | +91 80 2226 5712 | +323 2342469 | +323 2342469 |

FOR TRADE ENQUIRY CONTACT - MS. ZARANA SONI | **M:** +91 99305 23766 **T:** +91 22 4056 5454 **E:** zarana@veekaydiamants.net
DC 4101, Bharat Diamond Bourse, Bandra Kurla Complex, Mumbai - 400 051

KUTCH GURJARI (MONTHLY)
Postal Registered No. MNE/198/2022-24
Posted at patrika Channel Sorting Office, Mumbai 400001

Registered with Registrar of Newspapers under RNI No. 43685/85
Published 10th of every Month
Posting Date : 10 & 11th of every Month

Licenced to Post Without Prepayment / Licence No. MR/TECH/WPP-80/NE/2022-24

શાહ પ્રીતમલાલ ખીમજી પરિવારના સૌજન્યથી

TK Texknit HOUSE

કોઈની લાગણી સાથે
ક્યારેય રમત ના રમતા સાહેબ,
રમત તો તમે જીતી જશો પણ
એ વ્યક્તિને ખોઈ દેશો.

Jini Knits

JINI KNITS FABRICS

શુભેચ્છકઃ
શ્રીમતી નિરૂપમા નરેન્દ્ર શાહ

**KUTCH GURJARI**
C/o. Dr. Mahendra B. Shah
B-1, Shrenik Nagar, Amrut Nagar, Ghatkopar (W), Mumbai-400 086.

**Printed, Published and edited by :**
Dr. Mahendra B. Shah on behalf of Kutchi Gurjar Jain Sanskrutik Sangam (Trust),
Published from B-1, Shrenik Nagar, Amrut Nagar, Ghatkopar (W), Mumbai-400 086 and printed at Art Home, 12, Umesh Shantaram Salunke Marg, Ghodapdeo, Mumbai - 400 033. Editor : Dr. Mahendra B Shah